उन्नति

# વિચાર

વર્ષ ૯ અંક ૪ ઓક્ટોબર – ડિસેમ્બર, ૨૦૦૪

**અનુક્રમ**

**સંપાદકીય** ૧

**વિકાસલક્ષી મુદ્દાઓ** ૨
રાષ્ટ્રીય આદિવાસી નીતિઃ કેટલાક પ્રશ્નો

**આપના માટે**
મધ્યાહ્ન ભોજન યોજનાઃ ગ્રામ પંચાયતની સામેલગીરીનો પ્રયાસ ૯

શહેરી સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓમાં પક્ષપલટા-વિરોધી કાનૂન ૧૪

**આપણી વાત**
એકાકી નારીઓની મુસીબતોમાં વધારો ૧૬

**સાંપ્રત પ્રવાહ અને આગામી કાર્યક્રમ** ૨૨

**સંદર્ભ સાહિત્ય** ૨૬

**અમારા વિશે** ૩૦

**સંપાદક ટીમ**
દીપા સોનપાલ
હેમન્તકુમાર શાહ
બિનોય આચાર્ય

વાર્ષિક લવાજમઃ રૂ.૨૫/- ડ્રાફ્ટ કે મની ઓર્ડર 'ઉન્નતિ' વિકાસ શિક્ષણ સંગઠનના નામે મોકલવા.

**ફક્ત અંગત વિતરણ માટે**

## સંપાદકીય

### સામાજિક નિગરાનીઃ આપણી ફરજ

લોકશાહી અને વિકાસને સીધો સંબંધ છે એમ અનેક આર્થિક અને સામાજિક સંશોધનો પછી સાબિત થયેલું છે. લોકશાહી શાસન વ્યવસ્થા એ રીતે વિકાસને પોષક છે એમ ચોક્કસ કહી શકાય. પરંતુ લોકશાહી શાસન વ્યવસ્થામાં પણ લોકો કેન્દ્રમાં હોવા જોઈએ, ખાસ કરીને સમાજના વંચિત અને છેવાડે રહી ગયેલા વર્ગો શાસન વ્યવસ્થામાં ભાગીદાર થવા જોઈએ. વિકાસનાં ફળ આ વર્ગોને પ્રાપ્ત થતાં નથી તેનું એક અગત્યનું કારણ એ છે કે લોકશાહીમાં પણ શાસનની સંસ્થાઓ આ વર્ગોને વિકાસની પ્રક્રિયામાં સામેલ કરતી નથી. આથી શાસકો અને શાસિતો એવા બે વર્ગ પડી જાય છે અને શાસન એક અલગ પ્રક્રિયા તરીકે કામ કરે છે. શાસન લોકો માટે છે એ ખ્યાલ લોકશાહીનો મધ્યવર્તી ખ્યાલ છે અને તેથી શાસનની પ્રક્રિયા લોકકેન્દ્રી બને એ અત્યંત આવશ્યક છે. આ સંદર્ભમાં 'નેશનલ સોશ્યલ વોચ કોએલિશન' આ માટે ભારતમાં એક પ્રયાસ કરી રહ્યું છે. તે નાગરિક સમાજનાં સંગઠનો, નાગરિકો અને સમુદાયોનું એક નેટવર્ક છે કે જે સામાજિક વિકાસના લક્ષ્યાંકો વિશેની શાસનની કામગીરી ઉપર દેખરેખ રાખવાની પ્રક્રિયા વેગવાન બનાવે છે. શાસકો જે વચનો આપે છે તે પાળે છે કે નહિ અને શાસનની સંસ્થાઓ નાગરિકોના વિકાસ માટે તથા લોકશાહી મૂલ્યો માટે પ્રતિબદ્ધ રહે છે કે નહિ તે તપાસવાનું કામ તે કરી રહ્યું છે.

કારોબારી, ન્યાયતંત્ર, સંસદ અને સ્થાનિક સ્વશાસનની સંસ્થાઓની કામગીરી અને કાર્યક્ષમતા ઉપર દેખરેખ રાખવાનો અભિગમ તે અપનાવે છે. અધિકારો, વિકાસ, સ્વતંત્રતા અને સલામતી જેવાં મૂળભૂત આર્થિક અને સામાજિક મૂલ્યોની જાળવણી શાસનની સંસ્થાઓ દ્વારા થાય છે કે કેમ તે જોવાનું કામ તે કરે છે. આ કામના ભાગરૂપે એક વાર્ષિક અહેવાલ તૈયાર કરવામાં આવે છે. આ પ્રક્રિયા તો જ મજબૂત અને સફળ થાય જો લોકો સક્રિય અને સ્વૈચ્છિક રીતે સ્થાનિક સ્તરે શાસનને મજબૂત બનાવે. નાગરિકો માત્ર મતદારો ના બની રહે પરંતુ સક્રિય હિતધારકો બને એ આ પ્રક્રિયાની માંગ છે. નાગરિક સમાજનાં સંગઠનોએ માત્ર વિકાસની પ્રક્રિયાને લોકો સુધી લઈ જવાનું કામ કરવાનું છે એવું નથી પણ શાસનની સંસ્થાઓ લોકો માટે અને ખાસ કરીને વંચિતો અને રહિતો માટે કેટલું અને કેવું કામ કરે છે તે જોવાની જવાબદારી પણ સક્રિય રીતે નિભાવવાની છે કારણ કે શાસન વ્યવસ્થાનું અસ્તિત્વ માત્ર આંતરિક અને બાહ્ય ભૌતિક સલામતી જાળવવાનું નથી, પણ સમાજના વંચિત વર્ગોનો વિકાસ કરવાનું અને તેમાં તેમને ભાગીદાર બનાવવાનું તથા શાસનને તેમના સુધી લઈ જવાનું પણ છે એ એક સ્વીકૃત સામાજિક ધ્યેય બન્યું છે.

# રાષ્ટ્રીય આદિવાસી નીતિ: કેટલાક પ્રશ્નો

ભારત સરકાર દ્વારા આઝાદી પછી પહેલી જ વાર આદિવાસીઓ માટે એક રાષ્ટ્રીય નીતિ ઘડવાનો વિચાર કરાયો છે અને તેનો મુસદ્દો બહાર પડાયો છે. આ મુસદ્દાએ દેશભરમાં વ્યાપક ચર્ચા જન્માવી છે. 'પૂર્વ પટ્ટી વિસ્તાર વિકાસ મંચ' અને 'બિહેવિયરલ સાયન્સ સેન્ટર' દ્વારા ગુજરાતમાં અને દેશમાં અન્ય સંસ્થાઓના સહયોગમાં થયેલી ચર્ચા-વિચારણાનું આ લેખમાં પ્રતિબિંબ પડે છે. આ લેખમાં આ નીતિના મહત્ત્વના મુદ્દા અને તેણે ઊભા કરેલા વિવાદના મુદ્દાઓનો સમાવેશ કરાયો છે. આ લેખ નિશ્ચિત તારણ પર આવતો નથી પણ ઉદ્‌ભવેલી ચર્ચાને ઉજાગર કરે છે.

### પ્રસ્તાવના

ભારતમાં અનુસૂચિત જનજાતિઓ એટલે કે આદિવાસીઓ આઝાદી પછીની વિકાસની પ્રક્રિયામાં છેડે રહી ગયેલા વર્ગો છે. દેશમાં જે કંઈ આર્થિક વિકાસ થયો છે તે તેમને સ્પર્શ્યો નથી, અથવા તો એ ઘણો ઓછો સ્પર્શ્યો છે. આ સંદર્ભને ધ્યાનમાં રાખીને ભારત સરકારે 'રાષ્ટ્રીય આદિવાસી નીતિ' બહાર પાડવાનું વિચાર્યું છે અને તે અંગેનો એક મુસદ્દો તૈયાર કર્યો છે. આ મુસદ્દા વિશે દેશભરમાં અત્યારે ચર્ચા થઈ રહી છે.

૨૦૦૧ની વસ્તી ગણતરી અનુસાર ભારતની કુલ ૧૦૦ કરોડની વસ્તીમાં ૬.૭૮ કરોડ લોકો એટલે કે ૮.૦૮ ટકા લોકો આદિવાસીઓ છે. ચંડીગઢ, દિલ્લી, હરિયાણા, પોંડીચેરી અને પંજાબ જેવાં રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોને બાદ કરતાં દેશનાં બાકીનાં તમામ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં ૬૯૮ જેટલી અનુસૂચિત જનજાતિઓ છે. ઓરિસ્સામાં સૌથી વધુ ૬૮ અનુસૂચિત જનજાતિઓ છે. બંધારણની કલમ-૩૪૨ અન્વયે ભારતના રાષ્ટ્રપતિ દ્વારા અનુસૂચિત જનજાતિઓને જાહેર કરવામાં આવે છે. ૧૯૫૦માં આવું પહેલું જાહેરનામું બહાર પાડવામાં આવ્યું હતું. રાષ્ટ્રપતિ કોઈ જાતિને અનુસૂચિત જનજાતિ તરીકે જાહેર કરતાં પહેલાં તે જાતિનાં આદિ જાતિ તરીકેનાં લક્ષણો, ભિન્ન સંસ્કૃતિ, સામાન્ય લોકોથી વધારે શરમાળપણું, ભૌગોલિક અલગાવ અને સામાજિક-આર્થિક પછાતપણું લક્ષમાં લે છે. ૬૯૮ અનુસૂચિત જનજાતિઓમાંથી ૭૫ને આદિમ જાતિ જૂથો તરીકે ઓળખી કઢાયાં છે, કારણ કે તેઓ અન્ય જનજાતિઓ કરતાં વધારે પછાત છે. તેઓ અર્થતંત્રના ખેતી પૂર્વેના યુગમાં હજુ પણ જીવે છે અને તેમનામાં સાક્ષરતાનો દર ખૂબ નીચો છે. તેમની વસ્તી સ્થિર છે અથવા ઘટી રહી છે.

ભારત સરકાર દ્વારા 'રાષ્ટ્રીય આદિવાસી નીતિ'નો જે મુસદ્દો જારી કરાયો છે તેમાં આદિવાસીઓના વિકાસ વિશેનાં વિવિધ પાસાં વણી લેવાયાં છે. રાષ્ટ્રીય નીતિ એ બાબત પિછાણે છે કે બહુમતી અનુસૂચિત જનજાતિઓ ગરીબીની રેખા નીચે જીવે છે, નીચો સાક્ષરતા દર ધરાવે છે, અપોષણથી અને રોગોથી પિડાય છે અને વિસ્થાપિત થાય તેમ છે. તેમાં એ બાબતનો સ્વીકાર પણ કરાયો છે કે અનુસૂચિત જનજાતિઓ કેટલીક બાબતોમાં દેશજ જ્ઞાન અને શાણપણના ભંડાર ધરાવે છે. રાષ્ટ્રીય નીતિ નક્કર રીતે આમાંની એકેએક સમસ્યાના ઉકેલનું લક્ષ્ય ધરાવે છે. તે આદિવાસીઓના સાંસ્કૃતિક વારસાનાં જતન અને પ્રોત્સાહન માટે લેવાનારાં પગલાં પણ જણાવે છે.

જો કે, આદિવાસીઓ વચ્ચે કામ કરનારાં વિવિધ બિન-સરકારી સંગઠનો અને તેમના નેતાઓ આ નીતિ વિશે જુદાં જુદાં મંતવ્યો ધરાવે છે. આ મંતવ્યોમાં એક મંતવ્ય એ છે કે આ નીતિનો વિરોધ કરવો જોઈએ અને તેને ફગાવી દેવી જોઈએ. બીજું એક મંતવ્ય એવું છે કે પહેલી જ વાર આ નીતિ ઘડાઈ છે ત્યારે એને આવકારીને એમાં જે કંઈ સુધારા કરવા જરૂરી હોય તે સૂચવવા જોઈએ.

### નીતિનો મુસદ્દો

ભારત સરકારે 'રાષ્ટ્રીય આદિવાસી નીતિ'નો જે મુસદ્દો ઘડ્યો છે તેમાં જે મહત્ત્વના મુદ્દા છે તે નીચે મુજબ છે:

આ નીતિ આદિવાસીઓને, તેમની ભિન્ન સંસ્કૃતિમાં વિક્ષેપ પાડ્યા વિના, તેમના સર્વાંગી વિકાસ માટે બહુપાંખિયા અભિગમ દ્વારા સમાજના મુખ્ય પ્રવાહમાં લાવવા માંગે છે. અનેક કલમો દ્વારા બંધારણે અનુસૂચિત જનજાતિઓના સામાજિક-આર્થિક વિકાસ અને સક્ષમતા માટે જોગવાઈઓ કરી છે. પરંતુ એવી કોઈ રાષ્ટ્રીય નીતિ નથી કે જે આ બંધારણીય જોગવાઈઓને વાસ્તવિકતામાં રૂપાંતરિત કરવામાં મદદરૂપ થઈ શકે. ૧૯૫૨માં નેહરુના પંચશીલ તરીકે પાંચ સિદ્ધાંતો આવ્યા અને તે આદિવાસી બાબતોના વહીવટમાં માર્ગદર્શક બન્યા. તે છે: (૧) આદિવાસીઓને તેમની પ્રતિભા અનુસાર વિકાસ કરવા દેવો જોઈએ. (૨) જંગલ અને જમીન પરના આદિવાસીઓના અધિકારો માન્ય રાખવા જોઈએ. (૩) બહારના

બહુ લોકોની ભરતી કર્યા વિના આદિવાસીઓની ટુકડીઓને વહીવટ અને વિકાસ હાથ ધરવા માટે તાલીમ આપવી જોઈએ. (૪) આદિવાસીઓની સામાજિક અને સાંસ્કૃતિક સંસ્થાઓને વિક્ષેપ પહોંચાડ્યા વિના આદિવાસીઓનો વિકાસ હાથ ધરાવો જોઈએ. (૫) આદિવાસીઓના વિકાસનો આંક તેમના જીવનની ગુણવત્તા હોવો જોઈએ, નહિ કે ખર્ચવામાં આવેલા નાણાં.

નેહરુના પંચશીલના સિદ્ધાંતો સામાન્ય વ્યાપક બાબતો કહેતા હતા અને નિશ્ચિત બાબતોનો તેમાં અભાવ હતો. તેથી ભારત સરકારે આદિવાસીઓના વિકાસને વેગવાન બનાવવા માટે પહેલી જ વાર ઓક્ટોબર-૧૯૯૯માં આદિવાસી બાબતોના મંત્રાલયની રચના કરી. આદિવાસી બાબત મંત્રાલય હવે 'રાષ્ટ્રીય આદિવાસી નીતિ'નો મુસદ્દો જારી કરી રહ્યું છે. આદિવાસી નેતાઓ, સંબંધિત રાજ્યો, વ્યક્તિઓ, જાહેર અને ખાનગી ક્ષેત્રનાં સંગઠનો અને બિન-સરકારી સંગઠનોના પ્રતિભાવોને આધારે મંત્રાલય આ નીતિને આખરી ઓપ આપશે.

## ૧. વૈધિક શિક્ષણ

આદિવાસીઓને શિક્ષણના લાભો પહોંચાડવા માટે રાષ્ટ્રીય નીતિ આ બાબતો પર ધ્યાન આપશેઃ

(૧) માનવ સંસાધન વિકાસ મંત્રાલય દ્વારા ચલાવાતા 'સર્વ શિક્ષા અભિયાન'ના રાષ્ટ્રીય કાર્યક્રમમાં આદિવાસીઓનો સમાવેશ કરવામાં આવે.

(૨) જે વિસ્તારોમાં શાળાઓ અને છાત્રાલયોની સવલતો નથી ત્યાં તે ખોલવામાં આવે.

(૩) શિક્ષણને પૂરક પોષણની જોગવાઈ સાથે સાંકળવામાં આવે.

(૪) નાણાકીય સહાય, ખિસ્સા ખર્ચી, પાઠ્ય પુસ્તકો અને ગણવેશનું વિના મૂલ્યે વિતરણ વગેરે જેવાં વિશેષ પ્રોત્સાહનોની જોગવાઈ કરવામાં આવે.

(૫) કમ-સે-કમ પ્રાથમિક શિક્ષણના સ્તર સુધી આદિવાસીઓને તેમની માતૃભાષામાં શિક્ષણ આપવામાં આવે. શિક્ષિત આદિવાસી યુવાનોને જ્યાં શક્ય હોય ત્યાં શિક્ષકો તરીકે નોકરી આપવામાં આવે. શિક્ષણની પદ્ધતિ પ્રસ્તુત બનાવવામાં આવે કે જેથી આદિવાસીઓને તે પરદેશી ના લાગે.

(૬) અભ્યાસક્રમ અને તેને આનુષંગિક બાબતોમાં એવાં પાસાંનો સમાવેશ થવો જોઈએ કે જેથી આદિવાસી બાળકોની કુશળતામાં વધારો થાય. કુશળતા વધારવા માટે અભ્યાસક્રમમાં આદિવાસી રમતો, ધનુર્વિદ્યા, તબીબી મૂલ્યો ધરાવતા છોડવાની ઓળખ, હસ્તકલા અને સંસ્કૃતિ, લોકનૃત્યો અને લોકગીતો, લોક ચિત્રકલા વગેરેનો સમાવેશ થવો જોઈએ, વ્યવસાયી શિક્ષણ ઉપર ભાર મૂકવામાં આવે, વનવિદ્યા, બાગાયત, ડેરી ઉદ્યોગ, પશુપાલન જેવા વિષયોના અભ્યાસ માટે પોલીટેકનિક્સ સ્થાપવામાં આવે.

## ૨. પરંપરાગત શાણપણ

રાષ્ટ્રીય નીતિ એમ ઈચ્છે છે કેઃ

(૧) આદિવાસીઓનાં પરંપરાગત જ્ઞાન અને શાણપણનું જતન કરવામાં આવે, તેમને પ્રોત્સાહન આપવામાં આવે અને તેમનું દસ્તાવેજીકરણ કરવામાં આવે.

(૨) પરંપરાગત શાણપણનાં ક્ષેત્રોમાં આદિવાસી યુવાનોને તાલીમ આપવા એક કેન્દ્રની સ્થાપના કરવામાં આવે.

(૩) નમૂનાઓ દ્વારા તેવાં જ્ઞાન અને શાણપણનો પ્રચાર-પ્રસાર કરવામાં આવે અને યોગ્ય સ્થળોએ તે પ્રદર્શિત કરવામાં આવે.

(૪) આવાં જ્ઞાન અને શાણપણને બિન-આદિવાસી વિસ્તારોમાં તબદીલ કરવામાં આવે.

## ૩. આરોગ્ય

રાષ્ટ્રીય નીતિ આધુનિક આરોગ્ય સંભાળ વ્યવસ્થાને પ્રોત્સાહન આપવા માગે છે અને આયુર્વેદ તથા સિદ્ધ જેવી ભારતીય તબીબી વ્યવસ્થાઓનું આદિવાસી વ્યવસ્થા સાથે સંયોજન કરવા માંગે છે. રાષ્ટ્રીય નીતિ ઈચ્છે છે કેઃ

(૧) આદિવાસી વિસ્તારોમાં ગ્રામ આરોગ્ય કાર્યકરો, સહાયક દાયણ અને પ્રાથમિક આરોગ્ય કેન્દ્રની ત્રિસ્તરીય વ્યવસ્થાના વિસ્તરણ સાથે એલોપથી તબીબી વ્યવસ્થા મજબૂત બને.

(૨) આદિવાસી વસ્તી વધે તેમ તેમ હોસ્પિટલોની સંખ્યા વધારવામાં આવે.

(૩) વિવિધ આદિવાસી વિસ્તારોમાં જે ઉપાયો કરાતા હોય તેમની ખરાઈ ચકાસવી અને પ્રમાણિત કરવી.

(૪) આદિવાસીઓની પરંપરાગત દવાઓને પ્રોસ્તાહન આપવું, તેમનું દસ્તાવેજીકરણ કરવું અને પેટન્ટ લેવા.

(૫) ઔષધીય છોડવાની ખેતીને પ્રોત્સાહન આપવું, તેમની મૂલ્ય વૃદ્ધિ માટે વ્યૂહરચનાઓ ઘડવી અને તે માટે યુવાનોને તાલીમ આપવી.

(૬) આદિવાસી વિસ્તારોમાં સેવા માટે લાયકાત ધરાવતા આદિવાસી તબીબોને પ્રોત્સાહન આપવું.

(૭) નિયમિત પ્રશિક્ષણ કમ અભિમુખતા અભ્યાસ કાર્યક્રમો દ્વારા આદિવાસી ગ્રામ આરોગ્ય માર્ગદર્શકોના એક મજબૂત દળની રચનાને પ્રોત્સાહન આપવું.

(૮) આરોગ્યની સેવાઓની પહોંચ વધે અને ઉપયોગ વધે તે માટે જે તે વિસ્તારને લગતી વ્યૂહરચનાઓ ઘડવી જોઈએ.

(૯) આદિવાસીઓને થતા રોગો વિશે સંશોધન થાય અને કાર્યક્રમો આરંભાય.

(૧૦) યુદ્ધના ધોરણે રોગચાળો દૂર થાય.

## ૪. વિસ્થાપન અને પુનસ્થાર્પન

'રાષ્ટ્રીય આદિવાસી નીતિ' આદિવાસી લોકોના વિસ્થાપનને લઘુતમ રાખવા માગે છે અને વિસ્થાપન સિવાયના કે ઓછા વિસ્થાપનના વિકલ્પો હોય જ નહિ ત્યારે જ વિસ્થાપન થાય તેમ ઈચ્છે છે. અનુસૂચિત જનજાતિના લોકોને વ્યાપક હિતમાં વિસ્થાપિત કરવાનું જરૂરી જ બની જાય ત્યારે વિસ્થાપિતોને વધારે સારું જીવનધોરણ પૂરું પાડવું જોઈએ. રાષ્ટ્રીય નીતિ તેથી જ્યારે આદિવાસીઓનું પુનર્વસન કરવામાં આવે ત્યારે નીચે મુજબની માર્ગરેખાઓનું પાલન કરવામાં આવે તેમ ઈચ્છે છેઃ

(૧) જ્યારે વિસ્થાપન અનિવાર્ય બની જાય ત્યારે વિસ્થાપિત થનારા જમીન ધરાવનારા દરેક આદિવાસી પરિવારને જમીનની સામે જમીન આપવામાં આવે. ઓછામાં ઓછી બે હેક્ટર જેટલી ખેડાણલાયક જમીન એક પરિવાર (પતિ-પત્ની અને તેમનાં અપરણિત બાળકો) માટે જરૂરી અને ઈચ્છનીય છે.

(૨) પોતાના મૂળ પર્યાવરણમાં માછીમારીના અધિકારો ધરાવતા આદિવાસી પરિવારોને નવા સરોવરમાં કે અન્ય કોઈ વૈકલ્પિક જગ્યાએ માછીમારીના અધિકારો આપવા જોઈએ.

(૩) મૂળ વસાહત ખાતે અનામતના જે લાભો મળતા હોય તે લાભો પુનસ્થાર્પનના વિસ્તારોમાં પણ ચાલુ રહેવા જોઈએ.

(૪) વન પેદાશો ઉપરના પરંપરાગત અધિકારો અને માલિકી અધિકારોના નુકસાન સામે આશરે દોઢ વર્ષનું લઘુતમ ખેતમજૂર વેતન વધારાની નણાકીય સહાય તરીકે તેમને આપવું જોઈએ.

(૫) વિસ્થાપિત થયેલા તમામ લોકોને એક જૂથ તરીકે તેમના પ્રાકૃતિક પર્યાવરણની નજીક પુનસ્થાર્પિત કરવા જોઈએ કે જેથી તેઓ તેમની વંશીય, ભાષાકીય અને સામાજિક-સાંસ્કૃતિક ઓળખ જાળવી શકે, અને સંબંધોનું જાળું તથા પારસ્પરિક ફરજો નિભાવી શકે.

(૬) સામાજિક અને ધાર્મિક સમારંભો માટે જમીન વિના મૂલ્યે પૂરી પાડવામાં આવે.

(૭) જિલ્લા કે તાલુકાથી બહાર જ પુનસ્થાર્પન શક્ય હોય તો નાણાકીય સંદર્ભમાં તેમને ખાસ્સું ઊંચું વળતર અપાવું જોઈએ.

(૮) જ્યારે ખૂબ મોટી સંખ્યામાં આદિવાસીઓનું વિસ્થાપન થવાનું હોય ત્યારે નવાં સ્થળોએ તમામ પાયાની લઘુતમ સવલતો તેમને પૂરી પાડવી જોઈએ. તેમાં રસ્તાઓ અને ગલીઓ, વીજળી, ગટર વ્યવસ્થા અને સફાઈ, પીવાનું પાણી, શિક્ષણ અને આરોગ્ય સંભાળની સવલતો, વાજબી ભાવની દુકાનો, કોમ્યુનિટી હોલ અને પંચાયત ઘર જેવી સવલતોનો સમાવેશ થાય છે.

## ૫. વન્ય ગામો

રાષ્ટ્રીય નીતિ એમ સૂચવે છે કે બળપૂર્વકનું કોઈ પણ વિસ્થાપન ટાળવું જોઈએ. મનુષ્યો વધારે સારી તકો મળતાં આપમેળે જ નવાં સ્થળોએ જાય છે. વન્ય ગામોનો મહેસૂલી ગામોની જેમ જ વિકાસ કરી શકાય છે કે જેથી એ ગ્રામવાસીઓને મહેસૂલી ગામોમાં જે જે લઘુતમ સુવિધાઓ અને સેવાઓ મળે છે તે તેમને પણ મળે. રાષ્ટ્રીય નીતિ તેથી એમ ઈચ્છે છે કેઃ

(૧) વન્ય ગામોના ગ્રામજનોને શિક્ષણની અને આરોગ્યની સવલતો, વીજળી અને સંચાર, રસ્તા અને એવી બીજી સુવિધાઓ પૂરી પડાવી જોઈએ.

(૨) જાહેર વિતરણ વ્યવસ્થા અને 'અનાજ બેંક' અન્નની સમસ્યા ટાળવા માટે સ્થપાવી જોઈએ.

(૩) ખેતી અને પશુપાલનની આધુનિક તકનિકી દાખલ કરવામાં આવે કે જેથી વન્ય ગામોના ગ્રામજનો તેમનું ઉત્પાદન, આવક અને આર્થિક ધોરણ ઊંચું લઈ જઈ શકે.

(૪) આવક સર્જનની સક્ષમ પરિયોજનાઓ માટે સાહસિકોને બેંકો અને અન્ય નાણાં સંસ્થાઓ તરફથી લોન આપવામાં આવે.

(૫) સંયુક્ત વન સંચાલનમાં ભાગીદાર થવાની આદિવાસીઓને તક પૂરી પાડવામાં આવે અને વન સંબંધિત મહત્ત્વની કામગીરીઓ માટે સહકારી મંડળીઓ અને કંપનીઓ રચવા માટે તેમને પ્રોત્સાહન આપવામાં આવે.

(૬) વન વિસ્તારોની અંદર અને આસપાસ સંકલિત વિસ્તાર વિકાસ કાર્યક્રમો હાથ ધરવા જોઈએ.

(૭) ગૌણ વન પેદાશોના રક્ષણ, પુનર્સર્જન અને એકત્રીકરણ માટેના આદિવાસીઓના અધિકારો માન્ય રાખવામાં આવે અને આવી પેદાશોના વેચાણ માટે સંસ્થાગત વ્યવસ્થાઓ કરવામાં આવે.

(૮) આદિવાસી વિકાસ સહકારી નિગમ, મોટા કદની બહુહેતુક સહકારી મંડળી અને વન વિકાસ સહકારી મંડળીઓ જેવી સહકારી મંડળીઓમાં વચેટિયાઓ દ્વારા થતું શોષણ નિવારવાના પ્રયાસો કરવા જોઈએ. તે માટે ખેતપેદાશો સિવાયની પેદાશો માટે કરાય છે તેમ લઘુતમ ટેકાના ભાવ દાખલ કરવા જોઈએ.

## ૬. ખેતીની જમીનની ફેરબદલી

ખેતી માટે જમીનની ફેરબદલીની સમસ્યાના સામના માટે રાષ્ટ્રીય નીતિ નીચે મુજબનાં પાસાં ઉપર ધ્યાન કેન્દ્રિત કરશેઃ

(૧) ગણોત જમીનની વ્યવસ્થામાં સુધારા કરાશે કે જેથી આદિવાસીઓને જમીનની માલિકીના અધિકારો મળે. તેથી તેઓ જમીન અને ફળદ્રુપતાના ધોવાણને અટકાવવા માટે

તેમની શક્તિ અને સંસાધનોનું રોકાણ કરશે. અત્યાર સુધી તેની અવગણના થઈ છે કારણ કે જમીનની માલિકી કોઈની નહોતી પરંતુ દરેક જણ તેનું શોષણ કરતું હતું.

(૨) કૃષિ વિજ્ઞાનીઓને ખેડાણ માટે જમીનની ફેરબદલી પર ધ્યાન કેન્દ્રિત કરવા અને ઉત્પાદન વધારવા માટે સાનુકૂળ તકનિકી ઊભી કરવા કહેશે.

(૩) જેઓ ખેતી માટે જમીન બદલે છે તેમને જાહેર વિતરણ વ્યવસ્થા અને અનાજ બેંક દ્વારા પૂરતા અન્ન પુરવઠાની ખાતરી આપવી જોઈએ.

(૪) વૈકલ્પિક આર્થિક વ્યૂહરચનાઓ વિશે આદિવાસીઓને સંવેદનશીલ બનાવવા માટે તાલીમ અને વિસ્તરણના કાર્યક્રમો યોજવામાં આવશે કે જેથી તેઓ જમીનની ફેરબદલી કરવાની ખેતીની પદ્ધતિમાંથી બહાર આવે.

## ૭. જમીનથી અલગાવ

અનુસૂચિત જનજાતિના લોકોને તેમનું પોતાનું સૌથી મહત્ત્વનું સાધન એવી જમીન બિન-આદિવાસીઓને જવા દેવા ફરજ પડાય છે અને એ રીતે તેમનું શોષણ કરવામાં આવે છે. આ વલણને રોકવા માટે રાજ્યો કેટલાક રક્ષણાત્મક કાયદાઓ ધરાવે છે પણ જમીનવિહોણા બનેલા આદિવાસીઓને હજુ પણ તેમની જમીન પાછી મળી નથી. તેમ છતાં, જ્યારે રાજ્યો જળ-વિદ્યુત મથકો, ખાણકામ અને ઉદ્યોગોની વિકાસલક્ષી પરિયોજનાઓ હાથ ધરે છે ત્યારે જુદા જ સ્વરૂપનું ભૂમિ અલગાવ અસ્તિત્વમાં આવે છે. આ વિકાસલક્ષી પ્રવૃત્તિઓ જો આદિવાસીઓને સીધી રીતે કોઈ લાભ આપતી નથી અને તેમને ભૂમિહીન બનાવે છે. રાષ્ટ્રીય નીતિ જમીનથી અલગાવની સમસ્યાનો સામનો આદિવાસીઓ માટે નીચેની રીતે થાય તેમ ઇચ્છે છે: આદિવાસીઓને ગામની જમીનના દસ્તાવેજો પ્રાપ્ત થાય, પંચાયતમાં જમીનના દસ્તાવેજો પ્રદર્શિત કરવામાં આવે, આદિવાસીઓની જમીનના વિવાદોના નિકાલ માટે દસ્તાવેજો ના હોય તો મૌખિક પુરાવાઓને ધ્યાનમાં લેવામાં આવે, આદિવાસીઓની જમીન બિન-આદિવાસીઓને અપાય તે ઉપર રાજ્યો પ્રતિબંધ મૂકે, આદિવાસીઓ અને તેમના પ્રતિનિધિઓને જમીનનાં સર્વેક્ષણોની સાથે સાંકળવામાં આવે, આદિવાસી વિસ્તારોના ગ્રામજનોને ખેડાણ માટે જમીનના પટ્ટા આપવામાં આવે કારણ કે તે સદીઓથી તેમની પાસે છે. જે રાજ્યો વિકાસલક્ષી પરિયોજનાઓ હાથ ધરતાં હોય તેઓ આદિવાસીઓની જમીન યથાવત્ રહે તેની કાળજી રાખે અને જ્યાં તે શક્ય ન હોય ત્યાં પરિયોજના શરૂ થાય તે પહેલાં જ તેમને જમીન ફાળવવામાં આવે.

## ૮. આદિવાસી ભાષાઓ

આદિવાસીઓ દ્વારા બોલવામાં આવતી ભાષાઓને અનુસૂચિત ભાષાઓ ગણવામાં આવતી નથી. બદલાતી શૈક્ષણિક પરિસ્થિતિના સંદર્ભમાં ઘણી આદિવાસી ભાષાઓ લુપ્ત થવાને આરે છે. ભાષા લુપ્ત થવાથી આદિવાસી સંસ્કૃતિ અને ખાસ કરીને તેમની લોક સંસ્કૃતિને વિપરીત રીતે અસર થઈ શકે છે. રાષ્ટ્રીય આદિવાસી નીતિ આ ભાષાઓના જતન અને દસ્તાવેજીકરણનો ઉદ્દેશ ધરાવે છે. પ્રાથમિક સ્તરે શિક્ષણ માતૃભાષામાં જ અપાય તેને પ્રોત્સાહન આપવાની જરૂર છે. આદિવાસી ભાષાઓમાં પુસ્તકો અને અન્ય પ્રકાશનોને પ્રોત્સાહનો આપવાં જોઈએ.

## ૯. આદિમ જાતિ જૂથો

રાષ્ટ્રીય નીતિ આદિમ જાતિ જૂથોની સમસ્યાઓનો સામનો કરવા માટે નીચેનાં પગલાં લેવાનું ધારે છે:

(૧) આદિમ જાતિ જૂથોની સામાજિક પ્રતિષ્ઠા ઊંચી લઈ જવા માટે તેઓ 'આદિમ' છે એવું કલંક દૂર કરાશે.

(૨) નિશ્ચિત સમય મર્યાદામાં તેમને અન્ય અનુસૂચિત જનજાતિઓની સમકક્ષ લાવવા માટે પ્રયાસો કરવામાં આવશે. જે તે આદિમ જાતિ જૂથ માટે અને સ્થાનિક પર્યાવરણને સાનુકૂળ એવા વિકાસલક્ષી પ્રયાસો કરવામાં આવશે.

(૩) અસરકારક પ્રતિરોધાત્મક અને ઉપચારાત્મક આરોગ્ય વ્યવસ્થા દાખલ કરવામાં આવશે.

(૪) રોગને રોકવાની અને સારવારની આદિમ જાતિ જૂથોની પરંપરાગત પદ્ધતિઓ તપાસાશે અને તેમની ખરાઈ કરાશે.

(૫) આદિમ જાતિ જૂથોમાં સાક્ષરતાના નીચા દરની સમસ્યા દૂર કરવા માટે વિસ્તાર અને જરૂરિયાત આધારિત શિક્ષણને કુશળતામાં વધારાની સાથે પ્રાધાન્ય આપવામાં આવશે.

(૬) સર્વ શિક્ષા અભિયાનનો લાભ લઈને ઔપચારિક શાળા પદ્ધતિ મજબૂત કરાશે. તાલીમબદ્ધ આદિવાસી યુવાનોની શિક્ષકો તરીકે ભરતી કરાશે.

(૭) શિક્ષણ આદિવાસીઓની માતૃભાષામાં કે બોલીમાં આપવામાં આવશે.

(૮) આદિમ જાતિ જૂથોની ગરીબીને ધ્યાનમાં લેતાં, શાળાએ જતાં બાળકોને પ્રોત્સાહનો આપવામાં આવશે.

(૯) વ્યવસાયી શિક્ષણ અને તાલીમ ઉપર ભાર મૂકવામાં આવશે.

(૧૦) આદિમ જાતિ જૂથો જમીનનો અધિકાર ભોગવશે. જમીનથી અલગાવનું કોઈ પણ સ્વરૂપ રોકાશે અને ભૂમિહીન આદિમ જાતિ જૂથોને જમીન મળે તેમાં પ્રાથમિકતા આપવામાં આવશે.

(૧૧) અન્નનો નિયમિત પુરવઠો જળવાઈ રહે તે માટે જાહેર વિતરણ વ્યવસ્થા દાખલ કરાશે. કટોકટીના ગાળા દરમ્યાન અન્ન મળી રહે તે જોવા માટે અનાજ બેંકો ઊભી કરવામાં આવશે.

(૧૨) આદિમ જાતિ જૂથોની આર્થિક જરૂરિયાતોને પહોંચી વળવા માટે તેમ જ જંગલો સાથેનાં તેમના લાગણીના સંબંધોને

પોષવા માટે વનોના સંચાલનમાં આદિમ જાતિ જૂથોની સહભાગિતા ઊભી થાય તે જોવાશે.

## ૧૦. અનુસૂચિત જાતિઓ અને અનુસૂચિત વિસ્તારો

અનુસૂચિત જાતિઓ અને અનુસૂચિત વિસ્તારો કલમ-૨૪૪(૧) અને કલમ-૨૪૪(૨) અન્વયે પાંચમી અને છઠ્ઠી અનુસૂચિના સંદર્ભમાં અનુસૂચિત વિસ્તારો અને આદિવાસી વિસ્તારો નક્કી કરવા માટે અપનાવવામાં આવતી વિભાવના અને વ્યૂહરચના વિશે રાષ્ટ્રીય નીતિ નીચે મુજબનાં પગલાં લેવા ધારે છે:

આદિવાસી વિસ્તારોમાં સુશાસન, શાંતિ અને એખલાસ જાળવવા માટેની રાજ્ય સરકારોની નિયમનકારી સત્તાઓ વધુ મજબૂત કરાશે. આદિવાસી સલાહકાર પરિષદો નિયમિત રીતે મળે અને વિકાસલક્ષી કાર્યો ઝડપી થાય તથા જમીનોની નામબદલી પર પ્રતિબંધ લદાય તેના પર ધ્યાન કેન્દ્રિત કરે તે જોવાશે. નાણાંની ધીરધારના કાયદાના અમલ દ્વારા ખાનગી શાહુકારોની દુષ્પ્રથાને ડામવામાં આવશે. જે રાજ્યોમાં આદિવાસી વિસ્તારો છે ત્યાં આદિવાસી સલાહકાર પરિષદો સ્થાપવામાં આવશે અને જે રાજ્યોમાં આદિવાસી વિસ્તારો જાહેર કરાયા નથી ત્યાં પણ આદિવાસીઓ ખાસ્સી સંખ્યામાં હોય તો તે સ્થાપવામાં આવશે. ઈશાન ભારતનાં રાજ્યોમાં સ્વાયત્ત જિલ્લા/પ્રાદેશિક પરિષદોને વધુ મજબૂત બનાવવામાં આવશે. આ પરિષદો ચૂંટાયેલી હશે અને તેમને કાયદો ઘડવાની અને તેનો અમલ કરવાની અને ન્યાયનો વહીવટ કરવાની સત્તાઓ હશે.

## ૧૧. વહીવટ

રાજ્યો અને જિલ્લાઓમાં સંકલિત આદિવાસી વિકાસ સંસ્થાઓ અને સંકલિત આદિવાસી વિકાસ પરિયોજનાઓનું પ્રવર્તમાન વહીવટી તંત્ર કામગીરીની ગુણવત્તાનાં સંદર્ભમાં અને વિકાસના નિર્દેશકોના સંદર્ભમાં યોગ્ય સ્તરનું નથી. રાષ્ટ્રીય નીતિ આ વહીવટી તંત્રને નીચે મુજબનાં પગલાં દ્વારા પુનર્જીવિત કરવા માંગે છે:

(૧) આદિવાસી વહીવટી અધિકારીઓ માટે કૌશલ્યવૃદ્ધિ અભિમુખતા કાર્યક્રમો હાથ ધરવામાં આવશે.

(૨) માળખાગત સવલતોના વિકાસને પ્રાથમિકતા અપાશે કે જેથી અધિકારીઓ તેમની કચેરીની જગ્યાએથી કામ કરે.

(૩) આદિવાસી વહીવટ માટે એવા અધિકારીઓને નીમવામાં આવશે કે જેઓ પૂરતાં જ્ઞાન, અનુભવ અને આદિવાસી સમસ્યાઓ પ્રત્યેની સભાનતા ધરાવતા હશે.

(૪) આદિવાસીઓની સ્થિતિ સુધારવા માટેની યોજનાઓ થતાં સમય લાગે તેથી અધિકારીઓ માટે તેના અમલ સાથે સુસંગત હોય તેવો તેમનો સમયગાળો નક્કી કરાશે.

## ૧૨. સમાયોજન

આદિવાસીઓને દેશના મુખ્ય પ્રવાહમાં લાવવા માટે રાષ્ટ્રીય નીતિ ઈચ્છે છે કે - (૧) આદિમ લક્ષણો ધરાવતાં આદિવાસી જૂથોની ઓળખ પ્રાથમિકતાને ધોરણે કરવામાં આવશે. (૨) જનજાતિની વિશિષ્ટ સંસ્કૃતિ તેમની લોકકલા, લોકસાહિત્ય, પરંપરાગત હસ્તકલાઓ અને મૂલ્યોમાં વ્યક્ત થાય અને તેમનું જતન કરવામાં આવશે. તેમની મૌખિક પરંપરાઓનું દસ્તાવેજીકરણ કરવામાં આવશે અને કળાને પ્રોત્સાહન અપાશે. (૩) આદિવાસીઓને અન્ય સંસ્કૃતિઓ સાથે સંપર્કમાં આવવાની તકો પૂરી પાડવામાં આવશે. (૪) રસ્તાઓ, પરિવહન અને સંચારનાં સાધનોનો વિકાસ અને રાહતના દરે પ્રવાસની સવલતની જોગવાઈ દ્વારા તેમનો ભૌગોલિક અલગાવ લઘુતમ કરાશે.

## 'પૂર્વ પટ્ટી વિસ્તાર વિકાસ મંચ'

અમદાવાદમાં તા.૨૦-૧૨-૨૦૦૪ના રોજ 'પૂર્વ પટ્ટી વિસ્તાર વિકાસ મંચ' દ્વારા રાષ્ટ્રીય આદિવાસી નીતિ અંગે એક પરિસંવાદનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પરિસંવાદમાં રાષ્ટ્રીય આદિવાસી નીતિમાં મુખ્યત્વે શું ફેરફારો કરવા જોઈએ તેના ઉપર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું હતું. આ સંદર્ભમાં જે અગત્યના મુદ્દા રજૂ થયા હતા તે નીચે મુજબ છેઃ

'જનપથ'ના અગ્રણી શ્રી અનિલ ભટ્ટે જણાવ્યું હતું કે આદિવાસીઓની સંસ્કૃતિમાં વિકૃતિ આવી હોવાં છતાં તેમના જીવન પર વિકાસની વિધાયક અસરો થઈ નથી. વનોમાં રહેતા આદિવાસીઓએ વન ખાતાના અંકુશમાં રહેવું જોઈએ નહિ. તેમના અધિકારોનું રક્ષણ થવું હોવી જોઈએ. પ્રો. ઘનશ્યામ શાહે એમ કહ્યું હતું કે આદિવાસી નીતિ એવી જોઈએ કે જેથી આદિવાસીઓના જળ, જમીન અને જંગલના અધિકારો જળવાય. શિક્ષણ, આયુષ્ય, બાળ મૃત્યુ દર, રોગો વગેરેને તેમના વિકાસ માટેના માપદંડ બનાવવા જોઈએ. જીવનની ગુણવત્તા વિશે સ્પષ્ટ માપદંડો રાખવા પડે. આપણે માત્ર સંસ્કૃતિની વાત ના કરવી જોઈએ. આપણે આદિવાસીઓના વારસાનો વિકાસ કરવાનો પ્રયાસ કરવો જોઈએ. આપણે અનેક અસ્મિતાઓને બચાવવાનો પ્રયત્ન કરીએ છીએ અને તેથી એ વિશે સ્પષ્ટતા થવી જોઈએ. સલામત જીવન એ આપણો હેતુ હોવો જોઈએ. આદિવાસી સંસ્કૃતિ અને પ્રકૃતિ સાથેનો તેમનો સંબંધ જીવનનિર્વાહ માટે ખૂબ જ અગત્યની બાબત છે. આદિવાસીઓના સામૂહિક જીવનનું જતન કરવાનો અને સ્ત્રીઓને સમાન દરજ્જો આપવાનો પ્રયત્ન આપણે કરવો જોઈએ. ૧૯૯૧ની વસ્તી ગણતરી અનુસાર ૨૫૦ લાખ આદિવાસીઓએ સ્થળાંતર કર્યું છે. આપણે સ્થળાંતરને અટકાવવાના પ્રયાસો કરવા જોઈએ. આદિવાસીઓનું વિસ્થાપન થાય તે પહેલાં તેમના પુનર્વસન માટેના પ્રયાસો થવા જોઈએ.

ગુજરાત વિદ્યાપીઠના આદિવાસી તાલીમ અને સંશોધન કેન્દ્રના નિયામક શ્રી ચંદ્રકાન્ત ઉપાધ્યાયે કહ્યું હતું કે આ નીતિમાં આદિવાસીઓના અધિકારોનો વાસ્તવમાં કોઈ ઉલ્લેખ કરાયો નથી. કોઈ પણ નીતિ જાહેર થાય પછી હંમેશાં એ નીતિના અમલ માટે અસરકારક કાયદો ઘડવામાં આવે છે. પણ શું આ રાષ્ટ્રીય આદિવાસી નીતિના અમલ માટે સરકાર કોઈ કાયદો ઘડવા વિચારે છે ખરી? તેમણે કહ્યું કે આદિવાસી વિસ્તારોના વિકાસ માટે નવું વહીવટી માળખું ઊભું થયું છે ખરું પણ તેમાં પૂરતો સ્ટાફ છે જ નહિ. વળી, તેમાંના ઘણાબધા કર્મચારીઓ તો એમ માને છે કે આદિવાસીઓ જ વિકાસમાં બાધા ઊભી કરે છે. આ માનસ બદલવાની વધારે જરૂર છે. માત્ર ૧.૫ ટકા બજેટ આદિવાસી વિસ્તારોના અને આદિવાસીઓના વિકાસ માટે વપરાય છે. એ શું પૂરતું છે?

વડોદરાના પ્રો. દેવીએ કહ્યું હતું કે આ રાષ્ટ્રીય આદિવાસી નીતિમાં કોઈ ઊંડાણ નથી. બધા આદિવાસીઓની જુદી જુદી ભાષાઓ છે. દરેક આદિ જાતિની અલગ અલગ સંસ્કૃતિ છે અને પરંપરાઓ છે. આદિવાસીઓના વિકાસ માટે તે બધાને સમજવાની જરૂર છે. વળી, નીતિ એ કાર્યક્રમ નથી. આ નીતિ રાજકીય હેતુવાળી પણ દેખાય છે. આદિમ જાતિઓના વિકાસ માટે વિશેષ પ્રયાસોની જરૂર રહે છે. ખરેખર તો, આદિવાસીઓના અધિકારોના રક્ષણ માટે એક 'રાષ્ટ્રીય આદિવાસી મંચ'ની જરૂર છે. ડૉ. સિદ્ધરાજ સોલંકીએ કહ્યું હતું કે સમગ્ર નીતિમાં ક્યાંય 'આદિવાસી' (ઈન્ડિજિનસ) શબ્દ નથી. હવે જ્યારે આંતરરાષ્ટ્રીય સ્તરે 'આદિવાસી' શબ્દ સ્વીકારાયો છે ત્યારે ભારત સરકારે પણ તે સ્વીકારવો જોઈએ. આદિવાસી ભાષાઓના અસ્તિત્વને ટકાવવા માટે પ્રયાસ કરવાની જરૂર છે કારણ કે તેમની ભાષાઓ જ તેમની સંસ્કૃતિને વ્યક્ત કરે છે.

સુશ્રી તૃપ્તિ પરીખે કહ્યું હતું કે આદિવાસીઓની આરોગ્યની સમસ્યાઓને ઉકેલવા માટે પરંપરાગત ઔષધિઓ અને સારવાર વ્યવસ્થાના જતનની પણ જરૂર છે. સરકાર નીતિ ઘડે તો તેના થકી આદિવાસીઓનો વિકાસ થવો જોઈએ. અંતરિયાળ વિસ્તારોમાં રહેતા આદિવાસીઓની સ્થિતિ સુધરવી જોઈએ. જંગલની અસ્કામતો પરના તેમના અધિકારો કાયમી બનવા જોઈએ. 'ગણતર'ના શ્રી સુખદેવ પટેલે કહ્યું હતું કે સમગ્ર દેશમાં શિક્ષણમાં ખાનગીકરણ થઈ રહ્યું છે ત્યારે આદિવાસીઓ શિક્ષણથી વંચિત ના રહી જાય તે મહત્ત્વનું છે. ખાસ કરીને, સ્થળાંતર કરતા આદિવાસીઓનાં બાળકોના શિક્ષણ ઉપર વિશેષ ધ્યાન આપવાની જરૂર છે, ૬ વર્ષની વય સુધીનાં આદિવાસી બાળકોને પોષક આહાર મળે તે જરૂરી છે.

પ્રો. હેમન્તકુમાર શાહે જણાવ્યું હતું કે આ નીતિમાં આદિવાસી સ્વશાસન અંગે કોઈ જ ઉલ્લેખ કરાયો નથી. ૧૯૯૨માં ૭૩મો બંધારણ સુધારો પંચાયતોને ત્રીજા સ્તરની સરકાર બનાવવા માટે કરાયો પછી શ્રી દિલીપસિંહ ભુરિયાના અધ્યક્ષપદે નિમાયેલી સમિતિએ કરેલી ભલામણોને આધારે સંસદે ૧૯૯૬માં દેશના આદિવાસી વિસ્તારોને ૭૩મો બંધારણ સુધારો લાગુ પાડવા માટે એક કાયદો કર્યો છે. આ કાયદાએ આદિવાસી વિસ્તારોની પંચાયતોને કેટલીક વિશેષ સત્તાઓ આપી છે અને કેટલાંક વિશેષ કાર્યો સોંપ્યાં છે. આદિવાસીઓના વિકાસ માટેની કોઈ પણ નીતિ કે કોઈ પણ કાર્યક્રમમાં આદિવાસી વિસ્તારોની પંચાયતોને સક્ષમ બનાવવાનો મુદ્દો સામેલ હોવો જ જોઈએ. આદિવાસીઓના સામાજિક-આર્થિક વિકાસ માટે પંચાયતો અગત્યનું વાહન બની શકે છે અને સ્વશાસનની પ્રક્રિયા દ્વારા લોકશાહી વધારે મજબૂત બની શકે છે.

'દિશા'ના અગ્રણી અને લોકસભાના સભ્ય શ્રી મધુસૂદન મિસ્ત્રીએ જણાવ્યું હતું કે આદિવાસી વિસ્તારોમાં પણ ઘણી વિવિધતા છે. તેથી વિવિધ વિસ્તારો માટે નીતિમાંથી ઉદ્ભવતા કાર્યક્રમો જુદા જુદા હોઈ શકે છે. મુખ્ય મુદ્દો વિકાસનો છે અને રોજગારીના સર્જનનો છે. ગ્રામ વિસ્તારોમાં રોજગાર સર્જન વિકાસનાં કામો દ્વારા થાય તે જરૂરી છે. આદિવાસીઓ પોતે તેમની જરૂરિયાતોને ઓળખે અને સરકાર તે માટે જરૂરી સંસાધનો પૂરાં પાડે. આદિવાસીઓના આર્થિક માળખામાં એવા ફેરફારો થવા જોઈએ કે જેથી તેમની ઉત્પાદકતા વધે અને આર્થિક સ્થિતિ સુધરે. તેમની સંસ્કૃતિને જાળવવાનું જેટલું મહત્ત્વનું છે એટલું જ મહત્ત્વનું તેમની વિકાસની પ્રક્રિયાને આગળ ધપાવવાનું છે.

## દિલ્લી ઘોષણા

તા. ૨૦થી ૨૨ સપ્ટેમ્બર, ૨૦૦૪ના રોજ નવી દિલ્લી ખાતે આદિવાસીઓની એક રાષ્ટ્રીય સભા મળી હતી. આ સભાએ રાષ્ટ્રીય આદિવાસી નીતિ અંગે એક 'દિલ્લા ઘોષણા' બહાર પાડી હતી. તેમાં આદિવાસીઓના મિત્રો, સાથીઓ અને ટેકેદારો પણ ઉપસ્થિત રહ્યા હતા. આ સભામાં સ્વીકારાયેલી 'દિલ્લી ઘોષણા'ના આમુખમાં જણાવાયા મુજબ ભારત સરકાર દ્વારા જે રાષ્ટ્રીય આદિવાસી નીતિનો મુસદ્દો જારી કરાયો છે તેને સર્વાનુમતે ફગાવી દેવામાં આવ્યો હતો. છેલ્લા કેટલાક મહિનાઓ દરમ્યાન સ્થાનિક સ્તરે, વિભાગીય સ્તરે, રાજ્ય સ્તરે અને પ્રાદેશિક સ્તરે જે વિવિધ ચર્ચા-વિચારણાઓ થઈ હતી તેને આધારે 'દિલ્લી ઘોષણા'માં આ વલણ અખત્યાર કરવામાં આવ્યું હતું. આસામમાં અકાજાન ખાતે ૨થી ૪ જુન, ૨૦૦૪ દરમ્યાન, ઝારખંડમાં રાંચી ખાતે ૨૪-૨૫ જુલાઈ, ૨૦૦૪ દરમ્યાન, કર્ણાટકમાં બેંગલોર ખાતે ૪થી ૬ સપ્ટેમ્બર, ૨૦૦૪ દરમ્યાન અને ગુજરાતમાં અમદાવાદ ખાતે ૯થી ૧૦ સપ્ટેમ્બર, ૨૦૦૪ દરમ્યાન આ વિમર્શ

સભાઓ યોજવામાં આવી હતી. તેમાં થયેલી વિશદ ચર્ચાઓના અંતે 'રાષ્ટ્રીય આદિવાસી નીતિ'ના મુસદ્દાને નકારવાનું નક્કી થયું હતું.

'દિલ્લી ઘોષણા'ના આમુખમાં જણાવ્યા મુજબ 'રાષ્ટ્રીય આદિવાસી નીતિ'નો મુસદ્દો નકારવામાં આવ્યો છે તેનાં કારણો નીચે મુજબ છેઃ

(૧) મુસદ્દો તૈયાર કરવાની યોગ્ય પ્રક્રિયા વિના, ભારતના સૌથી વધુ છેવાડાના સમુદાયો એવા આદિવાસી લોકોના અધિકારો, અસ્તિત્વ અને વિકાસના સર્વગ્રાહી ઘડતરરૂપ દસ્તાવેજ તરીકે હોવાની જે આશા ધરાવે છે અને જે રાજ્યની સંબંધિત જવાબદારીઓ અને ફરજોની પ્રતિબદ્ધતા ધરાવે છે, તે તેનો હેતુ સિદ્ધ કરે એવી આશા રાખી શકાય નહિ.

(૨) દસ્તાવેજમાં માનવ અધિકારો અને બંધારણીય અધિકારોના નિશ્ચિત ઉલ્લેખ વિના, આદિવાસીઓ વ્યક્તિગત રીતે અને સામૂહિક રીતે ભેદભાવના મૂળ કારણને લીધે જે પરિસ્થિતિનો સામનો કરે છે તેનો, તેમના અધિકારો પ્રત્યે અનાદર રાખીને ઉકેલ આવી શકે નહિ.

(૩) અધિકારોનાં હાલનાં અને વિકસતાં આંતરરાષ્ટ્રીય ધોરણો તથા ભારતના બંધારણની જોગવાઈઓ પ્રત્યેની સ્પષ્ટ પ્રતિબદ્ધતા આ નીતિવિષયક દસ્તાવેજનો પાયો હોવો જોઈએ. આદિવાસી લોકોનાં દરજ્જા, સંસ્કૃતિ અને ઓળખ માટે સ્પષ્ટ આદર અને પ્રતિબદ્ધ આકાર બંધારણીય અને આંતરરાષ્ટ્રીય કાનૂન અને વિકસતાં ધોરણો હેઠળ ના અપાય તો, તેમના અધિકારોની પ્રાપ્તિ શક્ય નથી.

(૪) પારદર્શી, સહભાગી અને સમાવેશી પ્રક્રિયાના અભાવમાં અને ગુપ્તતાથી આ મુસદ્દો તૈયાર થયો છે અને ખૂબ જ ઉતાવળે તેને આખરી ઓપ અપાયો છે.

(૫) આ નીતિનો હેતુ તેમને મુખ્ય પ્રવાહમાં લાવવાનો અને તેમનું સમાયોજન સાધવાનો છે, તે આદિવાસીઓના અધિકારોના ભંગ સમાન છે. તે આદિવાસીઓના વૈવિધ્ય માટેના અને આદિવાસીઓની અન્ય લોકો અને સંસ્કૃતિઓથી ભિન્નતા માટેના આદરનો સંપૂર્ણ અભાવ દર્શાવે છે.

(૬) નીતિના મુસદ્દાની ભાષા અસ્વીકાર્ય, આક્ષેપાત્મક અને અપમાનજનક વ્યાખ્યાઓ અને વર્ણનોનો ઉપયોગ કરે છે.

(૭) અનુસૂચિ-૫ અને અનુસૂચિ-૬ જેવી વર્તમાન સુરક્ષાત્મક વ્યવસ્થા અને કાનૂનોના અમલ ઉપર અપર્યાપ્ત ભાર મૂકવામાં આવે છે.

(૮) પૂર્વજોની જમીનો, પ્રદેશો અને પ્રાકૃતિક સંસાધનોના અધિકારોને સાતત્યપૂર્વકની અને સ્પષ્ટ માન્યતાનો અભાવ છે, ફરજિયાતપણે થતા પુનર્સ્થાનીકરણ સામે અપૂરતું રક્ષણ છે અને પુનર્વસવાટની અપર્યાપ્ત જોગવાઈ છે.

(૯) આદિવાસીઓની પરંપરાગત શાસન વ્યવસ્થાઓ, કાનૂનો અને વ્યવહારોને માન્યતા, રક્ષણ કે પ્રોત્સાહન અપાયાં નથી અને સ્વતંત્ર અને આગોતરી માહિતીપ્રદ સંમતિની જોગવાઈનો અભાવ પ્રવર્તે છે.

(૧૦) સ્વ-ઓળખાણ અને ઓળખના આદિવાસીઓના અધિકારોની અસ્વીકાર્ય ગેરહાજરી છે અને ઉદારીકરણ, ખાનગીકરણ તથા વૈશ્વિકીકરણની વિપરીત અસરથી રક્ષણ મેળવવાના તથા સ્વ-નિર્ણીત અધિકારોના વિકાસના અધિકારોને માન્યતા અપાઈ નથી.

(૧૧) વિકાસનું હાલનું મોડેલ આદિવાસીઓના જીવનનિર્વાહ અને સુખાકારીને વિપરીત રીતે અસર કરે છે અને તેનો આ મુસદ્દામાં સ્વીકાર કરાયો નથી.

(૧૨) નીતિના મુસદ્દામાં સંકલિત વિકાસનો અભિગમ નથી અને તે વિકાસનાં આર્થિક પાસાંને સંદતર અવગણે છે.

(૧૩) આદિવાસીઓના જ્ઞાન અને પરંપરાગત જ્ઞાનધારકોને અપૂરતું રક્ષણ છે અને ભાષાઓ, ઈતિહાસ, તકનિકી વગેરે સહિતની શૈક્ષણિક વ્યવસ્થા માટે કોઈ જોગવાઈ કરાઈ નથી અથવા સંસ્કૃતિ, વિશ્વ દૃષ્ટિ અને મૂલ્યો વગેરે વિશે સમાજના અન્ય પ્રભાવક વર્ગોને જાણકારી આપવાની તેમાં કોઈ જોગવાઈ નથી.

(૧૪) આદિવાસીઓના ધર્મો અને આધ્યાત્મિક વ્યવહારો કે પવિત્ર સ્થાનો કે આધ્યાત્મિક સંસ્થાઓ અને તેમનું પાલન કરનારાઓના રક્ષણ કે સન્માન વિશે કશો ઉલ્લેખ નથી.

(૧૫) સામાન્ય શિક્ષણ કે આરોગ્યને ટેકારૂપ સેવાઓની સમાન પ્રાપ્તિ માટે અપર્યાપ્ત જોગવાઈ છે.

(૧૬) આદિવાસીઓના આરોગ્ય અને સારવારની વ્યવસ્થા પ્રત્યેના અભિગમોને માન્યતા કે રક્ષણ અપાયાં નથી.

(૧૭) વધુમાં, નીતિના મુસદ્દામાં સ્ત્રી-પુરુષ ભેદભાવનો દૃષ્ટિકોણ નથી કે મહિલાઓના અધિકારોના પ્રશ્ન વિશે કશું નિર્ધારિત વલણ નથી, બાળ અધિકારો પ્રત્યેની રાજ્યની ફરજો સ્વીકારવામાં આવી નથી અને બદલાતા સામાજિક વાતાવરણની નકારાત્મક અસરોથી રક્ષણ મેળવવા સહિતની જોગવાઈઓ યુવાનો માટે નથી.

(૧૮) આદિવાસીઓની જમીનોના વધતા જતા લશ્કરીકરણની સમસ્યાઓનો પણ કોઈ ઉલ્લેખ નથી.

(૧૯) આદિવાસીઓની વ્યૂહરચનાઓ, પરંપરાગત કાનૂનો અને સમજાવટની વ્યવસ્થાઓનો ઉપયોગ કરીને સંઘર્ષ નિવારણ તથા શાંતિને પ્રોત્સાહન માટેની અપેક્ષિત અને તાતી વધતી જરૂરિયાતો પણ કોઈ ઉલ્લેખ આ નીતિમાં નથી.

# મધ્યાહ્ન ભોજન યોજના: ગ્રામ પંચાયતની સામેલગીરીનો પ્રયાસ

પોતાનું અસ્તિત્વ ભારપૂર્વક પ્રસ્થાપિત કરવા માટે જ નહિ, પણ સ્થાનિક સ્તરે સુશાસન ઊભું કરવા માટે પણ સ્થાનિક સ્વરાજની સંસ્થાએ પાયાની સેવાઓ પરની દેખરેખની મહત્ત્વની ભૂમિકા ભજવવાની જરૂર છે. ચાર વર્ષ અગાઉ મધ્યાહ્ન ભોજન યોજનાના સાર્વત્રિક અમલ વિશે સર્વોચ્ચ અદાલતે ચુકાદો આપ્યો ત્યાર બાદ આ યોજના સૌથી મહત્ત્વની પાયાની સેવાઓમાંની એક બની છે. આ યોજના શાળાએ જતાં બાળકોની પોષણની જરૂરિયાત પૂરી પાડે છે અને તેનાથી શાળામાં પ્રવેશ મેળવતાં બાળકોની સંખ્યા વધે, શાળામાં બાળકોની હાજરી વધે, રિસેસ પછી પણ બાળકો શાળામાં હાજર રહે અને અભ્યાસની ગુણવત્તા સુધરે એવી શક્યતાઓ ઊભી થાય છે અને બાળકોની ભૂખ તો ભાંગે જ છે. આ યોજનાના અમલનાં નવ વર્ષ પૂરાં થઈ રહ્યાં છે ત્યારે ગ્રામ પંચાયતો જેવી સ્થાનિક સ્તરની શાસન સંસ્થાઓ આ યોજના પર દેખરેખ રાખવામાં સામેલ થાય તે જરૂરી છે. આ લેખમાં **શ્રી શાદાબ ઝહીર** અને 'ઉન્નતિ'નાં **સુશ્રી સ્વાતિ સિંહા** દ્વારા મધ્યાહ્ન ભોજના યોજના માટેના કેટલાક દેખરેખ નિર્દેશકો પૂરા પડાયા છે કે જેનો સ્થાનિક સ્વરાજની સંસ્થાઓ આસાનીથી અમલ કરી શકે છે.

## મધ્યાહ્ન ભોજન યોજના

ભારત સરકારે ૧૯૯૫માં 'પ્રાથમિક શિક્ષણમાં પોષણના સહયોગના રાષ્ટ્રીય કાર્યક્રમ'ના ભાગરૂપે મધ્યાહ્ન ભોજન યોજના શરૂ કરી. આ એક કેન્દ્ર પુરસ્કૃત યોજના છે. તે હેઠળ તમામ સરકારી અને સરકાર દ્વારા સહાયિત પ્રાથમિક શાળાઓમાં તમામ બાળકોને રાંધેલું ભોજન બપોરે આપવામાં આવે છે. આ બાળકોને ભોજન પૂરું પાડવાની જોગવાઈ થાય ત્યાં સુધી દર મહિને જરૂરી અનાજ પૂરું પાડવાની જોગવાઈ પણ કરવામાં આવી છે. પરંતુ ઘણાં રાજ્યોએ બે વર્ષના નિર્ધારિત સમયમાં અનાજ આપવાને બદલે રાંધેલું ભોજન આપવાની જોગવાઈ કરી નથી.

## રાજસ્થાનમાં મધ્યાહ્ન ભોજન યોજના

સર્વોચ્ચ અદાલતના ચુકાદા પછી રાજસ્થાન પહેલું એવું રાજ્ય છે કે જેણે મધ્યાહ્ન ભોજન યોજનાના અમલ માટે ઉચ્ચ સ્તરીય પગલાં લીધાં. તેણે શિક્ષાકર્મી શાળાઓ અને રાજીવ ગાંધી પાઠશાળાઓમાં પણ મધ્યાહ્ન ભોજન યોજના દાખલ કરી. રાજસ્થાનમાં સરકારે ગ્રામ પંચાયતોને જરૂરી ઘઉં અને એક કિગ્રા ઘઉં દીઠ રૂ.૫ તેલ, ગોળ, વાસણો, વહેંચણીની વ્યવસ્થા અને રસોઈના પગાર પેટે આપવાની વ્યવસ્થા પણ કરી. આ રીતે આરંભમાં ૧૬ જિલ્લાઓમાં આ યોજના શરૂ કરાઈ અને બીજા તબક્કામાં બાકીના ૧૬ જિલ્લામાં તે શરૂ કરવામાં આવી.

### જોગવાઈઓ

આ એક કેન્દ્ર પુરસ્કૃત યોજના (સીએસએસ - સેન્ટ્રલી સ્પોન્સર્ડ સ્કિમ) છે પણ તેનું કેટલુંક ખર્ચ રાજ્ય સરકારે ભોગવવાનું હોય છે. અનાજનું ખર્ચ કેન્દ્ર સરકાર ભોગવે છે જ્યારે રાજ્ય સરકાર શાકભાજી, મસાલા, તેલ, મીઠું વગેરે જેવી સામગ્રી અને રસોઈયા તથા સહાયકોના પગાર તથા પૂરક પોષક તત્ત્વો વગેરેનો ખર્ચ ભોગવે છે. પરિવહનના ખર્ચ પેટે કેન્દ્ર સરકાર એક ક્વિન્ટલ અનાજ પેટે રૂ.૫૦નો ફાળો આપે છે. આ ખર્ચ પૂરતું નથી એટલે બાકીનું ખર્ચ રાજ્ય સરકાર, પંચાયત અને શાળા ભોગવે છે.

### યોજનાનાં લક્ષણો

તમામ સરકારી અને સરકાર દ્વારા સહાયિત શાળાઓમાં કામકાજના તમામ દિવસોએ તમામ બાળકોને બપોરે રાંધેલું ભોજન આપવાનું છે. રાજસ્થાનમાં ચાર પ્રકારનાં વાનગી જૂથ નક્કી કરાયાં છે. ગોળ અને ઘઉં તથા સીંગતેલ અને વનસ્પતિ તેલ તેમાં હોવાં અનિવાર્ય છે. ભોજન બાફીને કે શેકીને તૈયાર કરવાનું હોય છે.

- વર્ષમાં કમ-સે-કમ ૨૦૦ દિવસ માટે બાળકોને ભોજન આપવું જોઈએ.
- બાળકને એ ભોજનમાંથી કમ-સે-કમ ૩૦૦ કેલરી અને ૮થી ૧૨ ગ્રામ પ્રોટીન મળવું જોઈએ.

### યોજનાના અમલની પ્રક્રિયા

ભારતીય અન્ન નિગમનાં ગોદામોમાંથી ઘઉંની પ્રાપ્તિ માટે એક સમિતિની રચના કરવામાં આવી હતી. તેમાં જિલ્લાના કલેક્ટર અન્ન અને નાગરિક પુરવઠા વિભાગના પ્રતિનિધિ, સીએમએચઓના પ્રતિનિધિ અને કૃષિ ખાતાના વિશેષજ્ઞ કે વરિષ્ઠ અધિકારીનો સમાવેશ થાય છે. રાંધેલું ભોજન પૂરું પાડવાની જવાબદારી સ્થાનિક ગ્રામ પંચાયતોને સોંપવામાં આવી છે. તેને માટે એક સમિતિની રચના કરવાની છે. તેમાં સરપંચ/તાલુકા પંચાયતના સભ્ય, સરપંચ દ્વારા નિયુક્ત એક વોર્ડ સભ્ય, એક વોર્ડ મહિલા સભ્ય, શાળાના વડા, બાળકોનાં મા-બાપોના બે પ્રતિનિધિઓ અને ગ્રામ સેવકનો સમાવેશ થાય છે. રાજસ્થાને આરંભથી જ ઉચ્ચ સ્તરીય દેખરેખ સમિતિની રચના કરી છે. એ ઉપરાંત, મધ્યાહ્ન ભોજનનું આ સમિતિના કમ-સે-કમ ત્રણ

## સર્વોચ્ચ અદાલતનો ચુકાદો

તા.૨૮-૧૧-૨૦૦૧ના રોજ સર્વોચ્ચ અદાલતે સીમાચિહ્નરૂપ ચુકાદો આપ્યો. તેણે રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોને મધ્યાહ્‌ન ભોજન યોજનાનો શક્ય તેટલો વહેલો અમલ કરવા આદેશ આપ્યો અને 'ભારતીય અન્ન નિગમ' (એફસીઆઈ - ફૂડ કોર્પોરેશન ઓફ ઈન્ડિયા)ને તેના દ્વારા પૂરા પડાતા અનાજની ગુણવત્તા જાળવવા માટે પણ હુકમ કર્યો. કેટલાંક રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશો તે પછી પણ આ યોજનાનો અમલ કરતાં નહોતાં તેથી સર્વોચ્ચ અદાલતે તા.૨૦-૪-૨૦૦૪ના રોજ બીજી વાર હુકમ કર્યો અને કહ્યું કે ૧-૯-૨૦૦૪ સુધીમાં આ યોજનાનો અમલ શરૂ કરવો. તેણે રાજ્યોને એવો પણ આદેશ આપ્યો કે બાળકોને આ સેવા વિનામૂલ્યે પૂરી પાડવામાં આવે અને દલિતો તથા આદિવાસીઓને રસોઈયા તથા સહાયકોની નિમણૂકમાં પ્રાધાન્ય આપવામાં આવે. તેણે પીવાના પાણી જેવી સવલતો અને અન્ય માળખાગત સવલતો પૂરી પાડવા, નિયમિત તપાસ અને અન્ય સુરક્ષા વ્યવસ્થાઓ ઉપર પણ ભાર મૂક્યો.

સભ્યોની હાજરીમાં જ વિતરણ થવું જોઈએ. દર મહિને સાતમી તારીખે મધ્યાહ્‌ન ભોજન યોજનાનો માસિક અહેવાલ એટલે કે આગલા મહિનાનો અહેવાલ જિલ્લા પંચાયતને સુપરત કરવો જોઈએ.

## મધ્યાહ્‌ન ભોજન યોજનાનાં વિધાયક પાસાં

સર્વોચ્ચ અદાલતના ચુકાદા બાદ રાજ્યમાં મધ્યાહ્‌ન ભોજન યોજનાનો સંપૂર્ણ અમલ સમયસર થયો છે. રાજ્યમાં આરંભથી જ આ યોજનાના અમલ માટે મજબૂત રાજકીય ઈચ્છાશક્તિ હતી અને તેથી એકદમ પ્રગતિશીલ પગલાં લેવાયાં. મોટા ભાગની શાળાઓમાં અનાજ સમયસર પહોંચાડવામાં આવ્યું. 'ભારતીય અન્ન નિગમ' પાસેથી અનાજની પ્રાપ્તિમાં કાળજી રખાઈ તેથી અન્ય રાજ્યો કરતાં વધારે સારી ગુણવત્તાવાળું અનાજ શાળાઓમાં પૂરું પાડવામાં આવ્યું. એ ઉપરાંત, રાજ્ય સરકાર રાંધવાની અને વિતરણની બાબતમાં સ્વચ્છતા જળવાય તે મુદ્દે ખૂબ જ સંવેદીનશીલ રહી છે. 'અમૂક દિવસે કોઈ બાળક ખાવા ન ઈચ્છતું હોય તો તેને માટે ફરજ ન પાડવી' જેવા હુકમો પણ આપવામાં આવ્યા છે. એફ.પી.ઓ. દ્વારા પ્રમાણિત ઘટકોની જ ભલામણ કરવામાં આવી છે. આ બાબતો એમ બતાવે છે કે રાજ્ય આ યોજના ઉપર ખૂબ જ ધ્યાન આપે છે.

## મધ્યાહ્‌ન ભોજન યોજનાનાં નકારાત્મક પાસાં

- બાળકોને રોજેરોજ જે ભોજન આપવામાં આવે છે તેમાં કોઈ વૈવિધ્ય નથી. મુખ્યત્વે નાણાકીય કારણોસર જ આ વૈવિધ્ય જળવાતું નથી. રોજેરોજ ગૂગરી આપવામાં આવે છે તેથી બાળકોની રુચિ ઓછી થઈ જાય છે.
- બળતણના લાકડા માટે અલગ નાણાકીય વ્યવસ્થા નથી. અન્ય બળતણો પ્રાપ્ય નથી અથવા તો પોસાતાં નથી.
- રેશન માટે કિલોગ્રામ દીઠ રૂ.૫ અથવા બાળક દીઠ રોજના ૫૦ પૈસા ફાળવવામાં આવે છે. તે રાંધવાની અન્ય વસ્તુઓ, બળતણ, વિતરણ વગેરેના ખર્ચા અને રસોઈયાના પગારને પહોંચી વળવા માટે પૂરતા નથી.
- રાજ્ય સરકારે તેના વિવિધ હુકમોમાં વિતરણની સ્થાનિક વ્યવસ્થા ઊભી થાય તે માટે જોગવાઈ કરી છે, પણ એવું કશું થયું નથી.
- બાળકોને પોતાને ઘરેથી ભોજન લેવા માટેનાં વાસણો લાવવાનું કહેવામાં આવે એ વિચાર મા-બાપોને ગમતો નથી કારણ કે તેમને તે ગૂમ થઈ જવાનો ડર હોય છે.
- રસોઈયાઓનો પગાર ખૂબ જ ઓછો હોય છે અને તેમણે કામ ઘણું કરવાનું હોય છેઃ બળતણ ભેગું કરવાનું, રાંધવાનું, વિતરણ કરવાનું અને વાસણો ધોવાનું.
- રસોડા માટે યોગ્ય શેડ નથી હોતા. તેથી જ્યાં ભણવાનું હોય ત્યાં જ રાંધવાનું થાય છે, તેથી અભ્યાસમાં ખલેલ પડે છે.
- વાસણો ન હોય, અથવા તેમની અછત હોય તો બાળકોએ તેમની નોટોના કાગળોનો ઉપયોગ ભોજન લેવા માટે કરવો પડે છે.

**યોજનાની વર્તમાન સ્થિતિ**

- મોટા ભાગનાં સ્થળોએ ગૂગરી જ પીરસવામાં આવે છે.
- રાંધવાનાં વાસણો બરાબર સાફ થતાં નથી.
- પીરસવા માટેનાં વાસણો પણ બરાબર સાફ હોતાં નથી.
- બળતણનો પુરવઠો ઓછો હોય છે કે બળતણ પોસાતું નથી.
- રસોઈયાઓને સહાયક મજૂર મળતા નથી.
- દેખરેખ અને નિરીક્ષણ.
- સાધન-સામગ્રીમાં વિલંબ.
- ભ્રષ્ટાચાર અને ચોરી. કોરું અનાજ આપવા કરતાં આ યોજનામાં આની શક્યતાઓ ઓછી હોવા છતાં પણ આવી સમસ્યાઓ ઊભી તો થાય છે જ.

## મધ્યાહ્‌ન ભોજન યોજનાની સફળતાના કેટલાક નિર્દેશકો

રાજસ્થાનમાં ઉપર પ્રમાણેની પ્રવર્તમાન સ્થિતિ એમ દર્શાવે છે કે સેવાઓમાં સુધારો કરવા માટે વ્યવસ્થામાં સુધારો કરવાની જરૂર છે. જો કે, સફળતા માટેના કેટલાક માપદંડો નીચે આપ્યા છેઃ

**૧. શાળા પ્રવેશમાં વૃદ્ધિઃ**

- મધ્યાહ્‌ન ભોજન યોજના દાખલ થયા પછી રાજસ્થાનમાં અને દેશભરમાં શાળામાં થતા બાળકોના પ્રવેશમાં ઘણોબધો વધારો થયો છે.

## મધ્યાહ્‌ન ભોજન યોજનાની પ્રક્રિયા પરની દેખરેખનું માળખું

### ભોજન સામગ્રીની પ્રાપ્તિ

| શાની દેખરેખ? | જથ્થાત્મક બાબતો | કેવી રીતે? | ગુણાત્મક પાસાં | કેવી રીતે? | ક્યારે? |
|---|---|---|---|---|---|
| ઘઉં | વજન તપાસવું અથવા એટલા જ વજનના પીપમાં તે રાખવા | ચકાસણી કરવી | જંતુમુક્ત હોય, કણક બંધાય પછી કલાકમાં તે કાળી ના પડે. | અવલોકન | પ્રાપ્તિ સમયે અને નિયમિત સમયાંતરે ચકાસણી |
| ગોળ | વજન ચકાસવું | ચકાસણી કરવી | તે સખત હોય, દુર્ગંધ મારતો ન હોય | અવલોકન | સમયાંતરે ચકાસણી |
| સીંગતેલ | નિર્ધારિત જથ્થો | ચકાસણી કરવી | બ્રાન્ડવાળું અને સીલવાળું | અવલોકન અને ચકાસણી | સમયાંતરે ચકાસણી |
| વનસ્પતિ તેલ | નિર્ધારિત જથ્થો | ચકાસણી કરવી | બ્રાન્ડવાળું અને સીલવાળું | અવલોકન અને ચકાસણી | સમયાંતરે ચકાસણી |
| પાણી | - | - | સંગ્રહ માટેનાં વાસણો સ્વચ્છ હોય અને ઢાંકણવાળાં હોય | અવલોકન | સમયાંતરે ચકાસણી |
| બળતણનું લાકડું | જથ્થો | ચકાસણી કરવી | - | - | - |
| વાસણો | પૂરતાં વાસણો | ચકાસણી કરવી | - | - | સમયાંતરે ચકાસણી |

### ભોજન સામગ્રી અને અન્ય સાધનોનો સંગ્રહ

| શાની દેખરેખ? | જથ્થાત્મક બાબતો | કેવી રીતે? | ગુણાત્મક પાસાં | કેવી રીતે? | ક્યારે? |
|---|---|---|---|---|---|
| સ્ટોર રૂમ | સામગ્રી રાખવાની | અવલોકન | સ્વચ્છતા, હવા-ઉજાસ | અવલોકન | સમયાંતરે ચકાસણી |
| ભોજન સામગ્રી સંઘરવાના ડબા | પૂરતા પ્રમાણમાં ભોજન | અવલોકન | સ્વચ્છતા, હવા-ચૂસ્ત | અવલોકન | સમયાંતરે ચકાસણી |
| પાણીનો ઘડો | પૂરતું | અવલોકન | સ્વચ્છતા, ઢાંકણ સહિત | અવલોકન | સમયાંતરે ચકાસણી |
| સ્ટોક રજિસ્ટર | સ્ટોક રજિસ્ટરનું અસ્તિત્વ | તપાસ કરવી | નિશ્ચિત માળખામાં તે ભરવું | નિયમિતપણે નિરીક્ષણ | વિશેષ ચકાસણી |

## ભોજન રાંધવું

| શાની દેખરેખ? | જથ્થાત્મક બાબતો | કેવી રીતે? | ગુણાત્મક પાસાં | કેવી રીતે? | ક્યારે? |
|---|---|---|---|---|---|
| રસોઈયો અને સહાયકની પ્રાપ્યતા | કમ-સે-કમ બે જણાને રખાય (રાજસ્થાનમાં માત્ર એક જ વ્યક્તિની જોગવાઈ છે) | નિયમિતપણે નિરીક્ષણ | સફાઈ, સ્વચ્છ કાપડનો ઉપયોગ, પીરસવા માટે | નિયમિત નિરીક્ષણ | વિશેષ ચકાસણી |
| રસોડું | જગ્યા મોટી હોય | અવલોકન | સ્વચ્છ, હવા-ઉજાસ | નિયમિત નિરીક્ષણ | સમયાંતરે ચકાસણી |
| | રાંધવા માટેનું સાધન/ ચૂલો | તપાસ અને અવલોકન | આગ સામે સુરક્ષાની જોગવાઈ | અવલોકન અને તપાસ | સમયાંતરે ચકાસણી/ વિશેષ ચકાસણી |
| વાસણો | પૂરતી સંખ્યામાં | અવલોકન | સ્વચ્છતા, ઢાંકણવાળાં | નિયમિતપણે નિરીક્ષણ | સમયાંતરે ચકાસણી |
| રાંધેલું ભોજન | તમામ માટે પૂરતા પ્રમાણમાં | નિયમિત નિરીક્ષણ | સ્વચ્છ અને ઢાંકણવાળાં વાસણોમાં રાખવું, બરાબર રંધાયેલું અને તાજું | નિયમિત નિરીક્ષણ અને અવલોકન | સમયાંતરે ચકાસણી |

## ભોજન પીરસવું

| શાની દેખરેખ? | જથ્થાત્મક બાબતો | કેવી રીતે? | ગુણાત્મક પાસાં | કેવી રીતે? | ક્યારે? |
|---|---|---|---|---|---|
| પીરસવાનાં વાસણો | પૂરતી સંખ્યામાં હોય, દા.ત. એક મોટું કમંડળ અને મોટો ચમચો | વાસણોનો ઉપયોગ કરવો | વાસણો સ્વચ્છ હોય | નિયમિત નિરીક્ષણ અને અવલોકન | સમયાંતરે ચકાસણી |
| ભોજન પીરસવું | પૂરતા પ્રમાણમાં જથ્થો (સરકારનાં ધારા-ધોરણો મુજબ) કશાય ભેદભાવ વિના સૌને એકસરખા પ્રમાણમાં પિરસાય. | ચકાસવાની જરૂર દા.ત. દરેક બાળકને ત્રણ ચમચા જેટલું ભોજન આપવું | પીરસનારનું વર્તન વિનમ્રતાપૂર્ણ, કોઈના ઉપર પણ ગુસ્સો કરાય નહિ | નિયમિત નિરીક્ષણ અવલોકન અને બાળકોના પ્રતિભાવ | સમયાંતરે ચકાસણી |

| ભોજન | | | | | |
|---|---|---|---|---|---|
| **શાની દેખરેખ?** | **જથ્થાત્મક બાબતો** | **કેવી રીતે?** | **ગુણાત્મક પાસાં** | **કેવી રીતે?** | **ક્યારે?** |
| સ્વાદ | - | - | ભોજન ખાવાયોગ્ય હોય | ખાઈને ચકાસવું અને બાળકોના પ્રતિભાવ | સમયાંતરે ચકાસણી |
| તાજું | - | - | એક કલાક પહેલાં જ રંધાયેલું હોય | - | સમયાંતરે ચકાસણી |
| ખાવાનું સ્થળ | બેસવાની મોકળાશવાળી વ્યવસ્થા | છોકરાઓ અને છોકરીઓ કશા જ ભેદભાવ વિના સાથે બેસે | સ્વચ્છતા | અવલોકન | સમયાંતરે મુલાકાત |
| પાણી | પાણી મળે | ચકાસણી | સ્વચ્છતા | અવલોકન | સમયાંતરે મુલાકાત |

### વિશ્વ વિકાસ અહેવાલ – ૨૦૦૪

વિશ્વ બેંક દ્વારા પ્રકાશિત થતા 'વિશ્વ વિકાસ અહેવાલ - ૨૦૦૪'માં એમ કહેવામાં આવ્યું છે કે ગરીબોને ચાર પ્રકારે સેવાઓ મળતી નથીઃ

(૧) સરકારો તેમનાં અંદાજપત્રોની ઘણી મોટી રકમો પાયાની સેવાઓ પાછળ ખર્ચે છે અને છતાં સાધન-સંપન્ન વર્ગ જ તેનો વધારે લાભ લે છે. અને ખરેખર ગરીબોને તેમનો લાભ ખૂબ ઓછા પ્રમાણમાં મળે છે.

(૨) જ્યારે જાહેર ખર્ચની પુનઃ ફાળવણી ગરીબો માટે કરવામાં આવે છે ત્યારે તેનો લાભ હંમેશાં લાભાર્થી સુધી કે મોખરાના પુરવઠાકાર સુધી પહોંચતો નથી.

(૩) ગરીબો માટેની સેવાઓનો ફાળો વધારવમાં આવે તો પણ ગુણવત્તા અને જથ્થાની બાબતમાં સેવાના પુરવઠાકારો પહોંચી વળતા નથી.

(૪) ખરાબ સેવાઓને લીધે અને પહોંચ ઓછી હોવાને લીધે ઘણી વાર માંગ જ ઓછી હોય છે. સાંસ્કૃતિક પરિબળો અને ગરીબો તથા પુરવઠાકારો વચ્ચેનું સામાજિક અંતર પણ તેમાં પોતાની ભૂમિકા ભજવે છે.

- શાળા પ્રવેશની છોકરાઓની સંખ્યા કરતાં છોકરીઓની સંખ્યામાં વધારો થયો છે. રાજસ્થાનમાં શાળાપ્રવેશની સંખ્યામાં ૮ ટકાનો વધારો થયો છે, પરંતુ છોકરીઓની શાળા પ્રવેશની સંખ્યામાં ૧૮ ટકાનો વધારો થયો છે.
- શાળાઓમાં બાળકોની હાજરીમાં વધારો થયો છે.
- અડધા દિવસ માટે હાજરી નહિ આપતાં અથવા ભોજન બાદ હાજરી નહિ આપતાં બાળકોની સંખ્યામાં ઘટાડો થયો છે.

**૨. અભ્યાસની ગુણવત્તામાં સુધારોઃ**

ભારતમાં અને રાજસ્થાનમાં બાળકોમાં ભૂખમરો એક સામાન્ય બાબત છે. રાજસ્થાનમાં આબોહવાની સ્થિતિ ખૂબ જ કઠિન હોય છે અને વધુ ઊર્જાની જરૂરી પડતી હોય છે. તેવી સ્થિતિમાં મધ્યાહ્ન ભોજન યોજનાને લીધે બાળકોને શાળામાં રસ પડ્યો છે. તેમનું ધ્યાન અભ્યાસમાં વધ્યું છે. ઘેર ભોજન માટે જવું અને લાંબું અંતર કાપવું તેમને માટે હવે રહ્યું નથી. એટલે તેમને એનો થાક લાગતો નથી.

**૩. જ્ઞાતિગત અને જાતિગત ભેદભાવોનું નિવારણઃ**

ભારતમાં જ્ઞાતિગત ભેદભાવો ખૂબ છે અને સ્ત્રી-પુરુષોની નિશ્ચિત ભૂમિકાઓ છે. ત્યારે આ યોજનાએ એ નિવારવામાં ખૂબ અગત્યની ભૂમિકા ભજવી છે. મધ્યાહ્ન ભોજન બધાં જ બાળકો સાથે લે છે અને તેથી જ્ઞાતિને આધારે કોઈની બાદબાકી થતી નથી.

**શેષ પૃષ્ઠ ૧૫ પર**

# શહેરી સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓમાં પક્ષપલટા-વિરોધી કાનૂન

પક્ષપલટા-વિરોધી કાયદો રાજ્યોની વિધાનસભાઓ અને સંસદને લાગુ પડતો હતો. તે અંગેના મૂળ કાયદામાં તાજેતરમાં સુધારો પણ કરાયો હતો. આ જ પ્રકારની કાયદાકીય જોગવાઈઓ શહેરી સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓ માટે છે. તે અંગે દેશમાં જે કંઈ હિલાચાલ ચાલી રહી છે તેની ઝાંખી આપતો આ લેખ 'ઉન્નતિ'નાં **સુશ્રી એલિસ મોરિસ** દ્વારા લખાયો છે.

## પ્રસ્તાવના

૭૪મા બંધારણ સુધારાએ લોકતાંત્રિક વિકેન્દ્રીકરણ વિશેના નિયમો દાખલ કરીને સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓને સક્ષમ બનાવવા માટેનો અવકાશ પૂરો પાડ્યો છે. શહેરી શાસન અને વિકાસના ક્ષેત્રે પરિવર્તન લાવવા માટે તેણે એક જબરજસ્ત તક પૂરી પાડી છે. કાર્યો અને નાણાકીય સત્તાઓની સોંપણી સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓને થાય તે માટેનો અવકાશ પણ તેણે ઊભો કર્યો છે. ૭૪મા બંધારણ સુધારાએ પાલિકાઓને સક્ષમ બનાવી છે કારણ કે હવે તેમની દર પાંચ વર્ષે ચૂંટણી થાય એ જરૂરી બની ગયું છે.

પાલિકાઓમાં અસરકારક શાસન વ્યવસ્થા ઊભી કરવા માટે એ અગત્યનું છે કે પાલિકાની ચૂંટાયેલી સંસ્થા સ્થિર હોય. જો કે, અનેક પાલિકાઓમાં નગરસેવકોના પક્ષપલટાએ આવી સ્થિર શાસન વ્યવસ્થા ઊભી કરવા આડે અવરોધ ઊભો કર્યો છે. પાલિકાઓની શાસન વ્યવસ્થા વિશેના અનેક અભ્યાસો એમ દર્શાવે છે કે અનેક પાલિકાઓમાં નગરસેવકોના પક્ષપલટાને કારણે પ્રમુખો બદલાયા કર્યા છે. જુદાં જુદાં જૂથો અને પક્ષો સામસામે જે આક્ષેપો કરે છે તેનાથી એમ સાબિત થાય છે કે પક્ષપલટામાં નાણાંની કોથળીઓ છૂટ્ટી મુકાય છે અને બીજી અનેક ગેરકાનૂની રીતરસમો અપનાવવામાં આવે છે. પક્ષપલટા સામે દંડાત્મક કાર્યવાહી માટેની કાનૂની જોગવાઈ ના હોય ત્યાં સુધી પાલિકાઓમાં આવા પક્ષપલટાને રોકવાનું અઘરું છે.

પક્ષપલટાની અનૈતિક રીતને અટકાવવા માટે ભારતના બંધારણમાં પ૨મો સુધારો કરાયો અને બંધારણની ૧૦મી અનુસૂચિમાં પક્ષપલટા-વિરોધી કાયદાઓ આમેજ કરવામાં આવ્યા. જો કે, તેમનો અમલ સંસદ અને રાજ્યોની વિધાનસભાઓ માટે જ થાય છે. ૧૯૯૯માં સૌ પ્રથમ કેરળ રાજ્યે સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓ માટે પક્ષપલટા-વિરોધી કાનૂન ઘડ્યો. તેનું નામ છેઃ કેરળ સ્થાનિક સ્વશાસન (પક્ષપલટા-વિરોધી) ધારો-૧૯૯૯. તેમાં રાજ્યના ચૂંટણી કમિશનરને આ ધારાનો ભંગ કરનાર કોઈ પણ નગરસેવકને ગેરલાયક ઠરાવવાની સત્તા આપવામાં આવી છે. આ કાયદાનો મુખ્ય હેતુ નગરસેવકોના પક્ષપલટાને લીધે પાલિકાઓ પર દબાણ ઊભું કરવાનો છે. કેરળ સરકારે જે કાયદો કર્યો છે તે અન્ય રાજ્ય સરકારો માટે સારું ઉદાહરણ પૂરું પાડનારો છે. અન્ય રાજ્યો પણ સ્થાનિક સ્વશાસન અંગેના તેમના કાયદામાં પક્ષપલટા-વિરોધી જોગવાઈઓ દાખલ કરી શકે છે.

## કેરળના કાયદાની જોગવાઈઓ

કેરળ સ્થાનિક સ્વશાસન સંસ્થા (પક્ષપલટા-વિરોધી) ધારા-૧૯૯૯ની કેટલીક મુખ્ય જોગવાઈઓ નીચે મુજબ છેઃ

- સ્થાનિક સ્વશાસનમાંથી અનૈતિક રાજકારણને દૂર કરવાના ઉમદા ઈરાદાથી આ ધારો ઘડવામાં આવ્યો છે. તે નગરસેવકોના પક્ષપલટા ઉપર પ્રતિબંધ મૂકે છે. આ કાયદા અન્વયે જો કોઈ ઉમેદવાર કોઈ રાજકીય પક્ષ કે જોડાણના ઉમેદવાર તરીકે ચૂંટાય તો તે જો પક્ષના કે જોડાણના વ્હીપ (આદેશ)ને મતદાન દરમ્યાન ના માને તો અથવા તે તેમાંથી રાજીનામું આપે તો તે સભ્યપદેથી ગેરલાયક ઠરે છે. જો નગર સેવક એક પક્ષ કે જોડાણમાંથી બીજા પક્ષ કે જોડાણમાં જાય તો પણ તે ગેરલાયક ઠરે છે. પાલિકાની તમામ બેઠકોમાં નગરસેવકે કેવું વર્તન કરવું એ વિશેના પક્ષના કે જોડાણના આદેશોનું પાલન નગરસેવક કરે એ ફરજિયાત છે.
- જો કે, આ કાયદો અપક્ષ નગરસેવકને કોઈ પક્ષ કે જોડાણમાં પ્રવેશવા માટેની છૂટ આપે છે. પણ પછી તે એ છોડી શકે નહિ એવી જોગવાઈ કરવામાં આવી છે.
- આ કાયદો રાજ્યના ચૂંટણી પંચને પક્ષપલટાના કિસ્સામાં નિર્ણયો લેવાની સત્તા આપે છે. રાજ્યના ચૂંટણી કમિશનર આ અંગે જે નિર્ણય કરે તે આખરી છે. જો કે, કોઈ તપાસ કર્યા વિના કે નગરસેવકને પોતાનો ખુલાસો કરવાની તક આપ્યા વિના તેઓ કોઈ નિર્ણય લઈ શકે નહિ.
- રાજ્યના ચૂંટણી પંચને પક્ષપલટા-વિરોધી કાનૂનની જોગવાઈઓને આધારે દીવાની અદાલતની સત્તા છે. ચૂંટણી પંચ જે કંઈ પગલાં ભરે તે ભારતીય દંડ સંહિતા-૧૮૬૦ની કલમ-૧૯૩ અને કલમ-૨૨૮ અન્વયે માન્ય ઠરે છે. બીજી કોઈ અદાલતને નગરસેવકને ગેરલાયક ઠરાવવાની સત્તા મળતી નથી.

- આ કાયદામાં એવી પણ જોગવાઈ કરવામાં આવી છે કે જે નગર સેવક ગેરલાયક ઠરે તે રાજ્યના ચૂંટણી પંચના એ અંગેના હુકમની તારીખથી છ વર્ષ સુધી કોઈ પણ સ્થાનિક સ્વરાજની સંસ્થાની ચૂંટણીમાં ઉમેદવાર બની શકતો નથી. વળી, તે આવા હુકમ પછી બાકી રહેલી મુદત માટે પણ નગરસેવકના હોદ્દા પર રહી શકતો નથી.
- નગરપાલિકાના અધિકારીને રાજ્યના ચૂંટણી પંચ દ્વારા એક રજિસ્ટર જાળવવાની જવાબદારી સોંપવામાં આવે છે. તે આ રજિસ્ટરમાં રાજકીય પક્ષ, અપક્ષ કે જોડાણ વિશેની માહિતી નોંધે છે.

### ઉપસંહાર

પક્ષપલટા-વિરોધી કાનૂનમાં એવી ખાતરી અપાયેલી હોવી જોઈએ કે ઉમેદવાર એક વાર ચૂંટાય પછી પક્ષપલટો ના કરે અને વિકાસના પ્રશ્નો પર ધ્યાન આપે. રાજ્ય સરકારની એ જવાબદારી છે કે તે આ પ્રકારનો કાયદો ઘડે. શહેરી સ્થાનિક સ્વરાજની સંસ્થાઓમાં શાસન સુધરે તે માટે નીતિ નિર્ધારકોએ આવો કાયદો ઘડાય તે બાબત ઉપર ધ્યાન આપવાની જરૂર છે. પાલિકામાં ચૂંટાયેલા સભ્યો અને વિવિધ રાજકીય નેતાઓની બનેલી પાલિકામાંથી જ આ માટે દબાણ ઊભું થાય તો પક્ષપલટા-વિરોધી કાનૂન ઘડવા માટેની પ્રક્રિયા ઝડપી બને.

અહીં બિન-સરકારી સંગઠનો અને સંશોધન સંસ્થાઓની ભૂમિકા પાલિકાના તમામ હિતધારકોને અને રાજ્ય સરકારને આ બાબતે સંવેદનશીલ બનાવવા માટે અગત્યની છે. આવા કાયદાનો અમલ થશે તો પાલિકાઓમાં જે બેફામ પક્ષપલટા થાય છે તે અટકી જશે. શહેરી સ્થાનિક સ્વરાજની સંસ્થા જો સ્થિર હશે તો તે વિકાસના પ્રશ્નો ઉપર ધ્યાન આપશે અને પક્ષપલટા સંબંધી બાબતો પર ધ્યાન નહિ આપે.

## પૃષ્ઠ ૧૩નું શેષ

છોકરાઓ અને છોકરીઓ પણ એકસમાન ભૂમિકામાં આવે છે અને ઘરનું પ્રવર્તમાન વાતાવરણ બદલાઈ જાય છે. આમ, બાળકો તેમના આરંભિક જીવનમાં જ સામાજિક પૂર્વગ્રહોમાંથી બહાર આવે છે.

**૪. બાળકોનું વધારે સારું પોષણઃ**

ભારતમાં અને રાજસ્થાન જેવા રાજ્યમાં તો વિશેષ ૫૨ ટકા બાળકો અપોષણથી પિડાય છે. અનેક વિસ્તારોમાં ભૂખમરો સામાન્ય બીના છે. મધ્યાહ્ન ભોજન યોજના આવાં બાળકોને જરૂરી પોષણ પૂરું પાડે છે. વાસ્તવમાં, ઘણાં બાળકો માટે તો આ યોજના હેઠળ મળતું ભોજન જ એકમાત્ર ભોજન હોય છે. જો કે, કેટલાંક રાજ્યોએ બાળકોમાં પોષણનું સ્તર સુધારવા માટેની આ તક ઝડપી લીધી છે. તેઓ સમયે સમયે બાળકોને વધારાનાં પોષક તત્ત્વો પણ આ યોજના હેઠળ પૂરાં પાડે છે. છેલ્લાં ૨૦ વર્ષથી આ બાબતમાં તામિલનાડુ એક અગ્રણી રાજ્ય રહ્યું છે, અને તે ખૂબ જ સારી ગુણવત્તાવાળું મધ્યાહ્ન ભોજન પૂરું પાડે છે.

**૫. દેખરેખ**

મધ્યાહ્ન ભોજન યોજનાની પ્રક્રિયા પર અસરકારક દેખરેખને આ યોજનાની સેવાની ગુણવત્તા સુધારવા માટેનું એક અગત્યનું સાધન ગણવામાં આવે છે. ગ્રામ પંચાયત રોજેરોજની દેખરેખ માટે જવાબદાર હોઈ શકે છે. આરંભમાં એક સપ્તાહમાં એક વાર તે આ કામ કરી શકે. પંચાયતના સભ્યોની બનેલી એક સમિતિની રચના કરવી જોઈએ અને તેના દરેક સભ્યને જવાબદારી સોંપવી જોઈએ. દેખરેખ માટેના નિર્દેશકો વિકસાવી શકાય અને તે માટેનું સરળ માળખું બનાવી શકાય અને તેનો ઉપયોગ દેખરેખ માટેની માર્ગદર્શિકા તરીકે કરી શકાય.

### ગ્રામ પંચાયત દ્વારા મધ્યાહ્ન ભોજન યોજનાની દેખરેખ માટેના સૂચિત નિર્દેશકો

દેખરેખ માટેની પ્રક્રિયા ભોજનની વસ્તુઓની પ્રાપ્તિથી શરૂ કરીને ભોજન બાળકોને પીરસવામાં આવે ત્યાં સુધીની હોય છે. દરેક પ્રક્રિયામાં જથ્થાત્મક અને ગુણાત્મક બંને પાસાં હોય છે. એ બંનેની પ્રક્રિયાની કાળજી રાખવી જરૂરી છે. દા.ત. પ્રાપ્તિના સમયે સરકારનાં ધોરણો મુજબ જથ્થો છે કે નહિ તેની તપાસ કરવાની જરૂર હોય છે. વનસ્પતિ તેલ, ઘઉં, પાણી, બળતણનું લાકડું વગેરેની ગુણવત્તા પણ ચકાસવાની જરૂર રહે છે. સ્વચ્છ અને શેડવાળા સ્ટોર રૂમ, સખત ફિટ થાય તેવાં પાણી અને અનાજ સંઘરવાના પીપ, સ્ટોક રજિસ્ટર વગેરે બાબતો પણ સંગ્રહની પ્રક્રિયાના સંદર્ભમાં અગત્યની છે. રાંધવા અને પીરસવાની બાબતમાં અનેક પાસાં અગત્યનાં છે. જેમ કે, રસોઈયા પાસે સહાયક મજૂર હોય, રસોડું સ્વચ્છ હોય, રસોડું હવા-ઉજાસવાળું અને શેડવાળું હોય, પ્રકાશની પૂરતી વ્યવસ્થા હોય, અગ્નિ સામે સુરક્ષાની જોગવાઈ હોય અને રાંધવાનાં વાસણો સ્વચ્છ હોય. આ ઉપરાંત, રસોઈમાં યોગ્ય માપમાં જરૂરી સામગ્રી વપરાય એ જોવું પણ જરૂરી છે. વાસણો સ્વચ્છ હોય, પીરસનારનું વર્તન વિનમ્ર હોય, પૂરતા પ્રમાણમાં ભોજન પીરસવામાં આવે અને સ્ત્રી-પુરુષ, ધર્મ કે જ્ઞાતિના આધારે ભેદભાવ ન કરવામાં આવે. ભોજનનો સ્વાદ, આરોગ્યની અને સફાઈની કાળજી લેવાય, પાણીની વ્યવસ્થા હોય અને બાળકોને બેસવાની વ્યવસ્થા હોય.

# એકાકી નારીઓની મુસીબતોમાં વધારો

ગુજરાતમાં એકાકી નારીઓને સહાય આપતી એક યોજના ચાલે છે. થોડા સમય અગાઉ ગુજરાત સરકારે આ યોજનાના અમલ અંગે એક ઠરાવ જારી કર્યો છે. પ્રસ્તુત લેખમાં કચ્છના 'એકલ નારી શક્તિ મંચ'નાં **સુશ્રી સુશીલા પ્રજાપતિ** આ ઠરાવની વિગતો આપીને તે એકાકી નારીઓની મુસીબતો કેવી રીતે વધારે છે તે સમજાવે છે, અને સાથે સાથે યોજનાને વધુ ઉપયોગી બનાવવા માટે સૂચનો કરે છે.

## સંદર્ભ

તાજેતરમાં ગુજરાત સરકારે એક ઠરાવ એકાકી સ્ત્રીઓ વિશે જાહેર કર્યો છે અને તે સૌથી વધારે અસહાય એવી આ એકાકી સ્ત્રીઓને પૂરી પાડવામાં આવતી સહાયને વિપરીત રીતે અસર કરે છે. આ ઠરાવ બહાર પડ્યો તે પહેલાં ૧૮થી ૬૦ની વયની વિધવા, ત્યક્તા કે અસહાય સ્ત્રીને દર મહિને રૂ. ૫૦૦ની સહાય મળતી હતી. એ ઉપરાંત, બાળક દીઠ રૂ. ૮૦ની બે બાળકોની મર્યાદામાં રહીને સહાય મળતી હતી. એ સહાય સૌથી મોટું બાળક ૨૧ વર્ષનું થાય ત્યાં સુધી મળતી હતી. ગરીબ સ્ત્રીઓ માટે રૂ. ૫૦૦ની સહાય એક ખૂબ મોટા ટેકારૂપ બની રહેતી હતી કારણ કે બાળકોની તમામ પ્રકારની જવાબદારી તેમણે વેંઢારવી પડતી હતી.

ગુજરાત સરકારે તા.૧-૮-૨૦૦૩ના રોજ અમલી બને તે રીતે ઠરાવ નં. એન.વી.નં.-૧૦૨૦૦૩-૯૬ પસાર કર્યો છે અને આ સ્ત્રીઓને મળતી સહાય બંધ કરી દીધી છે. બંધારણમાં આપવામાં આવેલા રાજ્ય નીતિના માર્ગદર્શક સિદ્ધાંતો અનુસાર આ પ્રકારની અસહાય અને ગરીબ એકાકી સ્ત્રીઓને મદદ કરવી એ રાજ્યની જવાબદારી છે અને સમાજમાં છેવાડે રહેતી એ સ્ત્રીઓને એવી મદદ મેળવવાનો અધિકાર છે.

નવા ઠરાવમાં એમ જણાવવામાં આવ્યું છે કે -

(૧) માત્ર ૪૦થી ૬૦ વર્ષની વિધવા સ્ત્રીને જ જો કોઈ પુત્ર ૨૧ વર્ષથી વધુ વયનો ના હોય તો આ સહાય મળશે.

(૨) ૧૮થી ૪૦ની વયની માત્ર વિધવા સ્ત્રીને જ આવક સર્જન માટે કૌશલ્યની તાલીમ પૂરી પાડવામાં આવશે અને જીવનનિર્વાહ માટે રૂ. ૩૦૦૦ની મર્યાદામાં સાધનોની સહાય કરવામાં આવશે.

(૩) તા.૧-૮-૨૦૦૩ સુધીમાં ૪૦ સુધીની વય ધરાવતી માત્ર વિધવા એકાકી સ્ત્રીએ આ યોજના હેઠળ લાભ મેળવવા માટે પોતાના પતિના મૃત્યુની તારીખથી છ માસ સુધીના સમયગાળામાં અરજી કરવાની રહેશે. આ ઠરાવ અમલમાં આવે ત્યારથી બે વર્ષ સુધીના ગાળામાં એટલે કે ૨૦૦૫ સુધીમાં જો તાલીમ પૂરી કરવામાં નહિ આવે તો તેઓ આ સહાયની પાત્રતા ગુમાવશે. ૧૮થી ૪૦ની વયની પાત્ર વિધવા સ્ત્રીઓને ૧-૮-૨૦૦૩થી માત્ર બે વર્ષ સુધીના સમયગાળા માટે નાણાકીય સહાય મળશે. આ વયજૂથ માટે નાણાકીય સહાય ફરી વાર ચાલુ કરવામાં આવશે નહિ.

(૪) દર વર્ષે જુલાઈ માસમાં લાભાર્થી વિધવાએ તેણે પુનર્લગ્ન કર્યાં નથી તેવા મતલબનું મામલતદાર કે તાલુકા વિકાસ અધિકારીનું પ્રમાણપત્ર રજૂ કરવું પડશે.

(૫) લાભાર્થી વિધવાએ પાંચ છોડ ઉછેરવાના રહેશે અને તેનું પ્રમાણપત્ર તલાટી આપશે.

જો ઉપરોક્ત નિયમોનું પાલન નહિ કરવામાં આવે તો સહાય રદબાતલ ઠરશે.

## ઠરાવના સૂચિતાર્થો

### છૂટાછેડા પામેલી, ત્યક્તા અને અપરણિત ગરીબ સ્ત્રીઓ માટે કંઈ જ નહિ

એકાકી સ્ત્રીઓમાં ત્યક્તાઓ, છૂટાછેડા પામેલી સ્ત્રીઓ અને નાણાકીય મુસીબતો તથા વિકલાંગતાને લીધે લગ્ન નહિ કરી શકનારી સ્ત્રીઓનું પ્રમાણ ઘણું મોટું છે. આ ઠરાવ આ સ્ત્રીઓને યોજનાના લાભાર્થી બનાવતો નથી કે જેઓ વિધવા સ્ત્રીઓ જેટલી જ કે તેથી પણ વધારે અસહાય છે. આ સ્ત્રીઓનો ઉલ્લેખ આ ઠરાવમાં ક્યાંય કરવામાં આવ્યો નથી.

### ૧૮થી ૪૦ વર્ષની વયની એકાકી સ્ત્રીઓને સહાય નહિ અપાય

આ ઠરાવમાં સૌથી વધુ જરૂરતમંદ અને સૌથી વધુ અસહાય એવી સ્ત્રીને અવગણવામાં આવી છે કે જે ૧૮થી ૪૦ની વયની છે અને લગ્ન જીવનમાં અધવચ્ચે જ તેણે પોતાનો પતિ ગુમાવ્યો છે. તેમણે છ માસમાં ફરીથી પોતાની નોંધણી કરાવવાની છે અને એક વર્ષમાં તાલીમ અભ્યાસક્રમ પૂરો કરવાનો છે. જે સ્ત્રીએ હજુ હમણાં જ પોતાનો પતિ ગુમાવ્યો હોય અને આઘાત પામી હોય અને તેણે જ્યારે

ઘરનો ખૂણો પાળવાનો હોય ત્યારે તેને માટે આ કેવી રીતે શક્ય બને? વિધવા સ્ત્રીએ ઘરમાં જ રહેવાનો સમય જુદા જુદા સમુદાયોમાં જુદો જુદો હોય છે. દરબારોમાં ૯ માસ અને આહિરો, પટેલો અને દલિતોમાં ત્રણ માસ. મુસ્લિમોમાં પણ ઈદ્દતનો રિવાજ છે કે જેમાં સ્ત્રી ત્રણ માસિક ધર્મના સમય સુધી ઘરમાં જ રહે છે. આ સમયગાળા પછી પણ આઘાતમાંથી અને દુઃખમાંથી બહાર આવતાં સ્ત્રીને ઘણો સમય લાગે છે અને પરિવારની જવાબદારી તે ઝડપથી વેંઢારી શકવા શક્તિમાન બનતી નથી. આવી પરિસ્થિતિમાં સ્ત્રી પોતાની નોંધણી કરાવે અને એક વર્ષમાં તાલીમ અભ્યાસક્રમ પૂરો કરે એ કેવી રીતે શક્ય બને?

બીજું એક મોટું પરિબળ એ છે કે ભારતમાં પરિવારમાં પેટિયું રળનાર પતિ છે. આવી સામાજિક-સાંસ્કૃતિક પરિસ્થિતિમાં સ્ત્રી ઘરેલૂ કામકાજ કરે છે અને બાળકોનો ઉછેર સંપૂર્ણપણે પતિ ઉપર નિર્ભર હોય છે. આથી પતિના મૃત્યુથી તે વધારે અસહાય બને છે. એ સમયે તે સૌથી વધુ અસહાય હોય છે અને તેને નાણાકીય તથા સામાજિક ટેકાની જરૂર હોય છે.

**ઠરાવ સામાજિક-સાંસ્કૃતિક વાસ્તવિકતાને લક્ષમાં લેતો નથી**

કૌશલ્યની તાલીમ આપીને તેમ જ જીવનનિર્વાહ માટે સાધન સામગ્રીનો ટેકો પૂરો પાડીને એકાકી સ્ત્રીઓને સ્વાવલંબી બનાવવાનો વિચાર ખૂબ જ આકર્ષક છે. પરંતુ સ્વૈચ્છિક સંસ્થાઓનો અનુભવ એમ દર્શાવે છે કે કૌશલ્યની તાલીમ અપાય અને જીવનનિર્વાહ માટે સાધન-સામગ્રીનો ટેકો પૂરો પડાય તો પણ સફળતાનું પ્રમાણ ખૂબ જ ઓછું રહે છે. વિસ્તારની જરૂરિયાત અને બજારના અભ્યાસ પછી પણ આવું બનતું હોય છે. નાનાં કામો અને ગૃહ ઉદ્યોગો લગભગ મરી પરવાર્યા છે તેવી સ્થિતિમાં સ્ત્રીઓ પોતે આ રીતે જીવનનિર્વાહ રળે અને ગૌરવપ્રદ જીવન જીવે એવી અપેક્ષા રાખવી યોગ્ય નથી. બાળકોને ટેકો આપવા અને ઉછેરવા માટે સ્ત્રીઓએ મજૂરી કરવા જવું પડે છે ત્યારે તેઓ તાલીમ કાર્યક્રમોમાં હાજરી આપે એવી અપેક્ષા રાખવી વધારે પડતી છે.

**૪૦થી ૬૦ની વયની એકાકી સ્ત્રીઓની અવગણના**

જે સ્ત્રીઓ ૪૦થી ૬૦ની વય દરમ્યાન પતિ ગુમાવે છે તેઓ મોટે ભાગે ૧૭થી ૨૦ની વયનાં સંતાનો ધરાવતી હોય છે. આવી સ્ત્રીઓને આ ઠરાવ અન્વયે સહાય નહિ મળે કારણ કે તેમનાં સંતાનો હવે કમાઈ શકે તેટલાં મોટાં થઈ ગયાં છે. જો એમાંની કેટલીક સ્ત્રીઓ લાભ મેળવવા પાત્ર ઠરશે તો પણ માત્ર છ માસ કે એક વર્ષ માટે જ પાત્ર ઠરશે. આમ, આ ઠરાવ બંને વય જૂથોની એકાકી સ્ત્રીઓને ખૂબ જ સિફતપૂર્વક અવગણે છે.

**લખાપટ્ટીના બોજામાં વધારો**

આ ઠરાવ પહેલાં સહાય મેળવવા માટે ગરીબ સ્ત્રીઓને અનેક પ્રકારના દસ્તાવેજો ભેગા કરવા પડતા હતા. તેમાં પતિના મૃત્યુનું પ્રમાણપત્ર, પોતાની અને પોતાનાં સંતાનોની વયનાં પ્રમાણપત્રો, આવકનું પ્રમાણપત્ર, રેશન કાર્ડની પ્રમાણિત નકલ, પ્રમાણિત ફોટાઓ વગેરેનો સમાવેશ થાય છે. આ બધા દસ્તાવેજો તેમણે ગ્રામ પંચાયત, તલાટી, તાલુકા વિકાસ અધિકારી અને મામલતદારો પાસેથી મેળવવાના હોય છે. આ ઠરાવ આ બોજો હળવો તો નથી જ કરતો પણ અસહાય સ્ત્રીઓના બોજામાં વધારો કરે છે. તેણે પુનર્લગ્ન કર્યા નથી તેવું પ્રમાણપત્ર મામલતદાર પાસેથી કે તાલુકા વિકાસ અધિકારી પાસેથી દર વર્ષે મેળવવું પડશે અને તે દર વર્ષે જુલાઈ માસમાં સુપરત કરવું પડશે. આ બંને સત્તાવાળાઓ શહેરોમાં હોય છે અને ગામથી ઘણા દૂર હોય છે તેઓ કેવી રીતે એ પ્રમાણપત્ર આપી શકે અને ગરીબ તથા નિરક્ષર સ્ત્રીઓ એવા સંજોગોમાં એ અધિકારીઓનો સંપર્ક કેવી રીતે વારંવાર કરી શકે?

એકાકી સ્ત્રીઓ પર પર્યાવરણને હરિયાળું બનાવવાની જવાબદારી લોક કહેતી એવી છે કે 'પડ્યા પર પાટુ'. આ ઠરાવ આ લોક કહેતીને સાચી ઠેરવે છે. તે એકાકી સ્ત્રીઓને પાંચ વૃક્ષો ઉછેરવાનું જણાવે છે. ઉદ્યોગપતિઓ અને ધંધાદારીઓને તેમનો ધંધો શરૂ કરવા માટે લોન અપાય છે, જમીન અપાય છે અને જરૂરી પરવાનગીઓ અપાય છે ત્યારે તેમને કદી પણ વૃક્ષો ઉછેરવાનું કહેવામાં આવતું નથી. કેટલાંક રાજ્યોમાં તો આ બધું 'એક બારી' (સિંગલ વિન્ડો) પદ્ધતિથી આપવામાં આવે છે. જેઓ ચૂંટણીઓ લડે છે, જંગી સબસિડીઓ અને લોન મેળવે છે અને રાજ્ય પાસેથી અન્ય લાભો મેળવે છે તેમને કદી પણ વૃક્ષો ઉગાડવાનું કહેવામાં આવતું નથી. તો પછી શા માટે માત્ર એકાકી સ્ત્રીઓને જ તે કહેવામાં આવે છે.

કચ્છ જેવા વિસ્તારોમાં જ્યારે દુકાળ હોય અને પાણીની અછત હોય અને પાણી લેવા માટે માઈલો દૂર જવું પડતું હોય ત્યાં પાંચ વૃક્ષો ઉછેરવાનું કેવી રીતે કોઈ વિચારી શકે?

પર્યાવરણને હરિયાળું બનાવવાનું ઈચ્છનીય છે અને તે દરેક નાગરિકની જવાબદારી બનવી જોઈએ, માત્ર એકાકી નારીની નહિ. તેને તે માટે ફરજ પાડવી જોઈએ નહિ અને તેની બાકીના તમામ લોકોને ફરજ પાડવી જોઈએ કે જેઓ એક યા બીજી રીતે રાજ્યની વિવિધ યોજનાઓનો લાભ મેળવે છે.

**'એકલ નારી શક્તિ મંચ'ની માગણીઓ**

એકાકી સ્ત્રીઓ માટે લડતું જૂથ 'એકલ નારી શક્તિ મંચ' આ

| ક્રમ | નવા ઠરાવ મુજબ કરાયેલા ફેરફારો | મંચ દ્વારા સૂચિત ફેરફારો |
|---|---|---|
| ૧. | લાભાર્થી માટે ઉંમર મર્યાદા ૪૦થી ૬૦વર્ષ | ૧. ૧૮થી ૬૦ વર્ષની મૂળ જોગવાઈ યથાવત્ રાખવી. |
| ૨. | ૧૮થી ૪૦ વર્ષની વિધવા મહિલાઓને ૧ વર્ષમાં વ્યવસાયલક્ષી તાલીમ આપી પુનઃ સ્થાપિત કરવી. | ૨. ૧૮થી ૪૦ વર્ષની વિધવા મહિલાઓને સમાજના પરંપરાગત રિવાજોના કારણે બહાર નીકળવામાં મુશ્કેલી પડે છે. તેઓને વિવિધ જવાબદારી નિભાવવાની હોવાથી તાલીમ લેવી મુશ્કેલ પડે છે એટલે પૂર્વ શરત રદ કરવી. |
| ૩. | વિધવા થયેલી મહિલાએ વિધવા થયાની તારીખથી ૧ વર્ષમાં અરજી કરવી. | ૩. સામાજિક કુરિવાજોના કારણે મહિલાઓ બહાર નીકળી શકતી નથી. ઉપરાંત, કેટલાંક અંતરિયાળ ગામડાંઓમાં આ વિશે જાણકારી હોતી નથી. આવી સમય મર્યાદાનું પાલન એકલ નારીના હક્ક વિરુદ્ધની વાત છે તેથી તે રદ કરવી. |
| ૪. | ત્યક્તા, છૂટાછેડા, અપરણિત મહિલાઓને સહાય મળશે નહિ. | ૪. ત્યક્તા, છૂટાછેડા, અપરણિત મહિલાઓને સહાય મેળવવાનો હક્ક હોવા જરૂરી છે તેથી આ જોગવાઈ રદ કરવી. |
| ૫. | એકલ મહિલાઓએ બીજા લગ્ન નથી કર્યા તેનું મામલતદાર કે ટી.ડી.ઓ.નું પ્રમાણપત્ર દર વર્ષે જુલાઈ માસમાં રજૂ કરવું. | ૫. ગ્રામ સભાનું પ્રમાણપત્ર માન્ય ગણવું કારણ કે તેઓ ગામમાં આસાનીથી ઉપલબ્ધ હોય છે અને હકીકતથી વાકેફ પણ હોય છે. |
| ૬. | એકલ મહિલાઓએ પાંચ વૃક્ષો ઉછેરવાં. | ૬. પર્યાવરણની રક્ષા કરવી ભારતના દરેક નાગરિકની ફરજ છે આથી તે દરેક યોજનામાં લાગુ થવું જોઈએ. આ જોગવાઈ લાભાર્થી માટે પૂર્વશરત બની રહેવી જોઈએ નહીં. |
| ૭. | ૬-૫-૨૦૦૩ સુધીમાં સહાય મેળવતી મહિલાઓએ પોસ્ટ ઓફિસમાં ખાતા ખોલાવ્યાં હશે તેમને જ સહાય મળશે. | ૭. જાણકારીના અભાવે મોડાં ખાતાં ખોલાવ્યા હોય તેવી મહિલાઓને પણ સહાય મળવી જોઈએ, અને સરકારી અધિકારીઓએ તે માટે મદદરૂપ થવું જોઈએ, યોજનાના અમલ માટે દેખરેખ રાખવી જોઈએ. |

ઠરાવની સખત શબ્દોમાં ટીકા કરે છે અને માગણી કરે છે કે -

(૧) નાણાકીય અવરોધોને લીધે અથવા કોઈક પ્રકારની વિકલાંગતા ધરાવતી હોવાને લીધે લગ્ન ન કરી શકતી સ્ત્રીઓ, ત્યક્તાઓ અને છૂટાછેડા પામેલી સ્ત્રીઓને પણ આ યોજના હેઠળ સહાય મળવી જોઈએ.

(૨) ૧૮થી ૬૦ની વયની એકાકી સ્ત્રીઓને અગાઉ મળતી હતી તે મુજબ રોકડ સહાય મળવી જોઈએ. સૌથી મોટું સંતાન ૨૧ વર્ષની વયનું થાય ત્યાં સુધી ગરીબીની રેખા નીચે જીવતી સ્ત્રીને આ સહાય અગાઉ મળતી હતી તે જ રીતે મળવી જોઈએ. તેમને વિશેની માહિતી જળવાય અને ગ્રામ પંચાયત, ગ્રામ સભા તથા નગરપાલિકાઓમાં વોર્ડ સમિતિ દ્વારા તેની ચકાસણી થાય.

(૩) તેમને માટે નવતર કામો ઊભાં કરીને તેમને સ્વાવલંબી બનાવવાનો પ્રયાસ કરવો જોઈએ. સરકારી નોકરીઓમાં તેમને માટે અનામતો રખાય અને તેઓ ગરીબીની રેખાની ઉપર આવે ત્યાં સુધી રોકડ સહાય ચાલુ રાખવી જોઈએ.

(૪) લખાપટ્ટીનો બોજો ભારે ત્રાસદાયક છે અને તે શક્ય હોય તેટલો ઘટાડવો જોઈએ. જે તે પ્રમાણપત્રો આપવાની સત્તા ગ્રામ પંચાયત અને મ્યુનિસિપલ સમિતિઓને સોંપવી જોઈએ. ફરી લગ્ન કર્યાં છે કે નહિ તે ચકાસવાની જવાબદારી ગ્રામ પંચાયત કે પાલિકાની સમિતિની રહે, લાભાર્થી સ્ત્રીની નહિ. તેઓ જ સમાજ સુરક્ષા ખાતાને માહિતી આપે.

(૫) પાંચ વૃક્ષો ઉછેરવાનો નિયમ સ્વૈચ્છિક હોય, ફરજિયાત નહિ.

(૬) અનુભવ એવો રહ્યો છે કે રોકડ સહાય પણ નિયમિત રીતે મળતી નથી અને સરકારી અધિકારીઓ પૈસા નથી એવું કારણ આપે છે. આ સહાય નિયમિત રીતે મળે એવું કરવું જોઈએ.

(૭) લાંબા સમયથી આવકની મર્યાદા યથાવત્ છે. બીજી તરફ, આવશ્યક વસ્તુઓના ભાવો અનેક ગણા વધ્યા છે. તેથી તદનુસાર તેમાં સુધારો કરવો જોઈએ.

(૮) પોસ્ટ ઓફિસમાં બચત ખાતું ખોલાવવા માટેની છેલ્લી તારીખ લાભાર્થી માટે ૬-૫-૨૦૦૩ રાખવામાં આવી હતી. માહિતીના અભાવે ઘણી સ્ત્રીઓ આ સમય મર્યાદામાં ખાતું ખોલાવી શકી

નથી અને તેથી તેમને સહાય મળતી નથી. આ તારીખ બદલવી જોઈએ.

## સરકારના નિર્ણય સામે રોષ

આ અંગે વિવિધ સ્તરે સરકારી અધિકારીઓ તથા મંત્રી સમક્ષ રજૂઆતો કરવા છતાં સરકાર દ્વારા એકલ નારીના મુદ્દે કોઈ પહેલ નથી. પરિણામે, રાજ્યમાં વિવિધ સ્થળોએ વિવિધ જૂથો સાથે કાર્યરત સ્વૈચ્છિક સંસ્થાઓની એક મીટિંગ તા.૨૪-૧૧-૦૪ના રોજ યોજવામાં આવી હતી.

આ મીટિંગનો મુખ્ય ઉદ્દેશ સૂચિત પેન્શન યોજના બંધ કરવામાં આવી રહી છે તેની જાણ કરવા ઉપરાંત એકલ નારીની સમસ્યાઓને કેવી રીત વાચા આપી શકાય અને તે માટેની રણનીતિ શું હોઈ શકે તેની રૂપરેખા તૈયાર કરવાનો હતો આ મીટિંગમાં થયેલી ચર્ચા, પ્રવૃત્તિ, આયોજનની વિગતો અહીં ટૂંકમાં રજૂ કરી છે. આ ટૂંકા અહેવાલ દ્વારા એકલ નારી શક્તિ મંચ રાજ્યભરમાં પ્રવૃત્ત સામાજિક સંસ્થાઓ સુધી પહોંચવાની નેમ ધરાવે છે અને તેઓને એકલ નારીના પ્રશ્ને સક્રિય બની, આ મંચમાં જોડાવા આમંત્રણ આપે છે.

### મીટિંગમાં ચર્ચાયેલા મુદ્દાઓ

(૧) ગુજરાત સરકારના ઠરાવ (ક્રમાંક નવસ-૧૦૨૦૦૩-૯૬-અ તા.૧-૮-૨૦૦૩) મુજબ અમલમાં મુકાયેલા ફેરફારોની જાણકારી.

(૨) સૂચિત ઠરાવ મુજબ એકલ નારી પુનર્વસનની પેન્શન યોજનામાં જે ફેરફાર કર્યા છે તે અંગે વિગતે ચર્ચા-વિચારણાના અંતે સર્વસંમતિ મુજબ યોજનામાં સુધારો કરવાના સૂચનોની યાદી.

(૩) એકલ નારી સ્વમાનભેર, સામાજિક સલામતી મેળવી શકે તે માટે અમલમાં મૂકવાનાં વ્યૂહાત્મક પગલાંઓ વિશે ચર્ચા જેવી કે કાનૂની લડત, લોક પેરવીની વિવિધ કાર્યક્રમો, પ્રવૃત્તિ, એકલ નારી વિશે માહિતી એકત્ર કરવી વગેરે.

(૪) વિવિધ કાર્યક્રમોના અમલ માટે ભાવિ આયોજન તથા આ મંચ સુવિધાજનક રીતે પ્રવૃત્ત રહે તે માટે જવાબદારીઓની વહેંચણી.

આ મીટિંગમાં લગભગ ૪૦ કર્મશીલ, સ્વૈચ્છિક સંસ્થાના પ્રતિનિધિઓ હાજર હતા. મીટિંગની શરૂઆતમાં એકલ નારી શક્તિ મંચ - કચ્છ તથા સમાજિક ન્યાય કેન્દ્ર દ્વારા આ મુદ્દે કરેલી પ્રવૃત્તિઓની રજૂઆત થઈ. તે પછી સૂચિત સરકારી ઠરાવ મુજબ યોજનામાં થયેલા ફેરફાર વિશે એક પછી એક મુદ્દા પર ચર્ચા થઈ અને આ ચર્ચાના અંતે યોજનામાં થયેલા ફેરફારોની વિરુદ્ધમાં મંચ દ્વારા નક્કી થયેલાં સૂચનોની યાદી તૈયાર કરવામાં આવી જે અહીં ટૂંકમાં રજૂ કરી છે.

આ ચર્ચા બાદ કયાં પગલાં લેવાં જોઈએ તેનું આયોજન કરવામાં આવ્યું હતુંઃ

(૧) દરેક જિલ્લા સ્તરેથી આ મુદ્દાને ઉપાડવો અને એક દિવસ નક્કી કરી દરેક જિલ્લાના કલેક્ટરને આવેદનપત્ર આપવું. તા. ૧૬ ડિસેમ્બર- ૨૦૦૪નો દિવસ સૌને યોગ્ય જણાયો હતો અને આ આવેદનપત્ર આપતી વખતે ઓછામાં ઓછી ૨૫ એકલ નારી સાથે હોવી જોઈએ.

(૨) પોસ્ટ કાર્ડ, સહી ઝુંબેશ ચલાવવી. આ કાર્યક્રમની શરૂઆત તા.૬.૧૨.૨૦૦૪ના રોજ 'આનંદી' સંસ્થા દ્વારા યોજાયેલા અન્ન સુરક્ષા અધિવેશનથી કરવામાં આવી છે.

(૩) ગાંધીનગર ખાતે મોટા પાયે સંમેલન કરી વિરોધ પ્રદર્શિત કરવો.

(૪) ગુજરાત હાઈ કોર્ટમાં જનહિતની અરજી દાખલ કરવી. આ માટે કયાં કાનૂની પગલાં લઈ શકાય તેની રણનીતિ વિશે 'સામાજિક ન્યાય કેન્દ્ર' (જનવિકાસ) દ્વારા તા.૧૦-૧૨-૨૦૦૪ સુધીમાં જાણ કરવામાં આવશે.

(૫) વહીવટી તંત્ર, ન્યાય તંત્રમાં પણ આ મુદ્દે રજૂઆતો કરવી.

(૬) જુદાં જુદાં સ્થળોએથી એકલ નારીના જીવન વર્ણવતા કેસ સ્ટડી તૈયાર કરી જન સમૂહ માધ્યમો દ્વારા પ્રચાર કરવો. જેથી આ મુદ્દે જનજાગૃતિ વધે અને સમાજના વિવિધ લોકો મંચને સાથ-સહકાર આપે.

(૭) રાજ્યભરમાંથી એકલ નારી વિશે માહિતી એકઠી કરવી કે જેના આધારે લોક પેરવી કરી શકાયું આ માટે દરેક સંસ્થા તાલુકા દીઠ ઓછામાં ઓછા ૫૦ ફોર્મ ભરીને ૧૫ જાન્યુઆરી-૨૦૦૫ સુધીમાં એક્શન એઈડ-અમદાવાદની ઓફિસે જમા કરાવશે.

આ ફોર્મ વર્ષા, મીના, સુશીલા તૈયાર કરશે જે મંચના સભ્યોને મોકલી આપવામાં આવશે. તેઓના આ ફોર્મ અંગે પ્રતિભાવ મેળવી ફોર્મ મંચની તમામ સંસ્થાઓને મોકલી આપવામાં આવશે.

(૮) મંચમાં હાજર સહભાગી સંસ્થાઓ-વ્યક્તિઓ ઉપરાંત અન્ય કર્મશીલો, સંસ્થાઓ આ અંગે કાર્યાન્વિત થાય તે જરૂરી છે એમ સૌએ અનુભવ્યું. આથી વિવિધ વ્યક્તિ-સંસ્થાઓએ પોતાના કાર્યક્ષેત્રમાં પ્રવૃત્ત અથવા તેઓ સાથે નજીકનો સંબંધ ધરાવતી સંસ્થાઓને આ અંગે જાણકારી પૂરી પાડશે તથા મંચની પ્રવૃત્તિઓને વેગ આપવા મંચમાં જોડાવા આમંત્રણ આપશે.

(૯) આ મંચની પ્રવૃત્તિઓનું સંકલન ૧ મે-૨૦૦૫ સુધી કરવા માટે એકલ નારી શક્તિ મંચ દ્વારા જવાબદારી લેવામાં આવી

છે તેની અમદાવાદ ખાતેની ઓફિસ મંચના સંકલન એકમ તરીકે કામગીરી બજાવશે.

(૧૦) આ પ્રવૃત્તિઓને વેગીલી રાખવા માટે એક સંકલન સમિતિ બનાવવામાં આવી છે.

## સ્થાનિક એકલ નારીઓનો અવાજ

**નામઃ બબીબહેન પોપટભાઈ કોલી**
**ઉંમરઃ ૩૬ વર્ષ**
**ગામઃ તુણા (વંડી)**
**સંતાનઃ નથી**
**શ્રેણીઃ વિધવા**

મારાં લગ્ન આજથી ૨૦ વર્ષ અગાઉ તુણા ગામમાં થયાં હતાં. લગ્ન બાદ અમો સાસરી પક્ષના સંયુક્ત કુટુંબમાં રહેતા હતા, ઘરમાં થતા નાના ઝઘડાઓના કારણે મેં અને મારા પતિએ અલગ રહેવાનું નક્કી કર્યું. હું અને મારા પતિ શરૂઆતથી મીઠાના અગરમાં કામ કરતા હતા અને અમારું ગુજરાન ચલાવતા હતા. લગ્નજીવનનાં પાંચ વર્ષ બાદ અમને સંતાન સુખ પ્રાપ્ત થયું પણ તે સુખ થોડા સમય માટેનું જ હતું, મારી કૂખે નવ સંતાનને જન્મ આપ્યો પરંતુ તેમાંથી એક પણ સંતાન એક માસથી વધુ જીવન જીવ્યું નહીં.

અમે સંતાન સુખની આશા છોડી મજૂરી કામ કરી પતિ-પત્ની એકબીજાના સહારે જીવન વ્યતીત કરી રહ્યા હતા. પરંતુ કુદરતને અમારું આ સુખી જીવન પણ મંજૂર ન હતું આથી એક દિવસ અચાનક મારા પતિનું વધારે પડતી મહેનત કરતા હોવાથી મૃત્યુ થયું જેથી મારા પર એક મોટી આફત આવી ગઈ મારું જીવન ઓશિયાળું બની ગયું.

હું બાળપણથી જ કુદરતની ક્રૂર મજાકનો શિકાર થતી આવી છું. મારા મા-બાપની હું એક જ સંતાન હતી, નાનપણમાં જ મેં મારાં મા-બાપની છત્રછાયા ગુમાવી હતી. મારા માતાના કે પિતાના કુટુંબમાં પણ કોઈ ન હતું. બાળપણમાં ઠોકરો ખાતાં ખાતાં આડોશ-પાડોશના સહારે હું મોટી થઈ છું. મારા લગ્ન તુણા ગામમાં થયા ત્યારે મને થયું કે હવે જીવનમાં મારું પોતાનું કોઈ છે. પરંતુ કુદરત તો મારી પાછળ હાથ ધોઈને પડી હતી, હું જેને પોતાના માનતી હતી તે પણ મારાથી હંમેશને માટે પરાયા થઈ ગયા.

આજથી છ વર્ષ અગાઉ મારા પતિનું મૃત્યુ થયું અને ગામ લોકો દ્વારા સરકાર દ્વારા મળતી સહાયની જાણકારી મળી અને તેમણે મને આ સહાય મેળવવા માટે જણાવ્યું. સરકારી સહાયની જોગવાઈઓ પ્રમાણે સહાય મેળવવા મેં આજુબાજુમાંથી ઉછીના પૈસા લઈ ઘણા ધક્કા ખાધા. ઉપરાંત, તલાટી પાસે દાખલા કઢાવવામાં પણ ઘણી મુશ્કેલી વેઠી. આટલી મુશ્કેલીઓ વેઠયા બાદ મને સરકારી સહાય મળતી થઈ. તેનાથી મને ખાસ્સી રાહત મળી. પણ સરકારી સહાય મને ક્યારેય નિયમિત મળતી નથી મળી. પરંતુ એક આશા રહે કે આવતા મહિને સહાય આવશે ત્યારે ચુકવણું કરી દઈશું એવું માની દુકાનદાર પાસેથી ઉધાર ચીજવસ્તુ ખરીદી લાવી મારું ગુજરાન ચલાવું છું.

સરકારે સહાયમાં કરેલા ફેરફારોને કારણે મને મોટો ફટકો પડ્યો છે. સરકારના નવા જી આર પ્રમાણે હું તાલીમમાં જોડાઈ શકું તેમ નથી. ઉપરાંત, સરકારે નક્કી કર્યા પ્રમાણે સાધન સહાયની મર્યાદામાં ગામની દસ એકલ મહિલાઓ કેવી રીતે રોજગારી મેળવી શકશે, એકલ મહિલાઓ (વિધવા)ને પગભર કરવાનો સારો વિચાર છે પણ તે કેટલો અસરકારક છે તે સરકારે જોવું જોઈએ. સરકારની ત્રણ હજાર રૂ.ની મર્યાદામાં મળનારી સાધન સહાયથી ગામડામાં રોજગારી મળવી મુશ્કેલ છે. સરકાર દ્વારા અનિયમિત મળતી સહાયથી મને ઘણી રાહત હતી. આ સહાય બંધ થશે તો મારા જેવી જીવનમાં હંમેશ સંઘર્ષમય જીવન વીતાવી રહેલી મહિલાઓને મોટો ફટકો પડશે.

**નામઃ ફાત્માબહેન ઈસા મથડા**
**ઉમંરઃ ૨૮ વર્ષ**
**ગામઃ દેવળિયા (અંજાર, કચ્છ)**
**બાળકોઃ નથી**
**કેટેગરીઃ ત્યક્તા**

ફાત્માબહેનના લગ્ન લગભગ ૭ વર્ષ પૂર્વે તેમના સગા ફોઈના છોકરા સાથે થયા હતા. તેમનો ઘરસંસાર માંડ ૨ વર્ષ ચાલ્યો હશે અને તેમના પતિની માગણીઓ શરૂ થઈ ગઈ અને વારંવાર ઝઘડા કરી કોઈ ને કોઈ બહાને મારઝૂડ કરતો અને "તારા પિયરથી પૈસા લઈ આવ નહિતર અહીંથી ભાગી જા" આવું કહી તેમને માર મારતો.

ફાત્માબહેને આવી પરિસ્થિતિ સહન કરીને પણ બે વર્ષ ઘરસંસાર ચલાવ્યો પરંતુ શારીરિક, માનસિક ત્રાસ વધતો જતો હતો. સમાજ દ્વારા પણ સમાધાન માટેના પ્રયત્નો કર્યા પણ ફાત્માબહેનને ક્યાંય જીવન જીવવા માટેની દિશા ન દેખાઈ. આથી થાકી-હારી તેમને તેમના પતિના કહેવા પ્રમાણે તે કાયમ માટે પોતાનાં માતપિતાના આશરે આવી ગયા.

ફાત્માબહેનને ભરણપોષણનો દાવો માંડવા સમજાવતાં તેમના શબ્દો

હતા કે આજ સુધી ભરણપોષણનો દાવો માંડનાર કેટલી ત્યક્તા મહિલાઓને સરકારે આસાનીથી ભરણ પોષણ ચૂકવ્યું છે? કોર્ટ કચેરીઓના ધક્કા ખાવા પડે. અમે માંડ બે ટાઈમ ખાઈ શકતા હોઈએ ત્યાં કોર્ટ, વકીલોની ફી અને ભાડા-ભથ્થાના પૈસા વગેરે ક્યાંથી કાઢવા.

ફાત્માબહેનને સરકાર દ્વારા મળતી સહાયની જાણ થઈ અને તેમાં તેમને ફોર્મ ભર્યું પણ સરકારની ગૂંચવણભરી નીતિને કારણે તેમને બહુ જ ધક્કા ખાવા પડયા અને સરકારી ઓફિસોમાંથી ફોર્મ આગળ મોકલ્યું છે. થોડા ટાઈમ પછી ચાલુ થશે તેવા જવાબો સાંભળીને તેમને સહાયની આશા છોડી દીધી અને ત્યાં જ મહાવિનાશક ભૂંકપ આવ્યો અને તેમને પાસે જે થોડુંઘણું હતું તે પણ દફા થઈ ગયું.

તેઓ આ આઘાતમાંથી બહાર આવ્યાં ત્યારે તેમની પાસે કોઈ વ્યવસાય ન હતો આથી તેમને પેન્શનની જરૂરત મહેસૂસ થઈ અને તેઓ ભરેલ ફોર્મની તપાસ કરવા ગયા તો તેમના પર સરકાર દ્વારા બીજા એક ભૂંકપનો આંચકો લાગ્યો. હજુ માંડ માંડ ભૂંકપના આઘાતમાંથી ઊભા થયા હતા ત્યાં સરકારના જી-આરમાં થયેલા સુધારાના કારણે ત્યક્તા બહેનોને સરકારે પેન્શન બંધ કરી દીધું છે તેવું જાણવા મળ્યું.

ફાત્માબહેન કહે છે કે સરકારની આ કેવી નીતિ કે જેમાં કોઈ પણ પ્રકારની જાણકારી વિના એકદમથી પેન્શન બંધ કરી દીધું. સરકારે કહે છે કે ત્યક્તા બહેનોને ભરણપોષણનો કાયદો હોવાથી તે કાયદાનો લાભ લઈ શકે છે આથી તેમને આ પેન્શન બંધ કર્યું છે. પરંતુ વાસ્તવિક પરિસ્થિતિ પ્રમાણે આ લાંબી પ્રક્રિયાઓમાં પડવું, ખોટા ખર્ચા કરવા અને તે છતાંય ચાલુ થાય તો પણ એકાદ-બે મહિના મળી બંધ થઈ જાય.

હાલમાં ફાત્માબહેન તેમની માતાના આપેલ એક રૂમમાં રહી ગામમાં મજૂરી મળે તો કામ કરી પોતાનું ગુજરાન ચલાવે છે. ક્યારેક મજૂરી ના મળે ત્યારે ભૂખ્યા સૂઈ જાય છે. તે તેની આવી સ્થિતિને કારણે ક્યાયં બહાર જઈ શકતા નથી, એ જ ઘર, એ જ કુટુંબ, એ જ ગામ તેમની દુનિયા છે. બહારની દુનિયા શું છે તે પણ તેઓ જોઈ શકતા નથી.

તેમનું રેશન કાર્ડ અલગ નથી, તેમની માતાની સાથે છે. તેને અલગ કરાવવા ઘણા પ્રયત્નો કર્યા પણ હજુ સુધી થયું નથી. તેઓ જણાવે છે કે આવા સમયે જો સરકારી સહાયના ૫૦૦ રૂપિયા મને મળત તો મને ઘણી મદદરૂપ નીવડત પણ સરકારે લીધેલ આ દમનકારી નિર્ણયે અમને ક્યાંય ના રાખ્યા.

**નામઃ જોમીબહેન કોલી**
**ગામઃ જંગી, તા. ભચાઉ**
**ઉંમરઃ ૫૦ વર્ષ**
**શ્રેણીઃ અપરણિત, નિરાધાર, દ્દષ્ટિહીન**

મારું નામ જોમીબહેન કોલી છે. હું ભચાઉ તાલુકાના અંતરિયાળ એવા જંગી ગામમાં રહું છું. હું પોતે દ્દષ્ટિહીન અને નિરાધાર છું. નાનપણથી મારા મા-બાપ અને ભાઈઓ સાથે રહેતી હતી. નાનપણમાં બીમાર પડવાથી મારી બન્ને આંખો જતી રહી. ભાઈઓ પરણીને પોતાના પરિવાર સાથે અલગ થઈ ગયા. મા-બાપના અવસાન પછી હું ઓશિયાળી બની ગઈ. હું અલગ રહું છું, ભાઈ-ભાભી કોઈ વખત જમવાનું આપી જાય, તેમ જ આજુબાજુના લોકો જે કાંઈ ખાવાનું આપે તેનાથી મારું જીવન વીતાવું છું. ભૂંકપમાં મારું મકાન પડી ગયું હતું, મને સહાય ઘણી ઓછી મળેલી, મારા ભાઈ તેમ જ સંસ્થાઓના સહકારથી મારું મકાન તૈયાર થયું છે.

હું નિરાધાર અને દ્દષ્ટિહીન હોઈ મારા ગામના જાણકાર વ્યક્તિ દ્વારા સમાજ સુરક્ષાની નિરાધાર, વિધવા, ત્યક્તા, છુટાછેડા લીધેલ મહિલાઓના પુનર્વસવાટ માટે આર્થિક સહાયની યોજનાનું ફોર્મ ભરાવેલ. ત્યાર બાદ મને સમાજ સુરક્ષા દ્વારા આર્થિક સહાય મળતી હતી. છેલ્લાં બે વર્ષથી મને બિલકુલ સહાય મળતી બંધ થઈ ગઈ છે. મને સમાજ સુરક્ષા તરફથી આજ સુધી કોઈ રીતની માહિતી મોકલવામાં નથી આવી. ગામમાં આવતા સંસ્થાના ભાઈઓ દ્વારા માહિતી મળી કે સમાજ સુરક્ષા તરફથી મળતી આર્થિક સહાય માટેના નિયમોમાં ફેરફાર કરવામાં આવ્યા છે. તે મુજબ મામલતદાર અથવા તાલુકા વિકાસ અધિકારી પાસેથી પ્રમાણપત્ર મેળવવાનું હોય છે. મારા જેવી દ્દષ્ટિહીન તેમ જ અસહાય, નિરાધાર મહિલાઓ કેવી રીતે પ્રમાણપત્ર મેળવી શકે. અત્યાર સુધી તલાટી અને સરપંચના પ્રમાણપત્ર માન્ય રાખવામાં આવતા હતા. તેમની પાસેથી પ્રમાણપત્ર મેળવવમાં ઘણી તકલીફ વેઠવી પડતી હતી. પોસ્ટ ઓફિસમાં ખાતાં ખોલાવવાની વાત હતી તો તે અંગે પણ મને આજ સુધી જાણ નથી, તેમ જ મારું ખાતું ખોલવામાં નથી આવ્યું. અમારા જેવી અસહાય, નિરાધાર અને વિકલાંગ મહિલાઓ પહેલેથી જ સમાજમાં ઉપેક્ષિત હોય છે. જો સરકાર દ્વારા આવા ફેરફારો કરવામાં આવે તો અમારું અસ્તિત્વ ટકાવી રાખવાનું ઘણું મુશ્કેલ બને.

સરકાર પગભર કરવાના ઉદ્દેશથી તાલીમ લેવા અંગે જણાવે છે જે અમારા જેવી દ્દષ્ટિહીન મહિલાઓ માટે કેવી રીતે શક્ય બની શકે? સરકારની આવી દમનકારી નીતિને કારણે મારા જેવી નિરાધાર એકલ મહિલાઓ સાવ નિઃસહાય બની ગઈ છે.

# સાંપ્રત પ્રવાહ

### અન્ન સુરક્ષાઃ આદિવાસીઓનું સંમેલન

ગ્રામ વિસ્તારોમાં બિન-ખેતી આધારિત રોજગારીની તકો નહિવત્ હોવાના કારણે મોટા ભાગની ગ્રામીણ વસ્તી છૂટક ખેતમજૂરી પર આધારિત છે. આ ક્ષેત્ર સાથે સંકળાયેલ લોકોને મોટે ભાગે લઘુતમ વેતન મળતું નથી. જીવનને ટકાવી રાખવા અન્ન સુરક્ષા અને ગરીબી નિવારણના પ્રયાસોની તાતી જરૂર છે. તે માટે યોજનાકીય સુધારણા ઉપરાંત સંસાધનો પર ગરીબોની પહોંચ તથા તેની ન્યાયી વહેંચણી થાય તે ખૂબ જરૂરી છે. લોકઝુંબેશ દ્વારા યોજનાઓની પૂરેપૂરી માહિતી અને તેના અમલમાં રહેલી ખામીઓ બહાર આવે તે માટે પંચમહાલ-દાહોદ તથા સૌરાષ્ટ્ર વિસ્તારમાં કાર્યરત સ્વૈચ્છિક સંસ્થાઓ તથા લોકસંગઠનોએ 'અન્ન સુરક્ષા અધિકાર અભિયાન'ની શરૂઆત કરી છે. આ અભિયાન કોઈ એક વિસ્તાર, સમુદાય કે સંસ્થા સુધી મર્યાદિત નથી.

પંચમહાલ અને દાહોદ વિસ્તારનો આદિવાસી પટ્ટો હંમેશાં દુષ્કાળગ્રસ્ત અથવા તો અછતગ્રસ્ત કહેવાય છે. અન્ન અસુરક્ષાના સવાલો વિકરાળ સ્વરૂપમાં ત્યાં વસતા આદિવાસીઓ સામે ઊભા છે. આ પ્રશ્ને અંગે જાગૃતિ લાવવા તેમ જ તંત્રમાં રહેલ અનિયમિતતાને બહાર લાવવા દેવગઢ મહિલા સંગઠન, પાનમ મહિલા સંગઠન અને આનંદીના સંયુક્ત ઉપક્રમે દેવગઢ બારિયામાં તા.૬-૭ ડિસેમ્બર ૨૦૦૪ના રોજ સંમેલન યોજાયું હતું.

બીજા દિવસે, અન્ન સુરક્ષાના મુદ્દે આદિવાસીઓએ ભજવેલા નાટક દ્વારા જનસુનાવણીની શરૂઆત થઈ. સુનાવણીમાં પંચમહાલ, દાહોદ, ભરૂચ, સાબરકાંઠા, સુરત, ભાવનગર, નર્મદા, વલસાડ, વડોદરા, સૌરાષ્ટ્ર અને મધ્ય ગુજરાતનાં પંદરસોથી વધુ આદિવાસી, દલિત, વંચિત બહેનોએ હાજર રહી રજૂઆતો કરી હતી.




દીવિયાથી આવેલાં બાજીબહેન રાઠવાના ગામમાં હજુ સુધી રસ્તો નથી. ગામ જંગલના અંતરિયાળ વિસ્તારમાં હોવાથી જવા-આવવામાં મુશ્કેલીઓ પડે છે. ગામમાં સસ્તા અનાજની દુકાન નથી. વરસાદમાં સ્થિતિ વધુ કપરી બને છે. આ જ ગામનાં રહેવાસી બોદીબહેન ભૂખમરાથી ગુજરી ગયાં, કારણ કે અનાજ લેવા માટે તેમની પાસે પૈસા નહોતા. આ જ વિસ્તારમાં ગુજાપુરા ગામમાં ૪૯ બીપીએલ કાર્ડધારકોને ૫ કિલો ઘઉં અને ૨ કીલો ચોખા મળે છે. જો કે તેમના કાર્ડમાં ૯ કિલો ઘઉં અને ૩.૫ કિલો ચોખા આપ્યાની ખોટી નોંધ લખાય છે.

આંકલી ગામનાં પાંચ બહેનોને સપ્ટેમ્બર મહિનાનું ખાદ્ય તેલ મળ્યું નથી પણ તેમ છતાંય તેમના કાર્ડમાં તેલ મળ્યાની ખોટી નોંધ થઈ છે. દેવગઢ બારિયાના લાવરીયા ગામમાં રહેતા બુધાભાઈ કહે છે કે 'અંત્યોદય યોજના હેઠળ મને ૫ કિલો ઘઉં અને ૨ કિલો ચોખા મળે છે. પણ હકીકતમાં આ યોજનાની જોગવાઈ અનુસાર બુધાભાઈને મહિને ૩૫ કિલો અનાજ મળવું જોઈએ. ઘોઘંબા તાલુકાના રણજીતનગરમાં વસતાં ગંગાબહેન બારિયા પાસે રેશન કાર્ડ નથી. તેમના પતિનું અવસાન થયા બાદ અપંગ બાળકની જવાબદારી તેમના માથે છે. આજીવિકાનું કોઈ સાધન ના હોવા છતાં એક પણ સરકારી યોજનાનો લાભ તેમને મળતો નથી.

જનસુનાવણીની પેનલે જ્યારે સવાલ કર્યો કે અનાજ ઓછું મળવા બાબતે ફરિયાદ કોને કોને છે ત્યારે તેના જવાબમાં સામે બેઠેલાઓમાંથી લગભગ બધાએ આંગળી ઊંચી કરી હતી.

જનસુનાવણીની પેનલમાં ગુજરાતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલ શ્રી અમિતાભ મુખોપાધ્યાય, દાહોદ જિલ્લાના કલેક્ટર શ્રી આર. આર. સોલંકી, જિલ્લા પુરવઠા અધિકારીશ્રી પ્રશાંત જોશી, શ્રી વીરાણી, મધ્યાહ્ન ભોજન કાર્યક્રમ - પંચમહાલના શ્રી એન. વી. રાણા, 'અવાજ' સંસ્થાના શ્રી ઈલાબહેન પાઠક, માનવ કલ્યાણ ટ્રસ્ટના શ્રી લલ્લુભાઈ દેસાઈ, કર્મશીલ અને સર્વોચ્ચ અદાલતના

## ‘સ્વરાજ’ ને ‘માયારામ સુરજન ફાઉન્ડેશન’ દ્વારા પુરસ્કાર

સપ્ટેમ્બર-૨૦૦૧થી ‘ઉન્નતિ’ - રાજસ્થાન દ્વારા પ્રકાશિત હિંદી સામયિક ‘સ્વરાજ’ને મધ્ય પ્રદેશના ‘માયારામ સુરજન ફાઉન્ડેશન’ દ્વારા ૨૦૦૩-૦૪ની ૮મી અખિલ ભારતીય સમાચાર પત્રિકા સ્પર્ધામાં પારિતોષિક એનાયત કરવામાં આવ્યું છે. આ સામયિક પંચાયતો અને પાલિકાઓના ચૂંટાયેલા પ્રતિનિધિઓ, સરકારી અધિકારીઓ, બિન-સરકારી સંગઠનો વગેરેમાં લોકપ્રિય છે. મધ્ય પ્રદેશના વિખ્યાત પત્રકાર અને મધ્ય પ્રદેશ હિંદી સાહિત્ય સંમેલનના ભૂતપૂર્વ અધ્યક્ષ શ્રી માયારામ સુરજનની સ્મૃતિમાં આ પુરસ્કાર આપવામાં આવે છે.

અન્ન સુરક્ષા કમિશનના રાજ્યના સલાહકાર શ્રી પ્રસાદ ચાકો, છત્તીસ ગઢ અન્ન સુરક્ષા અભિયાનના કર્મશીલ શ્રી સમીર ગર્ગ, તેમ જ સેંટર ફોર સોશ્યલ સ્ટડીઝ - સુરતના શ્રી સત્યકામ જોશી અને પેનલના અધ્યક્ષ તરીકે જાણીતા પત્રકાર અને કર્મશીલ શ્રી ઈન્દુકુમાર જાનીની વરણી કરવામાં આવી હતી.

જનસુનાવણીમાં થયેલી રજૂઆતોના પ્રતિભાવમાં જિલ્લા કલેક્ટર શ્રી સોલંકીએ, “સસ્તા અનાજની દુકાનો અંગેની ફરિયાદો લેખિતમાં નોંધાવવા અપીલ કરી, જેથી જરૂર જણાય તો દુકાનદારનું લાયસન્સ રદ થઈ શકે” જિલ્લા પુરવઠા અધિકારીએ જનસમુદાયને ખાતરી આપી કે “સુનાવણીમાં આવેલ દરેક ફરિયાદની ગંભીરતાથી નોંધ લઈ તપાસ કરી, તેનો અહેવાલ લેખિતમાં લોકોને મોકલવામાં આવશે.”

‘સેન્ટર ફેર સોશ્યલ સ્ટડીઝ’ના શ્રી સત્યકામ જોષીએ કહ્યું કે ‘‘અન્ન સુરક્ષા એ રાજકીય મુદ્દો છે. આ અંગે ઉકેલ લાવવા લોકોએ તળિયેથી અવાજ ઉઠાવવો જોઈએ. ગ્રામ સભાઓએ સક્રિય અને મજબૂત બનીને આવા મૂળભૂત અધિકારોની વાત કરવી પડશે.”

## ‘વાદા ન તોડો અભિયાન’

‘વાદા ન તોડો અભિયાન’ નાગરિક જૂથોનો એક પ્રયાસ છે. એમાં સરકાર પાસે તેના દ્વારા લોક કલ્યાણ અને વિકાસ માટે અપાયેલાં વચનો પૂરાં કરાવવા માટે દબાણ કરવામાં આવે છે. આ અભિયાનનું એમ માનવું છે કે એક લોકશાહી દેશમાં સરકારની એ જવાબદારી છે કે તે પોતાના નાગરિકોને મૂળભૂત સુવિધાઓ પૂરી પાડે. આ સુવિધાઓ પ્રાપ્ત કરવાનો દરેક નાગરિકને અધિકાર છે, કારણ કે સરકાર એ પૂરી પાડશે એવા વિશ્વાસે જ તેઓ પોતાના પ્રતિનિધિઓને ચૂંટે છે. રાષ્ટ્રીય વિકાસ લક્ષ્યાંકો, ૧૦મી પંચવર્ષીય યોજના અને સમાન લઘુતમ કાર્યક્રમમાં સરકારે ગરીબોના હિતમાં અનેક વાયદા કર્યા છે. સવાલ એ છે કે આ વચનો તો અપાયાં છે પણ એ પૂરાં કેવી રીતે થશે? અત્યાર સુધીનો અનુભવ એવો રહ્યો છે કે સરકાર તેનાં વચનો પૂરાં કરતી નથી. તેથી આપણે સરકારને તે તેનાં વચનો પૂરાં કરે તે માટે દબાણ કરવાની જરૂર છે. એટલે સ્થાનિક સ્તરેથી તાકાત લગાડવી પડે. આ તાકાત સ્થાનિક સમુદાયો, વંચિત વર્ગો, દલિતોનાં સંગઠનો પાસેથી લેવી પડશે કારણ કે તેઓ જ સરકારની નિષ્ક્રિયતાનો સૌથી વધુ ભોગ બનેલા હોય છે.

અભિયાને ૧, ડિસેમ્બર-૨૦૦૪થી ૧, મે-૨૦૦૫ સુધી જુદા જુદા ૮ દિવસો એ જુદા જુદા કાર્યક્રમો સૂચવ્યા છે. સંપર્કઃ નેશનલ સોશ્યલ વોચ કોએલિશન, પી.-૭૮, બીજે માળે, સાઉથ એક્સ્ટેન્શન, ભાગ-૨, નવી દિલ્લી-૧૧૦૦૪૯. ફોનઃ ૦૧૧-૫૧૬૪૪૫૭૬. ઈમેલઃ nationalsocialwatch@yahoo.co.in

## ‘ગ્લોબલ કોલ ટુ એક્શન અગેઈન્સ્ટ પોવર્ટી’

દુનિયાભરમાં ગરીબીના નિવારણ માટે કામ કરવા વિશ્વના નેતાઓ પર દબાણ લાવવા માટે નાગરિક સમાજનાં વધુ ને વધુ સંગઠનો સાથે મળીને કામ કરી રહ્યાં છે. તેમણે આ નામની એક ઝુંબેશ શરૂ કરવામાં આવી છે. સહસ્રાબ્દી વિકાસ લક્ષ્યાંકો સિદ્ધ કરવા માટે આ આંદોલન વિશ્વના નેતાઓને દબાણ કરે છે. આંતરરાષ્ટ્રીય સ્તરે ચાલતું આ ‘વાદા ન તોડો અભિયાન’ છે. સમગ્ર ૨૦૦૫ના વર્ષ દરમ્યાન દુનિયાભરમાં અનેક કાર્યક્રમો અને ઝુંબેશો યોજાશે અને નેતાઓ પર દબાણ કરાશે. સંપર્કઃ ઈમેલઃ info@white band.org ફેક્સઃ ૪૪(૦)૮૭૦૦૧૦૮૭૦૭

## સ્ત્રી હિંસા વિરોધી ઝુંબેશ

તા.૨૫-૧૧-૦૪થી ૧૦-૧૨-૦૪ દરમ્યાન સ્ત્રીઓ અને બાળકીઓ ઉપર થતા અત્યાચારનો અંત લાવવા માટેની ચળવળ ચલાવાઈ હતી. ૨૫ નવેમ્બર એ સ્ત્રીઓ ઉપર થતા અત્યાચાર માટેના વિરોધનો દિવસ છે. ૧૦ ડિસેમ્બર એ આંતરરાષ્ટ્રીય માનવ અધિકાર દિવસ છે. તેથી પ્રતીકાત્મક રીતે આ બે દિવસ પસંદ કરવામાં આવ્યા. આના દ્વારા એ બાબત પર ભાર મૂકવામાં આવ્યો કે, સ્ત્રી ઉપર થતો અત્યાચાર તેના માનવીય અધિકારોનું હનન છે. આ ગાળા દરમ્યાન વિશ્વની બહેનો સ્ત્રીઓ પર થતા અત્યાચાર ઘટે તે માટેની સઘન ઝુંબેશ હાથ ધરે છે.

સૌરાષ્ટ્ર-કચ્છની સંસ્થાઓ દ્વારા ગયા વર્ષે સૌરાષ્ટ્ર અને કચ્છનાં ૧૮૦થી વધુ ગામોમાં ઝુંબેશ ચલાવવામાં આવી હતી. તેનો મુખ્ય

હેતુ સ્ત્રીઓ પર થતા અત્યાચાર રોકવામાં પુરુષોની જવાબદારી ઊભી કરવી તે હતો. આ વર્ષે પણ આ છ સંસ્થાઓએ સાથે મળીને ૨૦૦ ગામોમાં ચળવળ ઉપાડી છે. આ વખતે ઝુંબેશનું કેન્દ્રબિંદુ છે યુવાનો (૨૫ વર્ષથી ઓછી ઉંમરનાં યુવકો અને યુવતીઓ). આ ઝુંબેશ દરમિયાન તથા ત્યાર બાદ યુવાનો આ પ્રશ્નોને સંબોધવા તથા મહિલાઓ અને બાળાઓ સામે થતી હિંસાના મુદ્દે પ્રેરક ભૂમિકા ભજવવામાં અગ્રણી કાર્ય કરશે.

ઝુંબેશ દ્વારા આ યુવાનો સામાજિક વલણોમાં બદલાવની પ્રક્રિયાને આગળ ધપાવશે. આ બદલાવના અગ્રણીઓની સંખ્યા વધે અને વધતી જ રહે તેવો ઝુંબેશનો પ્રયાસ રહેશે. ૫ જિલ્લા અને ૨૦૦ ગામમાં ચાલેલી આ ઝુંબેશ ૧૦ ડિસેમ્બરના રોજ રાજકોટ ખાતે એક રેલી અને સંમેલનમાં પરિણમી હતી. સંમેલનમાં ૫ જિલ્લાઓના ૫૦૦થી અધિક યુવાનોએ ભાગ લીધો હતો.

સંપર્કઃ સ્વાતિ - સ્ત્રી વિકાસ અને તાલીમ સંસ્થા, પ્લોટ નં.૬૫-૬૬-૬૭, જી.આઈ.ડી.સી. એસ્ટેટ, ધ્રાંગધ્રા-૩૬૩૩૧૦, ફોનઃ ૦૨૭૫૪-૨૮૧૩૩૮, ઈમેલઃ swatiorganisation@sancharnet.in

## રાજસ્થાનમાં સ્ત્રી–હિંસા વિરોધી ઝુંબેશ

માનવ અધિકાર દિન ૧૦મી ડિસેમ્બર, ૨૦૦૪ના રોજ અજમેરમાં વિશ્રામ સ્થલી ખાતે સ્ત્રી-હિંસા વિરોધી ઝુંબેશનો આરંભ કરાયો હતો. આ માટેના કાર્યક્રમના મુખ્ય મહેમાન તરીકે આયોજન પંચના સભ્ય સુશ્રી સઈદા હમીદ ઉપસ્થિત રહ્યાં હતાં. આ કાર્યક્રમમાં અજમેરની ત્રણ કોલેજો અને બિન-સરકારી સંગઠનોએ ભાગ લીધો હતો. અજમેર જિલ્લાના કલેક્ટર શ્રી મહાવીરસિંહ પણ આ પ્રસંગે ઉપસ્થિત રહ્યા હતા. નાટક, ગીતો, કઠપૂતળી, ભવાઈ વગેરે દ્વારા સ્ત્રીઓ પરના અત્યાચારો વિશે આ પ્રસંગે રજૂઆત કરાઈ હતી. જુદા જુદા જિલ્લાનાં જૂથોએ પણ એ મુદ્દે ચર્ચા-વિચારણા કરી હતી.

રાજસ્થાનના તમામ જિલ્લાઓના લગભગ ૭૦૦ યુવાનો-યુવતીઓ હાજર રહ્યાં હતાં. અજમેર નગરમાં સાંજે મીણબત્તી સરઘસ કાઢવામાં આવ્યું હતું, અને સ્ત્રી-હિંસા વિરોધી માનસ ઊભું કરવાનો પ્રયાસ કરાયો હતો.

સંપર્કઃ 'વી કેન મિશન રાજસ્થાન', ૪૬, ચિત્રકૂટ કોલોની, માકડવાલી રોડ, અજમેર. ફોનઃ ૦૧૪૫-૩૧૦૦૪૭૨.

## માહિતીના અધિકાર વિશે દ્વિતીય રાષ્ટ્રીય સંમેલન

માહિતીના અધિકાર વિશેનું પ્રથમ રાષ્ટ્રીય સંમેલન ૨૦૦૧માં રાજસ્થાનમાં બ્યાવર ખાતે યોજાયું હતું. બીજું રાષ્ટ્રીય સંમેલન ૮થી ૧૦ ઓક્ટોબર, ૨૦૦૪ દરમ્યાન નવી દિલ્લી ખાતે યોજાયું. તેનો હેતુ નાગરિકો, સામાજિક કર્મશીલો, વકીલો, વિદ્વદ્જનો અને માનવ અધિકારો માટે લડનારા લોકોને ભ્રષ્ટાચાર સામે એકત્ર કરવાનો હતો. ૨૦૦ સંસ્થાઓના ૭૫૦ સહભાગીઓએ તેમાં ભાગ લીધો હતો. આ અધિવેશનમાં સૌ પ્રથમ જાહેર વિતરણ વ્યવસ્થા વિશે જાહેર સુનાવણી યોજાઈ. ૨૦ રાજ્યોમાંથી તેમાં લોકોએ ભાગ લીધો અને તેમણે તેમને નડતી સમસ્યાઓ વિશે વાત કરી.

જેમણે જાહેર વિતરણ વ્યવસ્થા વિશેના દસ્તાવેજો જોવાની માગણી હતી તેમને થોડા ઘણા દસ્તાવેજો જ પૂરા પડાયા હતા. દિલ્લીમાં માહિતીના અધિકારનો ખરડો ૨૦૦૧માં પસાર થયેલો હોવા છતાં આ સ્થિતિ હતી. એક સર્વેક્ષણમાં એમ જાણવા મળ્યું હતું કે ૯૦ ટકા રેશનનો દુરુપયોગ થયો હતો. વળી, જે કંઈ ચીજો વાજબી ભાવની દુકાનોએથી પૂરી પડાય છે તેની ગુણવત્તા હલકી હોવાના પુરાવા પણ નમૂના સાથે આ જાહેર સુનાવણીમાં રજૂ થયા.

સંમેલનના બીજા દિવસે 'હમારા પૈસા હમારા હિસાબ' નારા સાથે ચર્ચા-વિચારણા થઈ. ૧૯૯૬માં બ્યાવર ખાતે ૪૪ દિવસ સુધી સામાન્ય લોકોએ ધરણા કરીને માહિતીના અધિકારની માગણી કરી હતી. એ આજે સમગ્ર દેશમાં બુલંદ બની છે. જાહેર વિતરણ વ્યવસ્થા, મધ્યાહ્ન ભોજન યોજના અને સામાજિક સલામતીની યોજનાઓમાં માહિતીનો અધિકાર પ્રસ્થાપિત કરવાની જરૂરિયાત ઉપર સંમેલનમાં ભાર મુકાયો હતો. દલિતો, આદિવાસીઓ અને વિકલાંગોના માનવ

### જોકિન આર્પુથમને ફ્રેન્ચ એવોર્ડ મળ્યો

૧૯૭૫-૭૭ના ગાળામાં ૧૯ મહિના દરમ્યાન ભારતમાં તે સમયનાં વડાં પ્રધાન ઈંદિરા ગાંધીએ લાદેલી કટોકટી દરમ્યાન જોકિન આર્પુથમનું ઝૂંપડું મુંબઈમાં તોડી પડાયું હતું. પણ એ ઘટનાએ તેમની જિંદગી બદલી નાખી. તેમણે ઝૂંપડાવાસીઓ માટે કામ કરવાનું શરૂ કર્યું. તેમને તાજેતરમાં જ ફ્રાન્સની સરકાર દ્વારા વંચિતોને મદદ કરવા માટે 'નેશનલ ઓર્ડર ઓફ મેરિટ' નામનો પ્રતિષ્ઠિત એવોર્ડ એનાયત કરાયો છે. અગાઉ તેમને મેગ્સેસે એવોર્ડ પ્રાપ્ત થઈ ચૂક્યો છે. આર્પુથમે ઝૂંપડાવાસીઓના પ્રશ્નોને વાચા આપવા અને તે ઉકેલવા માટે 'નેશનલ સ્લમ ડ્વેલર્સ ફેડરેશન'ની સ્થાપના કરી છે. મુંબઈમાં અત્યારે કોંગ્રેસ-એનસીપીની સરકાર દ્વારા ઝૂંપડાવાસીઓને હટાવવાની ઝુંબેશ ચાલી રહી છે ત્યારે આર્પુથમને મળેલો આ એવોર્ડ તેમની ઝુંબેશને વધારે બળ પૂરું પાડે એવી આશા છે.

## સુશ્રી નફિસા બારોટને ખોશૂ મેમોરિયલ એવોર્ડ એનાયત



‘ઉત્થાન’ સંસ્થાનાં સુશ્રી નફિસા બારોટને ‘હિમાલયન એન્વાયર્નમેન્ટલ સ્ટડીઝ એન્ડ કન્ઝર્વેશન ઓર્ગેનાઈઝેશન’ના ડૉ. અનિલ પી. જોષીની સાથે ખોશૂ મેમોરિયલ એવોર્ડ ૨૦૦૫ એનાયત કરવામાં આવ્યો છે. આ એવોર્ડ ભારત સરકારના પર્યાવરણ મંત્રાલયના પ્રથમ સચિવ ડૉ. ત્રિલોકીનાથ ખોશૂની સ્મૃતિમાં ટી. એન. ખોશૂ મેમોરિયલ એન્ડોમેન્ટ ફંડ દ્વારા આપવામાં આવે છે. ડૉ. ખોશૂનું ૨૦૦૨માં અવસાન થયું હતું. તેમની સ્મૃતિમાં સ્થપાયેલા આ ફંડ દ્વારા પર્યાવરણના જતન અને ચિરંતન વિકાસ માટે કામ કરતા યુવાન વ્યક્તિઓને સન્માનવા આ એવોર્ડની સ્થાપના કરવામાં આવી છે. સુશ્રી નફિસા બરોટને આયોજન પંચના ઉપાધ્યક્ષ શ્રી મોન્તેકસિંહ અહલુવાલિયાના હસ્તે આ એવોર્ડ એનાયત થયો હતો.

અધિકારોની જાળવણી માટે માહિતીના અધિકારનો ઉપયોગ મહત્ત્વનો છે એ બાબત પર તેમાં ધ્યાન દોરવામાં આવ્યું હતું. કોઈ રાજ્ય માહિતી આપવા તૈયાર હોતું નથી, એ તો મેળવવી પડે છે. જીવનના અધિકાર અને વિકાસના અધિકારનું જતન પણ માહિતીના અધિકારની પ્રાપ્તિ વિના શક્ય નથી એ બાબત પર આ સંમેલનમાં વિશેષ ચર્ચા થઈ હતી. અન્ન સલામતી, ગ્રામ વિકાસ, આરોગ્ય, સામાજિક અન્વેષણ વગેરે વિશે સંમેલન દરમ્યાન કાર્યશાળાઓ યોજાઈ હતી.

### ‘અપની જુબાં’

‘અખિલ ભારતીય રચનાત્મક સમાજ’ સાથેના સહયોગમાં ‘ઉરમૂલ ગાવણીયાર દળ’ દ્વારા ૬ઠ્ઠી અને ૭મી ડિસેમ્બરે હમરાઝ એન્ડ પાર્ટી સાથે મળીને સંયુક્ત રીતે આ નાટક પ્રસ્તુત કરવામાં આવ્યું હતું. તેમાં કાશ્મીરના લોક કલાકારોએ ભાગ લીધો હતો. ૩૦ મિનિટના આ નાટકમાં કઠપૂતળી અને રંગમંચનું મિશ્રણ કરવામાં આવ્યું હતું. કાશ્મીરના લોક કલાકારો સાથે વ્યકિતગત રીતે અને તેમનાં પરિવારો સાથે જે ઘટનાઓ ઘટી હતી તેના આધારે ‘નેશનલ સ્કૂલ ઓફ ડ્રામા’નાં પ્રાધ્યાપિકા શ્રીમતી ત્રિપુરારી શર્મા અને શ્રી શિવકુમારના દિગ્દર્શન હેઠળ આ નાટક તૈયાર કરવામાં આવ્યું હતું.




દિલ્લીમાં જવાહરલાલ નેહરુ યુનિવર્સિટીના પ્રાંગણ ખાતે, ઈન્ડિયા ગેટ ખાતે અને ગાંધી સ્મૃતિ ખાતે આ નાટક ભજવવામાં આવ્યું હતું. કુલ ૧૭૦૦ જેટલા પ્રેક્ષકોએ આ નાટક માણ્યું હતું. આ નાટકનો ઉદ્દેશ એ હતો કે કાશ્મીરની આંતકવાદની સમસ્યાને કારણે ત્યાંનો સામાન્ય માણસ કેટલો અને કેવી રીતે દુઃખી છે અને તે શું ઈચ્છે છે અને તેના મતે એ સમસ્યાનો ઉપાય શું છે તે બતાવવાનો હતો. આ નાટકની સાથે કબીરના દોહા તથા પ્રેમ અને ભાઈચારાની વાતો જોડી દેવામાં આવી હતી. આ કાર્યક્રમને આર્થિક સહયોગ ‘ચરખા’ - નવી દિલ્લી અને અમદાવાદના ‘ઉન્નતિ - વિકાસ શિક્ષણ સંગઠન’ દ્વારા પૂરો પડાયો હતો.

# આગામી કાર્યક્રમ

### ગર્ભ જાતિ પરીક્ષણ સામે રાષ્ટ્રીય ઝુંબેશ

પ્રિ-નેટલ ડાયગ્નોસ્ટિક ટેકનિક્સ એક્ટ-૧૯૯૪ છેલ્લાં ૧૦ વર્ષથી અમલમાં છે પણ ગર્ભમાંના બાળકના જાતિ-પરીક્ષણની રીત અટકી ગઈ હોય એવો પુરાવો મળતો નથી. એનાથી વિરુદ્ધ, સગર્ભાવસ્થા પહેલાં જ જાતિની પસંદગી વિશેની નવી ટેક્નોલોજીને મુક્ત પસંદગીના નામે પ્રોત્સાહન આપવામાં આવી રહ્યું છે. ડોક્ટરો અનેક જાતિ પરીક્ષણોનો પ્રચાર કરવામાં અને તેમને લોકપ્રિય બનાવવામાં સાધનરૂપ બનતા હોય છે. તેમાં સાથે સાથે આપણા સમાજમાં પુત્રજન્મને જે પ્રાધાન્ય અપાય છે તેમાં તેમને નાણાં રળવામાં પ્રોત્સાહન મળે છે. તબીબી વ્યવસાયમાં નીતિમત્તા તો દેખાતી જ નથી. ઉપરોક્ત કાનૂનના સખત અમલની જરૂર છે એવી સમજ તો ૨૦૦૧ની વસ્તી ગણતરીનો અહેવાલ આવ્યો પછી વધારે વિકસી. ‘સિહેટ’, ‘માસૂમ’ અને સાબુ જ્યોર્જ દ્વારા એક જાહેર હિતની અરજી પણ કરવામાં આવી પછી ૨૦૦૩માં એ કાનૂન સુધારીને પ્રિ-કન્સેપ્શન એન્ડ પ્રિ-નેટલ ડાયગ્નોસ્ટિક ટેકનિક્સ એક્ટ બનાવાયો.

આ કાયદા ઉપર દેખરેખ રાખવા માટે ‘સિહેટ’ દ્વારા મુંબઈ ખાતે

**શેષ પૃષ્ઠ ૨૯ પર**

# સંદર્ભ સાહિત્ય

### નાયિકા પ્રવેશ

સ્ત્રીઓની સમસ્યાઓને કેન્દ્રમાં રાખીને રચાયેલાં એકાંકી નાટકોનો આ સંગ્રહ છે. તા. ૨૮-૫-૨૦૦૪થી ૧-૬-૨૦૦૪ સુધી વલસાડ ખાતે સ્ત્રી લેખિકાઓ સાથે નાટ્ય લેખન શિબિરનું આયોજન કરાયું હતું. સમર્થ, દૃષ્ટિ અને વિમેન રાઈટર્સ કલેક્ટિવ નામની ત્રણ સંસ્થાઓ દ્વારા આયોજિત આ શિબિરમાં ગુજરાત અને મુંબઈની ૧૨ લેખિકાઓને નિમંત્રણ મોકલાયાં હતાં. આ પ્રક્રિયામાંથી ટૂંકી વાર્તા આધારિત કે નવા વિચારને લઈને આવતાં, સમાજમાં સ્ત્રીઓના સ્થાન સામે પ્રશ્ન ઉઠાવતાં ૧૦ નાટકો ઊભરી આવ્યાં. આમાનાં મોટા ભાગનાં નાટકો સત્ય ઘટનાઓ પર આધારિત છે. આ પુસ્તકમાં આવાં ૧૦ એકાંકીઓનો સમાવેશ કરવામાં આવ્યો છે.

અંજલિ ખાંડવાલા, વર્ષા અડાલજા, હિમાંશી શેલત, બિંદુ ભટ્ટ, સુવર્ણા, આશા વીરેન્દ્ર, આમ્રપાલી દેસાઈ, સુહાસ ઓઝા, કલ્પના ચૌધરી અને બકુલા ઘાસવાલાનાં નાટકો આ સંગ્રહમાં સંપાદિત કરાયાં છે. દરેક નાટકના આરંભે શીર્ષક સાથે તેને અનુરૂપ એવું એક ચિત્ર પણ આપવામાં આવ્યું છે. એમાંનાં કેટલાંક ચિત્રો સુશ્રી એસ્થર ડેવિડનાં છે. સમર્થ ટ્રસ્ટના શ્રી ભવાનીદાસ આ પુસ્તકમાં જે લખે છે તેનાથી એનો ઉદ્દેશ સ્પષ્ટ થાય છેઃ "સ્ત્રી લેખિકાઓ દ્વારા સ્ત્રીની વાસ્તવિકતાને કંડારતાં વાર્તા, નાટકો, કવિતાઓ ઉપલબ્ધ છે, પણ બધું જ છૂટુંછવાયું અને જૂજ છે. તેનું જો સંપાદન કરી, તાલીમી સાહિત્ય તરીકે ઉપયોગમાં લેવાય તો સદીઓથી ચાલી આવતી મૌનની સંસ્કૃતિ તૂટે".

સંપાદકોઃ હિમાંશી શેલત, અદિતિ દેસાઈ. યોગદાન. રૂ.૫૦. પાનાંઃ ૧૮૯, આવૃત્તિ-૧, ઓગસ્ટ-૨૦૦૪. પ્રાપ્તિસ્થાનઃ સમર્થ ટ્રસ્ટઃ ક્યુ-૪૦૨, શ્રીનંદનગર વિભાગ-૨, વેજલપુર, અમદાવાદ-૩૮૦૦૫૧. ફોનઃ ૨૬૮૨૯૦૦૪. ઇમેલઃ samerth@satyam.net.in

### નગરપાલિકાઓંકી આર્થિક સ્થિતિકા અધ્યયન

આ શીર્ષક હેઠળ હિંદીમાં ત્રણ વિભિન્ન પુસ્તિકાઓનું પ્રકાશન કરવામાં આવ્યું છે: (૧) નગરપાલિકાઓં કે સામને ચુનૌતિયાં. (૨) આર્થિક સંકટસે જૂઝતી નગરપાલિકાએં. (૩) નગરપાલિકા સેવાઓંકા સુદૃઢીકરણ. પ્રથમ પુસ્તિકામાં વર્તમાન સ્થિતિના સંદર્ભમાં નગરપાલિકાઓના કામકાજને સમજવાનો પ્રયાસ કરાયો છે. એમાં એમના કામકાજનું માળખું કેવું છે અને ખાસ કરીને પાણી પુરવઠો, સફાઈ, વીજળી અને રસ્તાની વ્યવસ્થા કેવી છે તેનું ચિત્ર રજૂ કરાયું છે. કેટલાંક મોટાં નગરોની શી પરિસ્થિતિ છે તે આ પુસ્તિકામાંથી જાણવા મળે છે.

બીજી પુસ્તિકામાં નગરપાલિકાઓની આર્થિક સ્થિતિની અસર તેમના કામકાજ પર શી પડે છે તેનું ચિત્ર રજૂ કરાયું છે. નગરપાલિકાઓનાં નાણાંકીય સંસાધનો, તેમનું ખર્ચ, કરવેરાની આવક, ગ્રાન્ટની આવક વગેરેની ભારતનાં ઘણાં નગરોની વિગતો આપીને આ પુસ્તિકામાં એમ જણાવાયું છે કે નગરપાલિકાઓને નાણાંની તંગીનો અનુભવ કરવો પડે છે. ત્રીજી પુસ્તિકામાં નગરપાલિકાઓ દ્વારા પૂરી પાડવામાં આવતી સેવાઓમાં સુધારણા માટે તેમનાં સંસાધનોમાં વધારો કેવી રીતે કરવો અને આર્થિક સ્થિરતા કેવી રીતે ઊભી કરવી તે માટેના કેટલાક ઉપાયો સૂચવાયા છે. તેમાં રાજ્યોમાં રચાયેલાં પ્રથમ નાણાં પંચોના અહેવાલોમાં જે ખામીઓ છે તેમના તરફ અંગુલિનિર્દેશ કરાયો છે અને નવાં નાણાં પંચો માટે કેટલાંક સૂચનો કરાયાં છે. નગરપાલિકાઓની શાસન વ્યવસ્થામાં કેવી રીતે સમુદાયની સહભાગિતા ઊભી કરવી તે માટે કેટલાંક નક્કર સૂચનો પણ રજૂ કરાયાં છે. નાણાં પ્રાપ્તિ એ નગરપાલિકાઓની મહત્ત્વની સમસ્યા છે તેથી કઈ યોજનાઓ હેઠળ નાણાં પ્રાપ્ત કરી શકાય છે તેમની વિગતો પણ આ ત્રીજી પુસ્તિકામાં આપવામાં આવી છે.

'પ્રિયા'ના શ્રી મુકેશ માથુરે કરેલા અધ્યયનના પારિપાકરૂપે આ પુસ્તિકાઓનું પ્રકાશન કરાયું છે. પ્રકાશકઃ 'પ્રિયા', ૪૦, તુઘલકાબાદ ઈન્સ્ટિટ્યુશનલ એરિયા, નવી દિલ્લી-૧૧૦૦૬૨. ફોનઃ ૦૧૧-૨૯૮૯૫૬૯૦૮. ઈમેલઃ info@pria.org

### અન્ન સલામતીનો માર્ગઃ જાહેર વિતરણ વ્યવસ્થા માટે પંચાયતોનું ક્ષમતાવર્ધન

આ એક સંશોધન અહેવાલ છે. તે ત્રણ પ્રશ્નોને ધ્યાનમાં રાખીને કરાયેલા સર્વેક્ષણને આધારે તૈયાર થયો છેઃ

(૧) જાહેર વિતરણ વ્યવસ્થાનું માળખું કેટલી હદ સુધી એવા

લોકોને અન્ન સલામતી પૂરી પાડે છે કે જેમને તેની ખરેખર જરૂર છે?

(૨) આ વ્યવસ્થા પર આશ્રિત હોય એવા ગરીબો અને વંચિતો પ્રવર્તમાન જાહેર વિતરણ વ્યવસ્થા વિશે શા ખ્યાલો ધરાવે છે?

(૩) શું ગ્રામ પંચાયતો આ વ્યવસ્થાના ખરા વપરાશકારોના ખ્યાલો અને જરૂરિયાતો અનુસાર વ્યવસ્થાને વધુ પ્રતિભાવાત્મક બનાવવામાં મદદરૂપ થઈ શકે તેમ છે?

'ધ હંગર પ્રોજેક્ટ' જાહેર વિતરણ વ્યવસ્થાને ભૂખમરાથી મુક્ત એવા એક નવા ભવિષ્યના સર્જન માટેનું સાધન ગણે છે. જાહેર વિતરણ વ્યવસ્થાના અસરકારક અમલ દ્વારા ભૂખમરાની સમસ્યાને અને અન્ન તથા પોષણની અસલામતીને દૂર કરી શકાય તેમ છે. તેથી આ સંશોધનનો હેતુ માત્ર વિદ્યાકીય સંશોધન કરવાનો નહોતો પણ ગરીબો માટે જાહેર વિતરણ વ્યવસ્થા કેવી રીતે પ્રતિભાવાત્મક બને તે જોવાનો અને સમજવાનો હતો અને તેવી વ્યવસ્થા સહભાગી રીતે ઊભી કરવાના સક્રિય પ્રયાસ માટે તેને આધાર બનાવવાનો પણ હતો.

આ અભ્યાસ એવી ધારણા સાથે કરાયો છે કે જો ગ્રામ પંચાયતોને વાજબી ભાવની દુકાનો ચલાવવાનું કામ સોંપવામાં આવે તો જાહેર વિતરણ વ્યવસ્થા વધારે સારી રીતે ચાલી શકે તેમ છે. આ અભ્યાસનાં તારણો એમ કહે છે કે ગ્રામ પંચાયતોને વાજબી ભાવની દુકાનો ચલાવવાનું કામ સોંપી શકાય તેમ છે કારણ કે તેઓ તેમ કરવા માટે તૈયાર છે. સંશોધન અહેવાલમાં અંતે નીતિવિષયક અને વહીવટી ભલામણો કરવામાં આવી છે. જે બિન-સરકારી સંગઠનો પંચાયતોને સક્રિય બનાવવા અને અંતે ગરીબોની સ્થિતિ સુધારવા કાર્ય કરે છે તેમને આ અહેવાલ એક નવી દિશા ચીંધે છે.

સંશોધકોઃ હેમન્તકુમાર શાહ અને પ્રકાશ બચારવાલા, પ્રકાશકઃ ધ હંગર પ્રોજેક્ટ, ૨૦૩, સારપ બીલ્ડિંગ, નવજીવન પ્રેસ સામે, આશ્રમ રોડ, અમદાવાદ - ૩૮૦ ૦૧૪. ફોનઃ ૦૭૯-૨૭૫૪૪૧૮૯. ઈમેલઃ thpgujarat@rediffmail.com

## પોલિસ અને પ્રજા

આ પુસ્તિકામાં પોલિસ અને નાગરિકો વચ્ચેના સંબંધો સ્પષ્ટ કરવામાં આવ્યા છે. આપણા દેશમાં મોટા ભાગના લોકો કાયદાની જોગવાઈઓથી અજ્ઞાન છે. કાયદા તેમ જ કાનૂની હકો અને ફરજોની અજ્ઞાનતાને લીધે લોકો કાયદાનો ભંગ કરે છે અથવા પોતાના હકોનો લાભ લઈ શકતા નથી. પોતાના કાનૂની હકો અને ફરજો વિશે જાણકારી હોય તો જરૂર પડે ત્યારે નાગરિક પોતાના અને અન્યના હકોનું રક્ષણ કરી શકે. ઘણી વાર કાયદાનો અમલ કરનાર અધિકારીઓ કાયદાની મર્યાદા બહારનું વર્તન કરે છે અથવા આરોપી સાથેના વર્તનમાં ગેરકાનૂની રીતો અજમાવે છે. આવા સમયે જો કાયદાની જાણકારી હોય તો પોલિસ, સરકારી તંત્ર, વકીલો અન્ય નાગરિકો દ્વારા થતા શોષણને તે અટકાવી શકે છે. આ હેતુ સાથે આ પુસ્તિકા પ્રકાશિત કરવામાં આવી છે.

પુસ્તિકામાં આવરી લેવાયેલા વિષયો આ મુજબ છે: પોલિસ એટલે કોણ, પોલિસનું કામ શું છે, કાયદા સમક્ષ સૌ સમાન, પ્રજાની ફરજો, પોલિસની ફરજો, પોલિસ થાણું, પોલિસ તંત્રનું માળખું, ગુનો એટલે શું, ગુનો બને ત્યારે શું કરશો, ધરપકડમાં શું શું થાય, વોરંટ વિના ધરપકડ થઈ શકે તેવા સંજોગો વોરંટ, જામીન, કોગ્નિઝેબલ ગુનો, નોન-કોગ્નિઝેબલ ગુનો, જામીનપાત્ર ગુનો, બિન-જામીનપાત્ર ગુનો, ધરપકડ વખતે પોલિસની ફરજો, તલાશીનું વોરંટ, ધરપકડના સમયના અધિકારો, ધરપકડ વિશેની ખોટી માન્યતાઓ, પોલિસ સ્ટેશનમાં જોર જુલમ, ફરિયાદ અને ફરિયાદ કરતી વખતે ધ્યાનમાં રાખવાની બાબત, સ્ત્રી ફરિયાદીના અધિકારો, સ્ત્રીઓના કિસ્સામાં પોલિસ તપાસ, સ્ત્રીની જડતી અને તપાસ, સ્ત્રીની ધરપકડ અને કસ્ટડી, દરેજ કે બળાત્કાર સંબંધી અપરાધ.

સમગ્ર પુસ્તિકામાં ચિત્રાત્મક રજૂઆત કરાઈ છે અને મોટા અક્ષરોમાં ચિત્રો સાથે લખવામાં આવ્યું છે તેથી આ પુસ્તિકા આસાનીથી સમજી શકાય તેવી બની છે. દરેક બાબતમાં શું કરવું જોઈએ તેનાં સૂચનો પણ સ્પષ્ટ ભાષામાં અને મોટા અક્ષરે લખવામાં આવ્યાં છે. પ્રકાશક: સામાજિક ન્યાય કેન્દ્ર, સી-૧૦૬, રોયલ ચિન્મય, જજીસ બંગલા રોડ, બોડકદેવ, વસ્ત્રાપુર, અમદાવાદ-૩૮૦ ૦૫૪, ફોન નં-૦૭૯-૨૬૮૫૪૨૪૮. પાનાં.૩૨, સહયોગિ રાશિ: રૂ. ૨૫.

## અદીઠી ભોંયનાં રાતાં ફૂલ

આ પુસ્તક કિશોરીઓ અને યુવતીઓના જીવનમાં બનતી ઘટનાઓને સ્પર્શતી વાર્તાઓનું સંપાદન છે. આ ૨૦ વાર્તાઓ માનસિક, શારીરિક, ધાર્મિક અને રાજકીય દૃષ્ટિએ વર્ચસ્વ ધરાવતાં પુરુષો દ્વારા થતા દેખીતા કે અણદેખીતા અન્યાયની છણાવટ કરે છે. બાલિકા, કિશોરી કે યુવતીઓ પોતાને મૂંઝવતી પરિસ્થિતિની ચર્ચા પોતાના વાલીઓ, શિક્ષકો કે મિત્રો સાથે મોકળા મને ન કરી શકવાથી જે ગૂંગળામણ અનુભવે છે તેના કારણે સમસ્યા હોય તેના કરતાં વધુ સંકુલ બને છે. આ વયજૂથને લક્ષમાં રાખીને જે સાહિત્યિક કૃતિઓનું સર્જન ગુજરાતી ભાષામાં છેલ્લા કેટલાક સમયમાં થયું છે તેમાંની ૨૦ વાર્તાઓ અહીં આપવામાં આવી છે.

આ સંચયમાં અજન્મા બાળક-બાળકીથી માંડીને કોલેજમાં અધ્યાપન કાર્ય કરતી યુવતી સુધીના વયવ્યાપનો સમાવેશ થયો છે. સાથોસાથ વાર્તાઓમાંના વિષય-વૈવિધ્યને પણ ધ્યાનમાં રાખવાનો પ્રયાસ કરાયો છે. આ સંગ્રહમાં 'હજાર વર્ષની અહલ્યા' જેવી વૈજ્ઞાનિક સ્પર્શવાળી વાર્તા છે તો પ્રથમ રજોદર્શન વેળાએ મૂંઝવણ અનુભવતી કિશોરીની વાત 'મોગરાના સાપ' માં કહેવાઈ છે.

સંપાદકઃ સુશ્રી બકુલા ઘાસવાલા અને સુશ્રી આશા વીરેન્દ્ર. પ્રકાશકોઃ સમર્થ ટ્રસ્ટ, દૃષ્ટિ મિડિયા કલેક્ટિવ, વિમેન રાઈટર્સ કલેક્ટિવ. પ્રથમ આવૃત્તિઃ ઓગસ્ટ-૨૦૦૪. પાનાંઃ ૨૫૭. યોગદાનઃ રૂ.૫૦. પ્રાપ્તિસ્થાનઃ સમર્થ ટ્રસ્ટ, ક્યુ-૪૦૨, શ્રીનંદનગર વિભાગ-૨, વેજલપુર, અમદાવાદ-૩૮૦૦૫૧. ફોનઃ ૨૬૮૨૯૦૦૪. ઈમેલઃ samerth@satyam.net.in


## વિકલાંગતા અંગે કેટલાંક પ્રકાશનો

**(૧) હિન્દી અને ગુજરાતી પોસ્ટરોઃ**
વિકલાંગ વ્યક્તિઓના પોતાના અધિકારો વ્યક્ત થાય તેવાં પાંચ પોસ્ટર તૈયાર કરવામાં આવ્યાં છે. એક હિન્દી પોસ્ટર છેઃ 'બની રહે મેરી ભી હસ્તી'. આ પોસ્ટરમાં આત્મસન્માનપૂર્વક જીવવા માગતી વિકલાંગ વ્યક્તિના સપનાંની વાત રજૂ કરવામાં આવી છે. આ જ પોસ્ટર ગુજરાતીમાં 'મારી પણ બને ઓળખ' શીર્ષક સાથે તૈયાર કરવામાં આવ્યું છે. આ ઉપરાંત બીજાં ત્રણ ગુજરાતી પોસ્ટરો તૈયાર કરાયાં છેઃ **૧.** માત્ર પગ છે મારા ઢચુપચુ, ન માનો કે મારું મગજ પણ છે ડગુમગુ. **૨.** મને મારી રીતે આગળ વધવું ગમે. **૩.** કહેવું શું ને કરવું શું, એ ખબર ન પડે મને, મુંઝાઓ છો શા માટે? સહેલું છે જો, તું બનીને રહે તું, ને હું બની રહું હું!

**(૨) વિકલાંગ વ્યક્તિઓના અધિકારોનું રક્ષણ કેવી રીતે કરીએ?:**
આ શીર્ષક હેઠળની અંગ્રેજી અને ગુજરાતી પુસ્તિકાઓની ઓડિયો કેસેટ્સ અને સીડી તૈયાર કરવામાં આવી છે. તે નીચેની વ્યક્તિઓને ઉપયોગી થાય તેમ છેઃ **૧.** વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓ અને તેમની સાર-સંભાળ રાખનારાને. **૨.** વિશિષ્ટ સંસ્થાઓ, બિન-સરકારી સંગઠનો અને સરકારી ખાતાંઓને. **૩.** વિકલાંગોના અધિકારોનું રક્ષણ અને સમાન તકો સંબંધી માહિતી મેળવવા માંગતી અન્ય કોઈ પણ વ્યક્તિને.




**(૩) સમ્મિલિત શિક્ષણઃ**
સમ્મિલિત શિક્ષણ વ્યવસ્થામાં વિકલાંગ અને બિન-વિકલાંગ બાળક એકસાથે શિક્ષણ પ્રાપ્ત કરે છે. વિકલાંગતા ધરાવતાં બાળકોને શાળાના મુખ્ય પ્રવાહમાં સામેલ કરવામાં શાળાનું આર્કિટેક્ચરલ અને ડિઝાઈનમાં યોગ્ય ફેરફાર મહત્વપૂર્ણ સાબિત થાય છે. આ ફિલ્મ, સમ્મિલિત શિક્ષણનાં આવા જ અગત્યનાં પાસાંઓની સમજૂતી આપે છે, સાથે જ બાળકોના સર્વાંગી વિકાસ માટે માત્ર સાથે અભ્યાસ ઉપરાંત સાંસ્કૃતિક અને રમતગમતમાં પણ ભાગીદારીનું દૃષ્ટાંત આપતી શાળાઓના ઉદાહરણ દ્વારા સમ્મિલિત શિક્ષણને વ્યવહારિક રીતે સમજાવામાં આવેલ છે. આ ફિલ્મ અવરોધમુક્ત વાતાવરણ તેમ જ સમ્મિલિત શિક્ષણ પ્રત્યે જાગૃતિ ફેલાવામાં ઘણી ઉપયોગી થશે. આ ફિલ્મ મૂળ અંગ્રેજી ભાષામાં બનેલ ફિલ્મનું ગુજરાતીમાં ધ્વનિ રૂપાંતરણ કરીને બનાવવામાં આવેલ છે. સમયઃ ૧૫.૩૮ મિનિટ.




**(૪) રોજગારઃ**
આર્થિક સધ્ધરતાથી વિકલાંગોને સ્વીકૃતિ તેમ જ અગત્યના નિર્ણયોમાં ભાગીદારીની મોકળાશ મળે છે. આ ફિલ્મ આર્થિક રીતે સ્વતંત્ર વિકલાંગ વ્યકિતઓના દૃષ્ટાંત થકી એમની જરૂરિયાત, તે કેવી રીતે પૂરી કરી શકાય તેના વિશે જાણાવે છે જેમાં કેટલીક સરકારી અને બિન-સરકારી સંસ્થાઓ દ્વારા લેવામાં આવેલ પગલાં વિશેની માહિતી છે. આ ફિલ્મમાં વિકલાંગ ધરાવતી વ્યક્તિઓ માટે બહોળા અર્થમાં રોજગારની તકને ધ્યાનામાં રાખી વ્યાવસાયિક તાલીમનું મહત્ત્વ પણ દર્શાવવામાં આવ્યું છે. વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓની ક્ષમતાઓને સમાજ ઓળખે તથા તે પ્રત્યે સભાન બને તે પદ્ધતિની જરૂરિયાત બાબતે પણ ખાસ ભાર મુક્વામાં આવ્યો છે. આ ફિલ્મ મૂળ અંગ્રેજી ભાષામાં બનેલી ફિલ્મનું ગુજરાતીમાં ધ્વનિ રૂપાંતરણ કરીને બનાવવામાં આવેલી છે. સમયઃ ૧૩.૧૦ મિનિટ.



**(૫) ડિઝાઈન મેન્યુઅલ ફોર એ બેરિયર ફ્રી બિલ્ટ એન્વાયર્નમેન્ટઃ** ઉંમર, સ્ત્રી-પુરુષ ભેદભાવ કે પરિસ્થિતિના ભેદભાવ વિના મુક્તપણે અને સલામત રીતે હલન-ચલન થઈ શકે, કામ થઈ શકે અને ક્યાંય પણ પહોંચી શકાય તેવું વાતાવરણ એટલે અવરોધમુક્ત વાતાવરણ. આવું અવરોધમુક્ત વાતાવરણ ઊભું કરવા માટે જે જે બાબતોની જરૂર છે તે બાબતો કેવી રીતે ઊભી કરવી તેનું આ મેન્યુઅલ તૈયાર કરવામાં આવ્યું છે. તેમાં નીચેની બાબતોનો સમાવેશ થાય છેઃ (૧) વિકલાંગોને ઉપયોગી થાય તેવી નિશાનીઓ. (૨) વિકલાંગો દ્વારા ઉપયોગમાં લેવાતી વ્હીલ ચેર અને લાકડી જેવી વસ્તુઓનાં ધોરણો. (૩) જુદાં જુદાં પ્રકારનાં મકાનોમાં વ્હીલ ચેર જઈ શકે અને ઘોડી કે લાકડી સાથે વિકલાંગ વ્યક્તિ જઈ શકે તેવી જગ્યાઓ. (૪) મકાનોમાં રસ્તાઓ, વચ્ચેની જગ્યાઓ, પડાળી, દાદરા વગેરે જેવી જગ્યાઓએ વિકલાંગ વ્યક્તિ અવરોધમુક્ત રીતે હરી ફરી શકે તેવી સગવડો. (૫) મકાનોના પ્રવેશ દ્વારની જગ્યાઓ વિકલાંગો માટે સાનૂકૂળ બનાવવી. (૬) મકાનોના દરવાજા વિકલાંગો આસાનીથી ખોલી શકે અને વ્હીલ ચેર દ્વારા પ્રવેશી શકે તેવા બનાવવા. (૭) મકાનોની બારીઓ વિકલાંગ વ્યક્તિ શકે ખૂલી શકે અને બંધ થઈ શકે તથા તે બારી બહાર જોઈ શકે તેવી બનાવવી. (૮) વિકલાંગ વ્યક્તિઓ માટે સાનૂકૂળ એવાં બાથરુમ અને જાજરુ તૈયાર કરવાં. (૯) પીવાના પાણી માટેની સાનુકૂળ વ્યવસ્થા ઊભી કરવી. (૧૦) રસોડું વિકલાંગ વ્યક્તિને અનુકૂળ તે પ્રમાણે બનાવવું. (૧૧) ઘરના સામાનની સંગ્રહની વ્યવસ્થા સાનુકૂળ રીતે ગોઠવવી. (૧૨) ફોનની વ્યવસ્થા તરત ઉપયોગમાં આવી શકે તે રીતે ગોઠવવી. (૧૩) બેસવાની બેઠકો, ટેબલો વગેરે જેવાં ફર્નીચરની વ્યવસ્થા સાનુકૂળ રીતે ઊભી કરવી. (૧૪) ઓટોમેટિક ટેલર મશિન આસાનીથી ઉપયોગમાં આવી શકે તે રીતે ગોઠવવું. (૧૫) આસાનીથી ચેતવણી આપતી ઘંટડી વગાડી શકાય અથવા સૂચના આપી શકાય તેવી સાંકેતિક વ્યવસ્થા ગોઠવવી. (૧૬) વિકલાંગ વ્યક્તિ વ્હીલ ચેર સાથે ઉપયોગમાં લઈ શકે તેવી વ્યવસ્થાઓ ગોઠવવી, જેમ કે, લાઈટ ચાલુ બંધ કરવી વગેરે. ઉપરોક્ત તમામ સાહિત્ય મેળવવા માટે સંપર્ક સાધોઃ 'ઉન્નતિ'.




## પૃષ્ઠ ૨૫નું શેષ

૨૭મી અને ૨૮મી નવેમ્બર-૨૦૦૪ દરમ્યાન એક રાષ્ટ્રીય વિમર્શ સભાનું આયોજન કરાયું હતું. આ વિમર્શ સભા દરમ્યાન એવો નિર્ણય કરાયો કે ૨૭મી જાન્યુઆરીથી બીજી ફેબ્રુઆરી, ૨૦૦૫ દરમ્યાન બાળ જાતિ પસંદગી સામે રાષ્ટ્રીય ઝુંબેશ હાથ ધરાશે. ૨૯મી જાન્યુઆરીએ તમામ સ્થળોએ રેલી યોજવામાં આવશે. બાકીના કાર્યક્રમો સ્થાનિક જૂથો નક્કી કરશે. આ પ્રશ્ને કામ કરવાના સંદર્ભમાં ગુજરાતમાં એક મંચ ઊભો કરવાની કામગીરી ચાલી રહી છે. વધુ માહિતી માટે સંપર્ક સાધોઃ 'સહિયર', જી-૩, શિવાંજલિ ફ્લેટ્સ, આજવા રોડ, વડોદરા-૩૯૦ ૦૧૯. ફોનઃ ૦૨૬૫-૨૫૧૩૪૮૨.

## સ્ત્રી–પુરુષ ભેદભાવ વિશે રાષ્ટ્રીય કાર્યશાળા

'જાગોરી' દ્વારા સ્ત્રી-પુરુષ ભેદભાવ વિશે ત્રણ કાર્યશાળાઓનું આયોજન કરવામાં આવ્યું છે. આ કાર્યશાળાઓ સ્ત્રી-પુરુષ સામાજિક ભેદભાવ, પિતૃસત્તાક, સામાજિક વ્યવસ્થા તથા નારીવાદ જેવા વિષયો વિશે યોજાશે. તેની પ્રથમ કાર્યશાળા ૧૪થી ૧૭ ફેબ્રુઆરી, ૨૦૦૫ દરમ્યાન યોજાઈ રહી છે. બીજી કાર્યશાળા ૨૫થી ૩૦ એપ્રિલ અને ત્રીજી કાર્યશાળા સપ્ટેમ્બરના બીજા સપ્તાહમાં યોજવામાં આવશે. આ કાર્યશાળાના હેતુઓ નીચે મુજબ છેઃ (૧) સામાજિક ભેદભાવ, પિતૃસત્તાક વ્યવસ્થા અને નારીવાદ વિશેના ખ્યાલો વિશેની સમજ ઊભી કરવી. (૨) વિકાસના હાલના નમૂનાનું સ્ત્રી-પુરુષ સામાજિક ભેદભાવની દૃષ્ટિથી વિશ્લેષણ કરવું અને વૈકલ્પિક વ્યૂહરચના ઘડવી. (૩) સમુદાયમાં સ્ત્રીઓ સામે થતી હિંસા વિશેની સમજ ઊભી કરવી. (૪) સંવેદનશીલ કાર્યકર્તાઓનો સમૂહ ઊભો કરવો. (૫) કાર્યકર્તાઓ વચ્ચે મજબૂત સંકલન ઊભું કરવું. આ કાર્યક્રમમાં નીચેની વ્યક્તિઓ ભાગ લઈ શકશેઃ (૧) જેઓ પોતાની ક્ષમતા અને સમજ આ વિષય વિશે વધારવા માંગતા હોય તેવા કાર્યકર્તાઓ. (૨) સામુદાયિક સ્તરે ગ્રામીણ અને શહેરી વસ્તીઓમાં કામ કરનારા કાર્યકર્તાઓ. (૩) સમુદાય સાથે જેમને કામ કરવાનો કમ-સે-કમ એક વર્ષનો અનુભવ છે તેવા કાર્યકર્તાઓ. (૪) માનવ સંસાધન અને ક્ષમતા વિકાસ કાર્યક્રમ સાથે જોડાયેલા કાર્યકર્તાઓ. આ ત્રણ કાર્યશાળાઓની નોંધણી ફી રૂ.૧૦૦૦ છે. સંપર્કઃ જાગોરી, સી-૫૪, સાઉથ એક્સ્ટેન્શન ભાગ-૨, નવી દિલ્લી-૧૧૦૦૪૯. ફોનઃ ૦૧૧-૨૬૨૫૭૦૧૫.

છેલ્લા ત્રણ માસ દરમ્યાન 'ઉન્નતિ'એ નીચે મુજબની પ્રવૃત્તિઓ હાથ ધરી હતીઃ

## (૧) સામાજિક સમાવેશ અને સક્ષમતા

### દલિતો

પશ્ચિમ રાજસ્થાનમાં 'દલિત અધિકાર અભિયાન'ના નેતાઓ અને સંગઠન બંને માટે મહિલાઓ પ્રત્યેના ભેદભાવો પર ધ્યાન કેન્દ્રિત કરાયું હતું. તાલુકા સ્તરની બે દિવસની કાર્યશાળાઓ જોધપુર અને બાડમેર જિલ્લાના ત્રણ તાલુકાઓમાં સમુદાયની મહિલા નેતાઓ માટે યોજવામાં આવી હતી. નેતૃત્વ વિકાસ માટેની આ કાર્યશાળામાં ૭૩ મહિલાઓએ ભાગ લીધો હતો. મહિલાઓ સાથે સંબંધિત સામાજિક ન્યાયના કાનૂનો માટે બે દિવસની એક કાર્યશાળા બાલેસર તાલુકામાં યોજવામાં આવી હતી. તેમાં ૨૩ મહિલાઓએ ભાગ લીધો હતો. મહિલાઓના પ્રશ્નો વિશે સંવેદનશીલતા ઊભી કરવા માટે ત્રણ દિવસની એક કાર્યશાળા 'દલિત અધિકાર અભિયાન'ની પ્રાદેશિક સમિતિના સભ્યો માટે યોજવામાં આવી હતી. એમાં અભિયાનની સિદ્ધિઓ અને તેની સામેના પડકારો વિશે અને અભિયાનને એક માન્યતા-પ્રાપ્ત સંસ્થા તરીકે વિકસાવવાની વ્યૂહરચના વિશે ચર્ચા થઈ હતી. પાકિસ્તાનથી આવેલા વિસ્થાપિતોને નાગરિકત્વ અપાવવા માટેના પ્રયાસો 'પાક વિસ્થાપિત મંચ' દ્વારા કરવામાં આવી રહ્યા છે. સરકારે ફી ઓછી કરી છે અને ફેબ્રુઆરી-૨૦૦૫ સુધીમાં એક લાખ વિસ્થાપિતોને નાગરિકત્વના અધિકારો આપવાનું નક્કી કર્યું છે. જો કે, તેમણે ત્યાં સુધીમાં તમામ પ્રકારના દસ્તાવેજો એકત્ર કરવાની કાર્યવાહી પૂરી કરવાની રહેશે.

### વિકલાંગો

ગુજરાતમાં જાગૃતિ સર્જનના કાર્યક્રમો દ્વારા નાગરિક સમાજની ભાગીદારી ઊભી કરવા ઉપર ખાસ ભાર મુકાયો હતો. વડોદરા અને સાબરકાંઠામાં હેન્ડિકેપ ઈન્ટરનેશનલ અને સહભાગી સંગઠનો 'યુનાઈટેડ વે ઓફ બરોડા' અને 'નેશનલ એસોસીએશન ફોર ધ બ્લાઈન્ડ'ના સહયોગમાં એક દિવસના બે પરિસંવાદો યોજવામાં આવ્યા હતા. આ પરિસંવાદોનો હેતુ બિન-સરકારી સંગઠનો, વ્યવસાયીઓ, વિદ્વદ્જનો, વિકલાંગતા ધરાવતા લોકો, વિકલાંગોના પુનર્વસન માટે કામ કરતાં સંગઠનો, માધ્યમો અને નિસ્બત ધરાવતા નાગરિકો સાથે સંવાદ ઊભો કરીને વિકલાંગોના અધિકારોને પ્રોત્સાહન આપવાનો હતો. 'ગ્રામ વિકાસ સેવા ટ્રસ્ટ'ના સહયોગમાં સ્વ-સહાય જૂથોના નેતાઓ, પંચાયતોમાં ચૂંટાયેલા પ્રતિનિધિઓ અને આરોગ્ય કાર્યકરો જેવા સામુદાયિક નેતાઓ માટે વિકલાંગોના પ્રશ્નો વિશે એક દિવસના એવા નવ અભિમુખતા કાર્યક્રમો યોજવામાં આવ્યા હતા.

ઉપરાંત, સ્વ-સહાય જૂથોના સભ્યો માટે વિકલાંગ વ્યક્તિ ધારા-૧૯૯૫ વિશે અર્ધા દિવસના એવા છ જાગૃતિ કાર્યક્રમો યોજવામાં આવ્યા હતા. વડોદરામાં 'વિકાસ જ્યોત ટ્રસ્ટ'ના સહયોગમાં મા-બાપો, શિક્ષકો, શાળેય બાળકો તથા વિકલાંગ બાળકો માટે 'સમાવેશી શિક્ષણ' વિશે એક દિવસની એવી બે કાર્યશાળાઓ યોજવામાં આવી હતી. ભુજના 'શ્રી યુવા વિકલાંગ મંડળ'ના સહયોગમાં 'વિકલાંગતા અને જીવનનિર્વાહ' વિશે એક કાર્યશાળા યોજવામાં આવી હતી. જીવનનિર્વાહ માટે વિકલાંગોને નડતી સમસ્યાઓ અને પડકારો વિશે આ નેટવર્કનાં સભ્ય સંગઠનોની ત્રમતા વધારવા અને અન્ય વિકાસલક્ષી સંગઠનોની સંવેદનશીલતા ઊભી કરવા માટે તે કાર્યશાળા યોજવામાં આવી હતી.

'વિશ્વ વિકલાંગતા દિન' નિમિત્તે ત્રીજી ડિસેમ્બરે ગુજરાતીમાં ચાર અને હિંદીમાં એક પોસ્ટરનો સેટ છાપવામાં આવ્યો હતો અને વિવિધ સહભાગી સંસ્થાઓ દ્વારા તેનું વિતરણ કરવામાં આવ્યું હતું. મુખ્ય વિકલાંગ કમિશનરની કચેરીની સમાવેશી શિક્ષણ અને વિકલાંગોની રોજગારી વિશેની બે ફિલ્મો સ્થાનિક સંદર્ભમાં ગુજરાતીમાં તૈયાર કરાઈ હતી.

તમામ જાહેર મકાનો વિકલાંગો માટે સુલભ બને તે માટે 'સુલભતા સંસાધન જૂથ'નાં સભ્યો 'વાસ્તુ શિલ્પ ફાઉન્ડેશન', 'એચસીપી ડિઝાઈન એન્ડ પ્રોજેક્ટ મેનેજમેન્ટ પ્રા.લિ.', 'માઈન્ડ્સ આઈ ડિઝાઈન', ઈપીસી, 'ઉન્નતિ' અને 'હેન્ડિકેપ ઈન્ટરનેશનલ' દ્વારા 'અવરોધમુક્ત પર્યાવરણ માટેનું ડિઝાઈન મેન્યુઅલ' તૈયાર કરાયું અને પ્રકાશિત કરાયું. અમદાવાદમાં તેના વિમોચન માટે એક કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. ઈન્ટરેક્ટિવ સીડી સ્વરૂપે પણ આ મેન્યુઅલ પ્રાપ્ય છે.

### ભૂકંપગ્રસ્તોનું પુનર્વસન

ગુજરાતમાં કચ્છમાં ભચાઉ નગરમાં અને નગરની આસપાસ ૫૦૦ મહિલાઓનાં ૧૮ સ્વ-સહાય જૂથોને પ્રોત્સાહન અપાઈ રહ્યું છે. જીવનનિર્વાહ માટે ટેકો પૂરો પાડવા માટે ૨૦૦ મહિલા કારીગરોને દર મહિને ડિઝાઈન, સીવણકામ, ગુણવત્તા નિયંત્રણ, ભાવ નિર્ધારણ અને ગ્રાહકો સુધી વસ્તુઓ પહોંચાડવા અંગે વેતન રોજગારી સાથે તાલીમ આપવામાં આવે છે. ત્રણ પ્રદર્શનો દ્વારા એમની વસ્તુઓનું વેચાણ કરવામાં આવ્યું હતું. તૈયાર વસ્ત્રોના કેટલાક નમૂના પણ તૈયાર કરવામાં આવ્યા હતા. નિવાસ માટેનો ટેકો પૂરો પાડવા માટે આ જૂથોમાંથી ૩૦ પરિવારોને પસંદ કરવામાં આવ્યાં હતાં.

## (૨) નાગરિક નેતૃત્વ અને શાસન

### ગ્રામીણ શાસન

ગુજરાતમાં ઓક્ટોબર-૨૦૦૪ દરમ્યાન ગ્રામીણ મહિલા દિન ઊજવવા માટે અમદાવાદ અને સાબરકાંઠા જિલ્લામાં નવ તાલુકામાં ૨૧ મહિલા સંમેલનો બોલાવવામાં આવ્યાં હતા. તેમાં ૭૭ ચુંટાયેલા પ્રતિનિધિઓ, સ્વ-સહાય જૂથોના સભ્યો, આંગણવાડી અને આરોગ્ય કાર્યકરોએ ભાગ લીધો હતો. સાબરકાંઠા જિલ્લામાં નાગરિક નેતાઓ માટે બીજા તબક્કાની તાલીમ યોજાઈ હતી. તેમાં ૩૫ જણાએ ભાગ લીધો હતો. સામાજિક ન્યાય સમિતિઓના ૧૫૦ સભ્યોને પંચાયતી રાજ દ્વારા અને તેમની ભૂમિકાઓ તથા જવાબદારીઓ વિશે અભિમુખ કરાયા હતા. 'સેન્ટર ફોર એન્વાયર્ન્મેન્ટ એજ્યુકેશન' દ્વારા આયોજિત બે દિવસની રાજ્ય સ્તરીય વિમર્શ સભા માટે અને 'જીવન દર્શન' અને 'સેતુ' (અભિયાન, કચ્છ)ના કાર્યકરો માટે તાલીમ દ્વારા ક્ષમતા વર્ધનનો ટેકો પૂરો પડાયો હતો. આણંદની 'ઈન્સ્ટિટ્યુટ ઓફ રુરલ મેનેજમેન્ટ' (ઈરમા)ની રજત જંયતી પ્રસંગે અમે 'સ્થાનિક લોકશાહીનું મજબૂતીકરણ' વિશે એક અભ્યાસ લેખ રજૂ કર્યો હતો. દેશમાં પંચાયતી રાજની સ્થિતિના આકલન માટે યોજાયેલી ત્રીજી અને ચોથી ગોળમેજી પરિષદ માટે ગુજરાતમાંથી માહિતી એકત્ર કરવામાં આવી હતી.

રાજસ્થાનમાં જાન્યુઆરી-૨૦૦૫ના અંત ભાગમાં પંચાયતોની ત્રીજા દોરની ચૂંટણી યોજાઈ રહી છે. સહભાગી સંગઠનો સાથે મળીને પશ્ચિમ રાજસ્થાનમાં પાંચ જિલ્લામાં અમે 'ચૂંટણી પૂર્વે મતદાતા જાગૃતિ ઝુંબેશ' (પિવેક) હાથ ધરી હતી. પોસ્ટરો અને ઓડિયો કેસેટ્સનું વિતરણ ગામડાંમાં કરવામાં આવ્યું હતું. રેડિયો કાર્યક્રમના ગુજરાતના અનુભવના આધારે ડિસેમ્બરથી એવો જ કાર્યક્રમ જોધપુરથી સાપ્તાહિક ધોરણે પસાર થઈ રહ્યો છે. કાર્યક્રમ પ્રસારિત થાય પછી શ્રોતાઓ ફોન પર સવાલો પૂછે તેવી હેલ્પલાઈનની સગવડ કરાઈ છે. રાજ્ય સરકારે સરકારી યોજનાઓ લોકોને સુલભ બને તે માટેની ઝુંબેશ શરૂ કરી છે. તેથી, સપ્તાહના અમુક દિવસોએ સરકારી અધિકારીઓ પંચાયતોની મુલાકાત લે છે અને લોકો સાથે સીધી જ વાતચીત કરે છે. અમે ૬૦ ગામોમાં આ ઝુંબેશને ટેકો પૂરો પાડ્યો છે.

### શહેરી શાસન

ગુજરાતમાં પાંચ નગરોમાં 'નાગરિક સહયોગ કેન્દ્ર' દ્વારા નાગરિકોના વિવિધ પ્રશ્નોને ઉઠાવાઈ રહ્યા છે. ધોળકા, સાણંદ અને ખેડબ્રહ્માામાં સરકારી યોજનાઓની પ્રાપ્યતા પર દેખરેખ માટે સહભાગી પ્રક્રિયા હાથ ધરાઈ છે. સાબરકાંઠામાં પ્રાંતિજ, ઈડર, મોડાસા, તલોદ અને હિંમતનગર એમ પાંચ નગરોની સેવાઓની સહભાગી દેખરેખની પ્રક્રિયા માટે દરેક નગરમાં બેઠકો યોજવામાં આવી હતી. તેમાં નગરપાલિકા અને ચૂંટાયેલા પ્રતિનિધિઓ સાથે નગરોના પ્રશ્નોની ચર્ચા કરવામાં આવી હતી. ભચાઉ નગરમાં 'ભાડા', જિલ્લાનું વહીવટી તંત્ર અને સ્થાનિક બિન-સરકારી સંગઠનો સાથેના સહયોગમાં ૧૦ દિવસ માટે સલામત ઘરો બાંધવા અને કાયદેસરનું બાંધકામ જમીન પર કરવા માટે એક ઝુંબેશ હાથ ધરવામાં આવી હતી. જે પરિવારો પાસે કાયદેસરની જમીન નથી તેમની સંયુક્ત રીતે મુલાકાત લેવામાં આવી અને ઘરના બાંધકામ કે પુનઃ મજબૂતીકરણ માટે સ્થળ પર જ નિર્ણયો લેવામાં આવ્યા. અંજાર નગરમાં એવાં જ પણ રેશન કાર્ડ ધરાવતાં પરિવારોનું એક સર્વેક્ષણ હાથ ધરાયું. તેમાંથી ૧૧૭ પરિવારો અન્ય સ્થળે જવા માટે તૈયાર થયાં છે.

અંજાર નગર માટે ડિઝાઈન અને નિરીક્ષણ કન્સલ્ટન્ટ 'તાતા કન્સલ્ટિંગ એન્જિનિયરિંગ' (ટીસીઈ) સાથેના સહયોગમાં નગરના માળખાગત વિકાસ માટે એક માહિતી પ્રસાર કાર્યક્રમ યોજવામાં આવ્યો. નાનાં અને મધ્યમ નગરોના નગરસેવકો અને અધિકારીઓના ક્ષમતા વર્ધન માટે 'સિટી મેનેજર્સ એસોસીએશન ગુજરાત' અને 'એન્વાર્ન્મેન્ટલ પ્લાનિંગ કોલાબોરેટિવ' (ઈપીસી)ના સહયોગમાં બીજી કાર્યશાળાનું આયોજન કરવામાં આવ્યું હતું. તે પછી કડી અને બાવળા નગરપાલિકાઓ સાથે વાતચીત શરૂ થઈ છે. ધોળકા નગરમાં

બજેટ બનાવવામાં અને સંસાધનો એકત્ર કરવામાં નાગરિકોની સામેલગીરી માપવા માટે એક સહભાગી અભ્યાસ હાથ ધરાયો હતો. તેનાં તારણો એમ દર્શાવે છે કે એમાં નાગરિકો સામેલ નથી પણ રાજકીય નેતાઓ તેમના હિત અનુસાર પ્રશ્નો ઓળખે છે અને અંદાજપત્રમાં તેમનો સમાવેશ કરે છે.

## (૩) 'ચરખા'ની પ્રવૃત્તિઓ

'ચરખા' દ્વારા ભાવનગરના 'શૈશવ', અમદાવાદના 'સેન્ટર ફોર સોશ્યલ જસ્ટિસ', સુરતના એલએએમઆરસી અને ઝઘડિયાના 'સેવા-રુરલ' સંગઠનો માટે લેખન કૌશલ્યની તાલીમ આપવામાં આવી હતી. આ ત્રણ માસના ગાળા દરમ્યાન વિવિધ વિકાસલક્ષી મુદ્દાઓ વિશે કુલ ૧૧ લેખો કર્મશીલો દ્વારા તૈયાર થયા હતા અને તે પાંચ અખબારોમાં પ્રકાશિત થયા હતા. દર વર્ષની જેમ આ વર્ષે પણ 'જમીનની માલિકી અને મહિલાઓ' તથા 'આદિવાસી અને સ્થાનિક સ્વશાસન' વિશે કર્મશીલો માટે લેખન સ્પર્ધા યોજવામાં આવી હતી. આ સ્પર્ધામાં રાજ્યના કર્મશીલો તરફથી ૧૬૭ લેખો મળ્યા હતાં. ઉપરાંત ગુજરાત યુનિવર્સિટી, ગુજરાત વિદ્યાપીઠ અને સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના ચાર વિદ્યાર્થીઓને વિકાસલક્ષી મુદ્દાઓના લેખન માટે ફેલોશિપ આપવામાં આવી હતી. 'ચરખા' દ્વારા જુલાઈ-૨૦૦૪થી 'વિકાસ ગોષ્ઠિ' ચલાવાય છે. દર માસના પ્રથમ શુક્રવારે સવારે ૧૧-૩૦ વાગ્યે વિવિધ વિકાસલક્ષી પ્રશ્નો વિશે વિવિધ બિન-સરકારી સંગઠનોના નેતાઓ પત્રકારો સાથે વાતચીત કરે છે. તેમાં સરેરાશ ૧૦-૧૨ પત્રકારો હાજર રહેતા હોય છે. આ ત્રણ માસ દરમ્યાન ગ્રામીણ મહિલાઓ, બાંધકામ મજૂરો અને ગુજરાતના આદિવાસીઓની સમસ્યાઓ અને તેમના ઉકેલો વિશે પત્રકારોને અભિમુખ કરાયા હતા.

उन्नति

**ઉન્નતિ**

**વિકાસ શિક્ષણ સંગઠન**

જી-૧, ૨૦૦, આઝાદ સોસાયટી, અમદાવાદ-૩૮૦ ૦૧૫.

ફોન: ૨૬૭૪૬૧૪૫, ૨૬૭૩૩૨૯૬ ફેક્સ: ૨૬૭૪૩૭૫૨. ઈ-મેલ: unnatiad1@sancharnet.in

ક્ષેત્રીય કાર્યાલય: જી-૫૫, શાસ્ત્રીનગર, જોધપુર-૩૪૨ ૦૦૩, રાજસ્થાન.

ફોન/ફેક્સ: ૦૨૯૧-૨૬૪૩૨૪૮ ફોન: ૦૨૯૧-૨૬૪૨૧૮૫, ઈ-મેલ: unnati@datainfosys.net

ડિઝાઈન : રમેશ પટેલ, 'ઉન્નતિ'.

મુદ્રણ: બંસીધર ઓફસેટ, અમદાવાદ. ફોન: ૦૭૯-૫૫૬૧૨૯૬૭

આપ લોકશિક્ષણ કે તાલીમ માટે વિચારમાં પ્રકાશિત સામગ્રીનો સહર્ષ ઉપયોગ કરી શકો છો. ઉપયોગ કરનારને વિનંતી કે આ સ્રોતનો ઉલ્લેખ કરવાનું ના ભૂલે તથા પોતાના ઉપયોગથી અમને માહિતગાર કરે કે જેથી અમે પણ કંઈક શીખી શકીએ.